આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૧
સળંગ અંક : ૯૪૮
એપ્રિલ - ૨૦૧૯






1



4



2



5



3



6




7



8



9

**સરસ્વતી વિદ્યામંડળ**ની શાળાઓની પરંપરા પ્રમાણે ધો. ૧૨ના વિદ્યાર્થીઓને શાળા તરફથી વિનીત વિદાય સમારંભ ૨૧,૨૨,૨૭ ફેબ્રુઆરીના રોજ ઉજવાઈ ગયો. **(૧,૨,૩) શેઠ અ.હ.સરસ્વતી વિદ્યાલય**માં મહેમાન તરીકે **ડો. કમલેશભાઈ પટેલ** (સારસ્વત, સંયોજક, મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ), **(૪,૫,૬) જે. એન. બાલિકા વિદ્યાલય**માં મહેમાન તરીકે **શ્રી કલ્પનાબેન દૂધિયા** (પૂર્વ આચાર્યા, જે.એન.બાલિકા વિદ્યાલય) **(૭,૮,૯) અસારવા વિદ્યાલય**માં મહેમાન તરીકે **શ્રી ચંદ્રવદનભાઈ વ્યાસ** (સારસ્વત, ઉપાધ્યક્ષ - વનિતા વિશ્રામ) પધાર્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને કારકિર્દી માટે મહત્ત્વની માહિતી આપી તથા પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવી હતી.



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૪૮ એપ્રિલ - ૨૦૧૯



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


મારી શૈક્ષણિક વિભાવનાઓ — ડૉ. મોહનભાઈ પંચાલ / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૬

આધુનિકતા તરફ શાળાની ગતિ — અમીતાબહેન પાલખીવાલા / ૧૩

ભણતરનો ભ્રમ — ડૉ. ઊર્મિલાબહેન શાહ/ ૧૬

વસંત વધામણા — દિલીપ દવે/ ૧૭

કથળેલા સામાજિક સંબંધો — રણછોડ શાહ / ૧૮

ચકીરાણીની ચિંતા — હરિત પંડ્યા / ૨૧

૬ દાયકા પહેલાં ભણેલ વિદ્યાર્થિનીઓએ માતૃશાળામાં ફરી વિદ્યાર્થીનો અનુભવ કર્યો : જે.એન.બાલિકા રીયૂનિઅન — મનીષ પટેલ / ૨૨

ગાંધીજીની દોઢ સદી - ૨૦૧૯ જહોન રસ્કિન અને અર્થચિંતન — હીરજીભાઈ નાકરાણી / ૨૪

કસ્તુરબા ગાંધી — ભરત ‘કુમાર’ પ્રા. ઠાકર / ૩૧

ડૉ. આંબેડકર : સંઘર્ષમય અને કઠોર પરિશ્રમ દ્વારા માનવમૂલ્યોની કેળવણી — પ્રવીણ કે. મકવાણા / ૩૪

ભણતરમાં ભાર — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા / ૩૭

દીક્ષાન્ત પ્રવચન — ચંદ્રવદન સનતકુમાર વ્યાસ / ૪૦

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧



કાર્યાલય

“ઘરશાળા” શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

ડૉ. મોહનભાઈ પંચાલ
મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી,
સહજાનંદ કૉલેજ પાછળ,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.



## શિક્ષણ દ્વારા વર્તનપરિવર્તન

કેળવણીકારો અને અન્ય ચિંતકો થકી પ્રબોધાયેલા શિક્ષણના હેતુઓ જુદાજુદા હોવાના. તેમાંનો એક મુખ્ય જ્ઞાનપ્રાપ્તિ અંગેનો અને બીજો આજીવિકા માટે ક્ષમતા કેળવવા અંગેનો છે. આ બંને શિક્ષણના હેતુઓ ઉપયોગિતાવાદના સૂચક છે.

જ્ઞાન ખાતર જ્ઞાન મેળવવાનો ઝાઝો અર્થ રહેતો નથી, પણ જે જ્ઞાન, માહિતી, જાણકારી વ્યક્તિના જીવનમાં એક યા બીજી રીતે કામ આવે અને તેના પરિણામે જીવન અધિક સરળ, સારું અને સફળ બને, તે સાચું ને સાર્થક જ્ઞાન કહેવાય.

જ્ઞાન એકલું, ભલે અગાધ અને અદ્‌ભુત હોય, વ્યક્તિના જીવનમાં ઉપયોગી નીવડતું નથી. જ્ઞાન અત્યાધિક હોય યા અલ્પ અને અધૂરું હોય તો તે સંભવતઃ તેના ધારકને ભારરૂપ કે જોખમરૂપ બની રહે છે. જ્ઞાનને અર્થપૂર્ણ અને ઉપયોગી બનાવવા માટે તેને કૌશલ્યલક્ષી (skilloriented) ઘાટ આપવો ઘટે. જ્ઞાન સાથે, તેનો જીવનની વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કેટલાક કૌશલ્યો પણ વિકસાવવાં જોઈએ.

આમ, જ્ઞાન અને કૌશલ્યોનો સંયુક્ત વિનિયોગ કરીને જીવનની મૂંઝવણો અને સમસ્યાઓનો ઉકેલ કરવાની ક્ષમતા (application competency) વિકસે એ પણ શિક્ષણનો એક અગત્યનો હેતુ છે. તદ્‌ઉપરાંત, વ્યક્તિની વિચારપ્રક્રિયાને સક્રિય કરવી; તેની પ્રત્યાયન ક્ષમતા અને અભિવ્યક્તિ વિકસાવવી; સંવેદનશીલતા, અનુકૂલન, સામાજિકતા, સહકારભાવના તથા કેટલાક પાયાનાં માનવમૂલ્યોનો વિકાસ સાધવો, ઈત્યાદિ હેતુઓ શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવે છે.

ઉપરોક્ત હેતુઓની સિદ્ધિ થકી શિક્ષણ વ્યક્તિના જીવનમાં અનોખું વર્તનપરિવર્તન આણે છે એટલે શિક્ષણનો એક વિશાળ હેતુ 'વર્તનપરિવર્તન' (behavioural change) લાવવાનો છે !


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

## સ્વરાજ્ય - સુરાજ્ય અન લોકતંત્ર

**લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણી/મતદાન એ ઉત્સવ છે. વિચારો અને અભિપ્રાયને વ્યક્ત કરવાનો અવસર છે. સમગ્ર દેશમાં ચૂંટણીનું વાતાવરણ છે. રાજકીય પક્ષો અને નેતાઓ ચૂંટણી સમયે શાલીનતા, શિષ્ટાચાર અને સભ્યતા ભૂલી ગયા છે. નિમ્નકક્ષાની ભાષા-આક્ષેપો અને પ્રતિ આક્ષેપોથી સમગ્ર વાતાવરણ કલુષિત થયું છે. પ્રસાર માધ્યમો ખાસ કરીને ટી.વી. ચેનલોએ ચૂંટણીને લોકરંજન અને ટીઆરપીનું સાધન બનાવ્યું છે. જાગૃત અને સમજદાર નાગરિકો વ્યથિત છે ત્યારે આદરણીયશ્રી પંડિત સુખલાલજીના વિચારો અને ચિંતન ઘરશાળાના વાચકોને પ્રેરણાદાયી બની રહેશે. - તંત્રી**

સ્વરાજ્ય અને સુરાજ્ય એક નથી એ કહેવાની જરૂર હોય જ નહિ. જો એક હોય તો કોઈને ફરિયાદનું કારણ રહે જ નહિ. સ્વરાજ્યના સાતમે વર્ષે પહોંચવા છતાં દેશમાં જ્યાં દેખો ત્યાં ફરિયાદ જ મુખ્યપણે સંભળાય છે. ફરિયાદ માત્ર પ્રજાની જ નહિ, પ્રજાસેવકની પણ છે, અમલદારોની પણ છે, અને રાજ્યધુરાવાહકોની પણ છે. ફરિયાદો બધી સાચી જ અને સાધાર હોય છે એમ તો નહિ જ, છતાં એ બધી વાત જૂઠી અને નિરાધાર હોય છે એમ માની લેવું એ પણ એવી જ ભૂલ છે. ફરિયાદો સાંભળવી, તેનાં કારણોની શોધ કરવી, તેમાં યથાર્થતા કેટલી છે તે તપાસવું અને જો ફરિયાદનાં કારણો હોય તો તેને જલદીમાં જલદી નિવારવાં એ જીવતીજાગતી અને સુરાજ્યની અભિલાષા સેવતી જનતા તેમજ લોકશાહી સરકારનું અનિવાર્ય કર્તવ્ય છે. **સ્વરાજ્ય એ તો આ કર્તવ્ય બજાવવાની ભૂમિકા પૂરી પાડે છે. બધી જાતની ફરિયાદોના હેવાલો ઉપરથી તેમજ એને નિવારવાના પ્રયત્નમાં દેખાતી મંદગતિ ઉપરથી એટલું તો નિર્વિવાદ કહી શકાય કે હજી સ્વરાજ્ય સુરાજ્યમાં પરિણમ્યું નથી.**

સુરાજ્ય નથી એનો અર્થ તે કુરાજ્ય જ છે અગર તો અરાજ્ય યા અરાજકતા છે એવો નથી થતો. એટલું તો કબૂલ કરવું જોઈએ કે સ્વરાજ્ય પ્રાપ્ત થયા પછીનાં છ વર્ષો એળે નથી ગયાં. દેશ વિશાળ છે. લોકો અનેક સૈકાઓની વહેમ તેમજ ભ્રમણાજાળથી ગ્રસ્ત છે. લોકોના હાડોહાડમાં અકર્મણ્યતા, આળસવૃત્તિ, બીજાઓ ઉપર આધાર રાખી સંતોષ માનવાની વૃત્તિ અને એ બધા ઉપર ધાર્મિકતાની પડેલી છાપ એ બધું જોતાં કોઈ પણ સરકાર એકાએક ધાર્યો ફેરફાર કરી કે કરાવી શકે નહિ, તેમ છતાં મળેલું સ્વરાજ્ય સુરાજ્યની આગાહી તો આપે જ છે. એની દિશા સુરાજ્યની છે. તેનો મુખ્ય પુરાવો લોકશાહી છે.

લોકો પોતે જ પોતાના પ્રતિનિધિઓ ચૂંટે અને તે પ્રતિનિધિઓ લોકહિત અર્થે જ બધું વિચારે અને કરે તે સુરાજ્યની દિશા છે. પણ દિશા હોવી તે એક વાત અને તે દિશામાં ત્વરિત ગતિએ સાચું પ્રયાણ કરવું એ બીજી વાત છે. **ઉંમરલાયક સ્ત્રીપુરુષો મત આપે, પણ તે મતદાન પાછળ પૂરી સમજણ, વિવેક અને નિર્ભયતા ન હોય તો એ મતદાન પોકળ જેવું સાબિત થાય. ચૂંટાયેલા પ્રતિનિધિઓ ચૂંટાયા પછી સંપૂર્ણપણે લોકહિતના પ્રશ્નમાં જાગતા ન રહે, તે માટે પ્રયત્નશીલ ન રહે, તો એ પણ એક નાટક ભજવવા જેવું જ થાય.** રાજ્યધુરાવાહકો પોતાની સત્તાના જ ગુલામ થઈ જાય અને લોકસંપર્કથી વેગળા પડી પોતાને કોઈ જુદા વર્ગના જ માનવા જેટલું ગુમાન સેવે તો એ પણ લોકશાહીની મશ્કરી જ છે. **આપણું સ્વરાજ્ય લોકશાહી ઉપર ચાલે છે એ ખરું, પણ સુરાજ્ય માટે લોકશાહીના અંગેઅંગમાં જે બળ, જે તાજગી, અને જે સ્ફૂર્તિ જોઈએ તે નથી. એટલે સુરાજ્યની દિશામાં હોવા છતાં દેશ આગળ વધી શકતો નથી, સુરાજ્યનું સુખ અનુભવી શકતો નથી.**

પંડિત સુખલાલજી ● પ્રસ્થાન ૧૯૫૩માંથી સાભાર

જશીબહેન નાયક

મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.



# એક નવો પ્રયોગ - વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ ઘડે છે !

Teaching without Textbook

દિલ્હીમાં NCERT કેળવણીમાં થતા પ્રયોગોની એક સરકાર દ્વારા ચાલતી સંસ્થા છે અને ભારતવર્ષમાં જ્યાં જ્યાં નવા પ્રયોગો થતાં હોય એ પ્રયોગોને આ સંસ્થા અપનાવતી અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવાના પ્રયોગો કરતી.

અમદાવાદની એ.જી. ટીચર્સ કૉલેજ ઘણી પ્રગતિશીલ કૉલેજ તે વખતે ગણાતી. એ વખતે એ.જી. ટીચર્સ કૉલેજના કાર્યકરોમાં સ્વ. શ્રી પ્રિ.લાલભાઈ દેસાઈ, એમના સહકાર્યકરો આર. એસ. ત્રિવેદી, રવીન્દ્ર દવે તેમજ ડૉ. કે. જી. દેસાઈ વગેરે હતા. આ પ્રગતિશીલ કાર્યકરો લાલભાઈના નેતૃત્વ નીચે અનેક પ્રયોગો કરતા. પરિણામે NCERTના અધિકારીઓને અને બીજા કેળવણીકારોને અમદાવાદ આવવાનું વારંવાર બનતું.

સરસ્વતી વિદ્યાલયમાં ચાલતા નાના-મોટા પ્રયોગો, પ્રદર્શનો, ઈતર પ્રવૃત્તિઓ, પ્રવાસો વગેરે શ્રી લાલભાઈના ધ્યાન બહાર ન હતા. સરસ્વતીના આવા વિવિધ કાર્યક્રમો જોઈને જ્યારે જ્યારે દિલ્હીથી એ કેળવણીકારો આવતા ત્યારે તેમને સરસ્વતીમાં લઈ આવતા. આમ એ.જી. ટીચર્સ કૉલેજ સાથેનો સંપર્ક, સરસ્વતી અને અસારવા વિદ્યાલયનો સંપર્ક સતત રહેતો હતો.

એક દિવસ અચાનક શ્રી લાલભાઈને મળવાનું થયું અને અમારી સંસ્થામાં ચાલતા અનેક પ્રયોગોમાં એક પ્રયોગ કરવા માટે તેમને વિનંતી કરી. શ્રી એલ. આર. દેસાઈએ રઘુભાઈને કહ્યું, “શિક્ષણના પ્રયોગોમાં જે દૃષ્ટિ અને સમજણ તમારી સંસ્થામાં દેખાય છે તેનાથી એક વિનંતી કરવાનું મન થાય છે કે અમારી કૉલેજના સહકાર સાથે તમારી બંને સંસ્થામાં એક પ્રયોગ કરીએ તો ? એ પ્રયોગ એવી રીતે કરીએ કે શાળાના વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક વિના અભ્યાસ કરે,”

It will be an experiment in teaching Teaching without Textbooks. વિદ્યાર્થીઓ જ પોતાનો અભ્યાસક્રમ બનાવે અને એ અભ્યાસક્રમ માટે પોતે જ પુસ્તકો શોધી લાવે અને તેમાંથી ટૉપિક તૈયાર કરે. રઘુભાઈ અને હું, અમે બંને પ્રયોગોના શોખીન એટલે એમની વાત અમે સહર્ષ સ્વીકારી લીધી. સ્વ. એલ. આર. દેસાઈ અને રઘુભાઈએ બેસીને આ યોજના તૈયાર કરી.

ત્યારપછી સરસ્વતીમાં સમાજવિદ્યાના વિષયને આ પ્રયોગ માટે પસંદ કરવામાં આવ્યો અને અસારવા વિદ્યાલયમાં જનરલ સાયન્સને પ્રયોગ તરીકે લેવાનો નિર્ણય કર્યો.

આ પ્રયોગ માટે અમે આઠમી શ્રેણીને પસંદ કરી. સરસ્વતી વિદ્યાલયમાં શ્રી રઘુભાઈ અને વિઠ્ઠલભાઈએ આ કામ હાથમાં લીધું અને અસારવા વિદ્યાલયમાં શ્રી ઝરીફખાન પઠાણ અને મેં (જશીબહેન) આ જવાબદારી સંભાળી લીધી. અમે પ્રયોગવર્ગો માટે જરૂરી જવાબદારી સંભાળી લીધી. અને સ્પેશિયલ ફર્નિચર કરાવ્યું જેથી વર્ગને બદલે એ ફર્નિચરમાં ત્રણ-ચાર ગ્રૂપ પણ બેસી શકે. અસારવા વિદ્યાલયના કમ્પાઉન્ડમાં ચાર-પાંચ સરસ મજાનાં લીમડાનાં વૃક્ષો હતાં. આઠમી શ્રેણીના વિદ્યાર્થીઓ આ લીમડા નીચે ફર્નિચર ગોઠવી દેતા.

તેઓ કહેતા, “આ સરસ મજાના ઝાડ નીચે વર્ગ બનાવીએ તો કેવું !” વિદ્યાર્થીઓના આ સૂચનથી મને ખૂબ આનંદ થયો. મેં કહ્યું, “વર્ગની બહાર ખુલ્લા આકાશની નીચે લીમડાની શીળી છાયામાં અને મંદ મંદ હવા આવતી હોય તેવા વાતાવરણમાં કદાચ આપણો પ્રયોગ વધારે સફળ થાય, “પણ ભાઈ રજની, આ



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ફર્નિચરની જવાબદારી કોણ લેશે ?'' રજનીએ તરત જ કહ્યું કે, ''એ જવાબદારી અમારી, બહેન. વર્ગમાં પણ અમે આ નવું ફર્નિચર જુદી જુદી રીતે ગોઠવીને જ ગ્રૂપમાં બેસીએ છીએ.'' તમે જવાબદારી લેતા હો તો તમે જ્યારે ઇચ્છો ત્યારે તમને તેમ કરવાની મારા તરફથી છૂટ છે.''

આઠમીના વર્ગના વિદ્યાર્થીઓએ બે ઘટાદાર વૃક્ષો નીચે ફર્નિચર ગોઠવીને મને બોલાવી, એ હતો પ્રથમ દિવસ. ''ચાલો ત્યારે આ જનરલ સાયન્સના આઠમીના વર્ગમાં તમે વિજ્ઞાનનો કયો મુદ્દો પસંદ કરવા માગો છો ?'' અને બાળકોના મોં ઉપર આનંદની લહેર હું જોઈ શકતી હતી. એક પછી એક હાથ ઊંચાં થવા લાગ્યા. ઘણા વિદ્યાર્થીઓએ નાના-મોટા અનેક મુદ્દાઓ આપ્યા. આખરે એક કલાકની વિચારણા પછી માનવ શરીરના અભ્યાસના મુદ્દા પર અભ્યાસ કરવાનું સૌએ ઠરાવ્યું. ''બહુ સરસ વિષય છે આપણે આપણા શરીર-જીવન વિશે અભ્યાસ કરીશું.'' એ તો ખૂબ સારું કહેવાય. તમે સારો મુદ્દો પસંદ કર્યો. હવે તમે કહો કે આપણા શરીરનો શો અભ્યાસ આપણે કરવો પડશે ? થોડીવાર વર્ગમાં શાંતિ પ્રસરી રહી. પછી સુહાસિની બોલી, ''બહેન, આપણે ખાઈએ છીએ તેમાં સારો ખોરાક, વગેરે વિશે જાણવું જોઈએ. પાચનક્રિયા વિશે આપણે અભ્યાસ કરીએ.'' પાચનક્રિયાનો મુદ્દો નક્કી થયો. મોહને કહ્યું, ''આપણે શ્વાસ લઈએ છીએ તે પણ અગત્યનું જ કહેવાય ને ?'' મેં તરત જ 'હા' પાડી. શ્વાસની સાથે આપણા શરીરમાં લોહીનું ભ્રમણ થતું હોય છે એ પણ આપણે શીખવું પડશે ને ? આપણે દુનિયાને શાનાથી જોઈ શકીએ છીએ ? મોહને જવાબ આપ્યો, ''આંખથી'' આંખોની રચના અને તેની સાચવણી વિશે પણ આપણે જરૂર શીખવું પડશે. આ વાતની સાથે જ બાળકોએ કાન, નાક અને સ્નાયુઓ, વાળ વગેરે મુદ્દાઓ ભણવાનો પણ સૌએ નિર્ધાર કર્યો. આમ આખા શરીરની રચના બાળકો જાતે બોલી ગયા. મારી પાસે બેઠેલા વિજ્ઞાનના શિક્ષક ઝરીફખાન પઠાણ ખૂબ ખુશ થયા. તેઓ ઊભા થઈને બોલ્યા, ''વિદ્યાર્થી મિત્રો, આ બધા મુદ્દાનાં પુસ્તકો તમે લાઈબ્રેરીમાંથી અને અન્ય સ્થળેથી એકઠાં કરો. હું તમારી સાથે આવીશ.'' આઠમી શ્રેણીને શાળામાં ત્રણ દિવસ માટે બીજા વિષયોનું શિક્ષણ બંધ રાખવાનું નક્કી થયું. ઝરીફખાનને પણ બીજા કાર્યમાંથી છૂટા કર્યા. તેઓ વર્ગની સાથે પુસ્તકોની શોધમાં બાળકોને મદદ કરવા નીકળી પડ્યા. ચોથે દિવસે આ વર્ગનાં પાંચ ગ્રૂપ પુસ્તકોના થોકડા લઈને શાળામાં હાજર થયાં, દરેક ગ્રૂપે જુદા જુદા મુદ્દા પસંદ કરી લીધા અને આમ અમારો પ્રયોગ શરૂ થયો.

એક દિવસે બાળકો પોતાના નક્કી કરેલા મુદ્દાનો અભ્યાસ કરવામાં મશગુલ હતાં. એવામાં એ. જી. ટીચર્સ કૉલેજના શ્રી લાલભાઈ (એલ.આર. દેસાઈ) તેમના સ્ટાફ સાથે અમારી શાળામાં આવી પહોંચ્યા. વિદ્યાર્થીઓને આ રીતે અભ્યાસ કરતા જોઈને તેઓ આશ્ચર્ય પામી ગયા. તેઓ ખૂબ ખુશ થયા.

તેઓ બોલ્યા, ''જશીબહેન, અમારી કલ્પનામાં આ પ્રયોગ હતો એવી જ રીતે તમારું કામ ચાલે છે. એથી અમને લાગે છે કે પ્રયોગ કરવાના, કેળવણીના આ પ્રયોગને તમે અને તમારા વિદ્યાર્થીઓ બરાબર સમજી શક્યાં છો.'' આમ આ સમગ્ર કાર્યપ્રણાલિકા જોઈ તેઓ ખુશ થયા. તેઓ દર મહિને મુલાકાત લેવા આવતા અને પ્રયોગને આ રીતે આગળ વધતો જોઈને ખુશ થતા. દર ત્રણ મહિને ગ્રૂપ પોતાના મુદ્દાનો અભ્યાસ પૂર્ણ કરી અહેવાલ તૈયાર કરતું અને પછી બીજો મુદ્દો લઈ લેતું.

આમ બધા મુદ્દાનો અભ્યાસ વર્ષને અંતે પૂર્ણ થયો. વર્ષાન્તે બધાં ગ્રૂપે બધા મુદ્દાને સમાવી લીધા. બધાં ગ્રૂપના અહેવાલોમાં વિદ્યાર્થીઓએ સારી રીતે કામ કર્યું હતું તેની સાક્ષી પૂરતા હતા. વર્ષના અંતે એક સુંદર પ્રદર્શન અભ્યાસક્રમની ફાઈલો સાથે ગોઠવ્યું. વિદ્યાર્થીઓના મનમાં બોલવામાં અરસ-પરસ તેમજ શિક્ષક સાથેની વાતમાં ખૂબ સમજણ આવી છે એ અમે સૌ જોઈ શકતા હતા. વર્ષના છેલ્લા દિવસે આ આખો પ્રોજેક્ટ શ્રેણી ૮ (આઠ)ના વર્ગ માટે એક પ્રયોગશાળા બની ગઈ હતી. પ્રોજેક્ટનું બધું જ મટિરિયલ્સ અમે એ. જી. ટીચર્સમાં આપવાની તૈયારી બતાવી. તેથી બી.એડ્. કૉલેજના વિદ્યાર્થીઓને શીખવવામાં આ મટિરિયલ્સ તેઓ લઈ ગયા. તેમણે આ

સાહિત્યને તેમની લાઈબ્રેરીમાં ગોઠવ્યું. વર્ષ પૂરું થવા આવ્યું હતું. એ. જી. ટીચર્સ કોલેજ તરફથી આજે શાળામાં કાર્યક્રમ ગોઠવાયો હતો. આઠમાના વર્ગને અભિનંદન અપાતા હતા. વિજ્ઞાનનાં પુસ્તકોનો સેટ શાળાને ભેટ અપાયો હતો. કેળવણીના કાર્યમાં આ પ્રયોગ એક સરસ પ્રયોગ તરીકે કાયમ રહેશે.

આમ ચારે તરફ આ પ્રયોગના અંતે એક સારા શિક્ષણનો પ્રયોગ જોઈને સૌને આનંદ હતો.

મેં કહ્યું, ''મારા બાળકોને જે મળ્યું છે તે ઉત્તમ શિક્ષણ મળ્યું છે તેમ હું માનું છું.'' વિશાળ વૃક્ષની નીચે બેઠેલા અમે સૌ કાર્યક્રમના અંતે છૂટા પડ્યા. ચારેકોર જ્ઞાનના સ્વરૂપે સરસ્વતી વાતાવરણમાં ફેલાઈ ગઈ હતી.

## અણધાર્યું આમંત્રણ

એ હતી ઉનાળાની રજાઓ. મે મહિનાની એ ગરમીને હસતે મોઢે સહન કરતાં કરતાં ઑફિસનું કામકાજ સવારમાં ચાલતું. અચાનક હિંમતભાઈ ઑફિસમાં પ્રવેશ્યા. બહેન બાર વાગવા આવ્યા છે કામ ક્યારે પૂરું કરવું છે ? બે શિક્ષકો, હેમુભાઈ અને હું નવા વર્ષની સ્મરણિકા તૈયાર કરી રહ્યાં હતાં, 'આ જુઓને સ્મરણિકા આગળ વધી રહી છે એટલે થોડું મોડું થાય તો શું વાંધો ?' હિંમતભાઈ તો ખુશ થયા, 'પણ હિંમતભાઈ ! તમને એક સમાચાર આપું ? આ લત્તામાંથી શહેરની શાળામાં ભણવા જતા કેટલાક વિદ્યાર્થીઓ આપણી શાળામાં દાખલ થવા આવ્યા છે. બોલો ખુશ છો ને ? તો તો આપણી શાળાની પ્રતિષ્ઠા જામવા લાગી ગણાય. પાંચ વર્ષ થવાં આવ્યાં હવે જો આપણી પ્રતિષ્ઠા ન જામે તો આપણે નાપાસ થયા કહેવાઈએ.' એમ હિંમતભાઈ બોલ્યા અને અમે સૌ હસી પડ્યા. ચાલો ત્યારે નવા વિદ્યાર્થીના માનમાં આપણે સૌ ચા પીએ. હિંમતભાઈ કહે હું સરસ્વતીમાં જાઉં છું. રઘુભાઈ નથી એટલે હું ત્યાં જઈ આવું. હિંમતભાઈ ગયા. અમે અમારું કામ આગળ ચલાવ્યું. હિંમતભાઈએ સરસ્વતીમાં પહોંચીને ફોન કર્યો બહેન, દિલ્હીથી એક ભાઈ મળવા આવ્યા છે. તે વાત કરવા માંગે છે. મેં ફોન ઉપર વાત કરી. તેઓ મૂળશંકરભાઈ હતા. મેં પૂછ્યું, 'અચાનક શું કામ પડ્યું મૂળશંકરભાઈ ?' કેમ આવવાનું થયું ?' સામેથી જવાબ આવ્યો, 'હું ભાવનગરથી આવું છું, હરભાઈને મળ્યો છું. દિલ્હીથી ભાવનગર ગયો હતો અને હવે અહીંથી દિલ્હી જવાનો છું. રઘુભાઈ નથી તો આપણે મળી શકીએ ?' જરૂર મેં તેમને હા પાડી. મેં તેમને અસારવા આવવા માટે કહ્યું. હિંમતભાઈ મૂળશંકરભાઈની ગાડીમાં અસારવા આવી પહોંચ્યા, ગાડીમાંથી ઊતરતાં મૂળશંકરભાઈ કહે, 'આપણે ઘણાં લાંબા સમય પછી મળીએ છીએ. આપણી ઓળખાણ ઘણી જૂની છે. તમારી સ્કૂલ જોવા આવ્યો છું.'' મેં કહ્યું, 'ચલથાણમાં અમે એક પ્રાથમિક શાળા શરૂ કરવાનું કહ્યું છે તેથી તેની વ્યવસ્થા કરવા રઘુભાઈને ત્યાં જવું પડે છે. તેઓ ત્યાં ગયા છે અને તેમને પાછા આવતા હજી બે-ત્રણ દિવસ તો જરૂર થશે.' હિંમતભાઈ કહે, 'આ શાળા એ સરસ્વતી જ છે એમ માનો.' પછી અમે આખી શાળાનાં મકાનનો રાઉન્ડ લેવાનું શરૂ કર્યું અને રાઉન્ડ લેતાં લેતાં અમારી સ્મરણિકા બતાવી. ભીંતો ઉપર લગાડેલી પત્રિકાઓ જે વિદ્યાર્થીઓએ બનાવી હતી તે પણ બતાવી. મોટા બે વિશાળ લીમડાઓની વચ્ચે અમે રોજ પ્રાર્થના કરીએ છીએ તે બતાવ્યું. આમ શાળાનું કામકાજ અને વિદ્યાર્થીઓની ભીંતપત્રિકા જોઈને શ્રી મૂળશંકરભાઈ ખૂબ ખુશ થઈ ગયા. આ વાતની સાથે સાથે શિક્ષકો સાથેનો અઠવાડિક અહેવાલ પણ તેમને વંચાવ્યો. વચ્ચે વચ્ચે શ્રી હિંમતભાઈ કહેતા કે તમે આ સરસ્વતી વિદ્યાલય જ જૂઓ છો એમ માનજો. આમ શાળાની દરેક પદ્ધતિની વાત કરતા અમે એક વિશિષ્ટ રૂમમાં પહોંચ્યા જ્યાં અમારો એક પ્રયોગ ચાલતો હતો. તે એમણે જોયો. ત્યાં પાઠ્યપુસ્તકો, ફર્નિચર વગેરે રેગ્યુલર ક્લાસ કરતા જુદા પ્રકારનું હતું. મેં કહ્યું કે, શ્રી મૂળશંકરભાઈ, દિલ્હી ચાલતી NCERT દ્વારા આ પ્રોજેક્ટ અહીંયાની બી.એડ્. કૉલેજને મળ્યો છે અને એણે અમારી શાળાને પ્રયોગ તરીકે સ્વીકાર્યો છે. દિલ્હીના ઑફિસરો અમારો આ પ્રયોગ જોઈ ગયા છે અને આખો અહેવાલ દિલ્હી લઈ ગયા છે.

આમ દોઢેક કલાસ સુધી અમારી શાળા વિશે માહિતી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

મેળવી પછી તેઓ બોલ્યા, 'જશીબહેન, તમારી શાળાની મુલાકાત લેવા હું ખાસ આવ્યો છું. દિલ્હીમાં એક ગુજરાત એજ્યુકેશન સોસાયટીની સ્થાપના થઈ છે તેના પ્રમુખ શ્રી એચ. એમ. સાહેબ છે. બીજા પણ આઈ.જી પટેલ, રાણા વગેરે વિચારશીલ ગુજરાતી લોકોએ ભેગા મળીને આ સ્થાપના કરી છે. દિલ્હીમાં સારી શાળાઓમાં ગુજરાતી બાળકો આગળ આવે એ માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. બીજો અગત્યનો હેતુ એ છે કે જેણે આખા દેશને એક કર્યા એવા સરદાર ભૂલાઈ ગયા છે એટલે સરદાર વલ્લભભાઈ પટેલનું નામ, તેમનું સ્મરણ કાયમ રહે તે માટે એક સંસ્થા શરૂ કરવી. જેથી સરદારનું નામ કાયમ રહે અને એ માટે આ શાળાને એ નામ સાથે જોડવામાં આવ્યું છે. પરંતુ આટલી ઊંચાઈવાળી સંસ્થાની સ્થાપના માટે એટલો જ ઊંચાઈવાળો આચાર્ય જોઈએ. ઘણાં બધા વિચાર પછી શ્રી એચ. એમ. પટેલે શ્રી હરભાઈ સાથે વાત કરી છે. ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિનું સારું મિશ્રણ કરી શકે એવા આચાર્યની અમારે જરૂર છે અને એ માટે શ્રી રઘુભાઈ અમારી નજરમાં આવ્યા છે. એ વાત કરવા જ હું આજે શ્રી રઘુભાઈને મળવા આવ્યો છું.'

મારા મોઢા ઉપરથી હાસ્ય જતું રહ્યું. મનમાં આઘાત અનુભવ્યો. થોડીવાર અમારી વચ્ચે શાંતિ ફેલાઈ ગઈ. શ્રી મૂળશંકરભાઈ ઊભા થયા. તેમણે વિદાય માંગી. તેમને ગાડી પકડવાની હતી. હું એમની સાથે કોઈ જ વાત કરી શકું એવી માનસિક સ્થિતિમાં હતી જ નહિ તેથી મેં માત્ર નમસ્કાર કર્યા. તેઓ બહાર જવા નીકળ્યા. મેં 'આવજો' કહ્યું, હિંમતભાઈ પણ વિચારમાં ડૂબી ગયા હતા. સ્મરણિકાનાં પાનાંઓ હવામાં ઊડી રહ્યાં હતાં. થોડીવાર એવું લાગ્યું, કે આ વાતથી ખુશ થવું કે નારાજ થવું. મારી જાતને હું પૂછવા લાગી. 'શું સરસ્વતીને દિલ્હી લઈ જઈ શકાય ?' પરંતુ તટસ્થતાથી, મનની નિશ્ચિતતાથી આ વાત ઉપર શ્રી રઘુભાઈ જ વિચાર કરી શકે તેમ હતા. ચૌદ વર્ષથી કામ કરતા અસારવા અને સરસપુરની માયા ગજબની હતી. રઘુભાઈ ચલથાણથી પાછા આવ્યા. શ્રી એચ. એમ. પટેલે મોકલેલી વિનંતીને મનમાં જ વિચારવાની હતી. રઘુભાઈના નિર્ણયમાં મને પૂરી શ્રદ્ધા હતી. એ ચોક્કસ સમતોલ મનથી વિચાર કરી શકે એવા હતા. આ વિચારને મેં તેમના પર છોડી દીધો. હિંમતભાઈ પણ મારા જેવી જ માનસિક સ્થિતિમાં હોવા જોઈએ એમ મને લાગ્યું તેમણે કહ્યું, 'એક વ્યક્તિ આ વાત કરી જાય એ વાત ઉપરથી નિર્ણય કરાય જ નહિ. આપણે આ વાત શું છે ? તે અંગે નાનાભાઈ સાથે વાત કરીશું, હમણાં તો સરસ્વતી આગે કદમ સિવાય બીજું વિચારવાની જરૂર નથી.'

શ્રી એચ. એમ. પટેલે એક કાગળ શ્રી હરભાઈ ઉપર લખ્યો. બીજો કાગળ શાંતિલાલ મંગળદાસ ઉપર લખ્યો. બીજા કાગળમાં શ્રી રઘુભાઈને દિલ્હીની શાળામાં સેવા આપવાની માગણી કરી હતી. છેવટે બે વર્ષ માટે આ દંપતીને દિલ્હીમાં મોકલી આપવા અંગે વાત કરી હતી. હરભાઈ સંસ્થાના પ્રમુખ હતા અને શ્રી શાંતિલાલ મંગળદાસ ચેરમૅન હતા. બંનેના ઉપર આવો વિનંતીપત્ર ગયો.

આ પત્રવ્યવહાર ચાલતો હતો એવામાં શ્રી રઘુભાઈના એક વડીલ મિત્ર જે વર્ષોથી દિલ્હીમાં રહેતા હતા તેમનો પત્ર રઘુભાઈ ઉપર આવ્યો. રઘુભાઈએ આ તેમના જૂના વડીલ મિત્ર શ્રી દલપતભાઈને જવાબ લખ્યો કે, 'અહીંયા હું જે કાર્ય લઈને બેઠો છું તેને છોડવું મારા માટે મુશ્કેલ છે.' 'આ એક મિશન છે જેને હું છોડી શકું તેમ નથી. તમે મારા વડીલ મિત્ર છો. મારા મનની વાત આપ સમજી શકશો. મને અવિવેકી ન માનતા.' શ્રી દલપતભાઈએ રઘુભાઈનો આ પત્ર એચ. એમ. પટેલને પણ વંચાવ્યો. શ્રી દલપતભાઈ ગુજરાત એજ્યુકેશન દ્વારા સ્થપાતી આ નવી સંસ્થા સરદાર પટેલ વિદ્યાલયમાં ઘણો રસ લઈ રહ્યા હતા. ભારતની રાજધાની દિલ્હીમાં ગુજરાતી વિદ્યાર્થીઓનું સ્થાન ખૂબ આગળ આવે એ માટે તેઓ ખૂબ આતુર હતા.

સરસ્વતીમાં શાંતિભાઈ અને હરભાઈને લાગ્યું કે શ્રી એચ. એમ. પટેલને જવાબ આપતા પહેલાં રઘુભાઈ સાથે વાત કરવી જ જોઈએ. એક દિવસ ત્રણેય મળ્યા. આ વાત ઉપર વિચાર કરવા રઘુભાઈને કહ્યું. રઘુભાઈ કહે, 'ઘરશાળા' છોડી આ ગરીબ વિદ્યાર્થી વચ્ચે હું બેઠો છું. વળી દિલ્હીમાં તો કોઈપણ આચાર્ય આવી જશે. આ ગરીબ લત્તામાં કામ કરવા કોણ આવશે ?' આમ આ વિચારો

થયા પછી નાનાભાઈએ કહ્યું કે, 'રઘુભાઈ આપણા દેશમાં એક પછી એક સારી સંસ્થાઓનો જન્મ થાય, આપણા નૂતન શિક્ષણના વિચારો પ્રમાણે કેળવણી અપાતી થાય તો એક જ જગ્યાએ બેસી રહેવાને બદલે જુદી જુદી જગ્યાએ જવું અને નવી સંસ્થાની સ્થાપના કરવી પણ જરૂરી છે. તમે જ્યાં હશો ત્યાંથી સરસ્વતીનું ધ્યાન-સંભાળ-દરકાર-સાચવણી બધું તમે રાખી શકશો. સરસ્વતી તો તમારું બાળક છે. જ્યાં જાઓ ત્યાં સરસ્વતીની સંભાળ લેવાની શરત કરી શકો.' આમ, હરભાઈની વાતે અમે વિચારે ચડી ગયા. થોડો સમય પસાર થયો. શ્રી દલપતભાઈનો પત્ર દિલ્હી આવવા માટે આવ્યો. શ્રી એચ. એમ. પટેલને મળવાનું બન્યું તેઓ કહે કે, 'રઘુભાઈ, ચૌદ વર્ષ પૂરાં થયાં. તમારી પાસે સારા કાર્યકરો પણ છે. બે વર્ષ દિલ્હી આવો અને તમારા કાર્યકરોની પરીક્ષા તો લો કે તેઓ સંસ્થા ચલાવી શકે છે કે નહિ' આ નવો વિચાર આવ્યો.

રઘુભાઈએ એક દિવસ શ્રી મોરારજીભાઈને મળવાનો વિચાર કર્યો. તેઓ તેમને મળ્યા. રઘુભાઈએ કહ્યું કે, "તમે મારા વડીલ મિત્ર છો એટલે એક વાત ઉપર તમારા વિચારો જાણવા આવ્યો છું. દિલ્હીની સંસ્થાનાં આચાર્ય માટે મારે જવાનું થયું છે. શ્રી એચ. એમ. પટેલે મને આ માટે વિનંતી કરી છે. હું આ બાબતમાં દ્વિધામાં છું. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલ મજૂરોનાં બાળકોને ભણાવવાં અને તેમને આગળ વધારવા માટેની મારી ભાવના છે. તેમનાં માટે આ લત્તામાં કોઈ બેઠું નથી. હું જાઉં તો આ બાળકોનું કોઈ નહિ રહે. દિલ્હીમાં તો કોઈ પણ આચાર્ય આવવા સંમત થશે."

ગંભીર મોરારજીભાઈ આ સાંભળી હસી પડ્યા. તેઓ કહે, 'તું ચોક્કસ મારી વાત ઉપર વિચાર કરીશ તો કહું.

'વિચાર તો કરીશ પણ અમલની ખબર નથી.' રઘુભાઈએ જવાબ આપ્યો.

તો સાંભળો, શ્રી મોરારજીભાઈએ કહ્યું, 'તમે શું એમ માનો છો કે સરસપુરની પછાત લોકોની તમે સેવા કરી શકો. ત્યાંથી જ ગંદકી દૂર કરો છો એમ તમે ન માનશો. દિલ્હીમાં જે લોકો કહેવાતા મોટા ઑફિસરો, વેપારીઓ કે ડેપ્યુટી મિનિસ્ટરો વગેરેનાં બાળકો પણ એક પ્રકારની ગંદકીમાં સડે છે. એમનાં જીવનને યોગ્ય માર્ગે વાળવાં, તેમનાં જીવનમાં ભારતીય સંસ્કૃતિની કિંમત વધારવી, મૂલવવી એ પણ એક વિચારક કેળવણીકારનું કામ છે. તમારામાં ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિનો સાચો સમન્વય ઓળખ છે. નવી દિલ્હી જેવાં ભારતના કેપિટલમાં બેસશો ત્યારે પણ અને તો પણ તમે કેળવણીનું સાચું કામ કરી શકશો. મને તમારામાં ઘણી શ્રદ્ધા છે. અમદાવાદનાં તમારા કાર્યથી હું અજાણ્યો નથી. તમે શ્રી એચ. એમ. પટેલની વિનંતી ઉપર ગંભીરપણે જરૂર વિચાર કરો.'

**માયાનું બંધન :**

આમ મોરારજીભાઈ સાથેની વાતોએ પણ એમને વિચાર કરતા કરી મૂક્યા. ઠેરઠેર સારી સંસ્થાની સ્થાપના, હરભાઈની વાત, કાર્યકરોની કસોટીની વાત અને મોરારજીભાઈની દિલ્હીમાંથી પણ ગંદકી કાઢવાની વાતો અમારા મનમાં ઘૂમરાવા લાગી. શ્રી રઘુભાઈ શાંતિનિકેતનનો અભ્યાસ પૂરો કરીને ગુજરાત પાછા આવતા ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને મળવા ગયેલા ત્યારે એમણે કહેલું કે, 'ભણીને પાછા જાઓ છો તો એક ગુરુ દક્ષિણા માગુ છું. ઠેર-ઠેર શાંતિનિકેતન સ્થાપજો.' એ વાત યાદ આવી. આ વિચારો અમારાં મનમાં આવ્યા જ કર્યા. રઘુભાઈ બોલ્યા, સરસ્વતીની માયાએ આપણને થોડા પ્રેમનાં બંધનમાં મૂકી દીધા છે. તેથી થોડાંક આપણે આંધળા બની ગયાં છીએ. બાકી સ્થળે સ્થળે નૂતન શિક્ષણના પ્રચાર માટે કામ કરીએ તો આપણું પ્રદાન વધારે બહોળા પ્રમાણમાં થઈ શકે. આખરે અમારાં મનની ડામાડોળ સ્થિતિ અને મનની દ્વિધાઓ સ્પષ્ટ થવા લાગી અને દિલ્હી જઈને રાજધાનીમાં સરસ્વતીને ઊભી કરવાની વાત મનમાં નક્કર સ્વરૂપ લીધું.

**ગેરહાજર બને છે અમારી પરીક્ષા :**

સરસ્વતીનાં સારા નસીબે શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા દિલ્હીના સેન્ટ્રલ સ્કૂલ ઑફ એજ્યુકેશનમાંથી ડિસ્ટિંક્શન સાથે પાસ થઈ સરસ્વતીમાં પ્રતિષ્ઠા સાથે પાછા આવી ગયા હતા. શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી હિંમતભાઈ, શ્રી ગોપલાની સાહેબ અમુક અંશે શ્રી શકુન્તલાબહેન અને બે-ત્રણ

સિનિયર શિક્ષકો તરફ અમારી નજર પડી.

છેવટે આ ત્રણેય સાથે દિલ્હી જવાની વાત કરી. તેમને કહ્યું, 'તમારા ત્રણેયની પરીક્ષા થશે. અમારી ગેરહાજરી એ તમારી કસોટી બની રહેશે. ચૌદ વર્ષ આપણે સાથે કામ કર્યું છે એ અનુભવ તમને મૂલ્યવાન બનાવશે.' જેમના મોઢા ઉપર કાયમ હાસ્ય રહેતું તેવા ગોપલાની સાહેબ ગંભીર થઈ ગયા. શ્રી હિંમતભાઈએ સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કર્યો. વિઠ્ઠલભાઈએ આંખનાં આંસુ લૂછ્યા. ત્રણેયે આ વિચારને સ્વીકારી લીધો. જરૂર અમે બે વર્ષ સાથે રહી સંસ્થા ચલાવીશું. ગોપલાની સાહેબ કહે કે દિલ્હીની સંસ્થાને સ્થિર કરતા પાંચ વર્ષ થશે. વિઠ્ઠલભાઈ કહે અમે તમારી સાથે જ છીએ. સંસ્થાની ચિંતા કરશો નહિ. માત્ર હિંમતભાઈ બોલ્યા કે, રઘુભાઈ વિનાની સરસ્વતીનો વિચાર મનને અકળાવે છે પણ તમારા વિચારોની સાથે જ અમે છીએ.

**સરસ્વતીના સ્થંભોની સાથે વિચારોની આપ-લે**

આમ સરસ્વતીના કાર્યકરોના સ્તરે આ વાત ચર્ચાઈ અને નિર્ણય લેવાયો. પ્રમુખ અને ચેરમેન કરતાં મહત્ત્વની આ ત્રણેય વ્યક્તિઓ સરસ્વતી માટે મજબૂત સ્થંભો હતી. આ સમય દરમિયાન રઘુભાઈને દિલ્હી જવા માટેનો શ્રી એચ. એમ. પટેલનો તાર મળ્યો. મનમાં થતું, સરસ્વતી જાણે દિલ્હીમાં પ્રયાણ કરી રહી હતી. આ ઉમળકાભેર મળેલા આમંત્રણનો અસ્વીકાર કરવો અમારા માટે હવે અશક્ય હતો તેથી દિલ્હીની શ્રી એચ. એમ. પટેલ સાથેની મુલાકાત વાસ્તવિક બની ગઈ.

**નિર્ણયના રસ્તે**

એક વહેલી સવારે દિલ્હી મેલમાં અમે બંને જણાં દિલ્હી જવા ઉપડ્યાં. અમદાવાદ અને દિલ્હીની વચ્ચે મન ઝોલાં ખાઈ રહ્યું હતું. એક બાજુ સરસ્વતી હતી, તો બીજી બાજુ ભારતનાં મુખ્ય શહેર-રાજધાની દિલ્હીમાં કામ કરવાની ચેલેન્જ પણ હતી. કોઈપણ કામ કરવામાં ચેલેન્જ આવે ત્યારે રઘુભાઈની કામ કરવાની તાકાત જાણે ડબલ થઈ જતી. અનેક વિચારોની હારમાળાઓ સાથે ચોવીસ કલાક પછી અમારી ટ્રેન દિલ્હી પહોંચી.

એક સુંદર સવારની પ્રભાતે શ્રી દલપતભાઈ દેસાઈએ અમારું સ્વાગત કર્યું, સફેદ કફની ધોતીથી સજ્જ એવા શ્રી દલપતભાઈ ખૂબ પ્રેમાળ હતા. અમારી પહેલી જ નજરથી તેઓ અમને ખૂબ સારા લાગ્યા. અમે સ્વસ્થ થયા પછી દલપતભાઈ અમને શ્રી એચ. એમ. પટેલને મળવા લઈ ગયા. શ્રી એચ. એમ. પટેલને જોતાં જ એક બ્રિલિયન્ટ આઈ.સી.એસ.ને મળતાં હોઈએ એવું લાગ્યું. પરંતુ જેમ જેમ એમની સાથે વાતો થતી ગઈ અને પરિચયમાં આવતા ગયા તેમ તેમ તેમના  દયમાં છૂપાયેલી માનવતા અને વ્યવહારુ પણું સ્પષ્ટ થવા લાગ્યુ. શ્રી એચ. એમ. પટેલ સાથે એજ્યુકેશન સોસાયટીના બીજા સભ્યો શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, શ્રી અનિલભાઈ રાણા, શ્રી પુરોહિત અને બીજાઓ સાથે અમારી ઓળખાણ કરાવી. સૌએ અમારી સાથે ખૂબ માનપૂર્વક વાત કરી અને દિલ્હીના કામની વાતો કરી.

દિલ્હીમાં રહેતા ગુજરાતીઓ અને ગુજરાતથી ટ્રાન્સફર થઈને આવતાં ગુજરાતી બાળકોને સારી શાળામાં પ્રવેશ મળતો નહતો. રાજધાનીમાં ગુજરાતની પ્રતિષ્ઠા વધે અને ગુજરાતી યુવાનો સારી કેળવણી પ્રાપ્ત કરે અને પોતાનાં ગુજરાતની પ્રતિષ્ઠા વધારે એ હેતુ હતો. સ્પષ્ટ વાત એ હતી કે ગુજરાતી યુવાનોને આ શાળામાં પહેલું સ્થાન મળે. જો તેઓ નબળાં હોય તો તેને નીચેના વર્ગમાં પણ દાખલ કરીને તેમની કારકિર્દીને આગળ લાવવી.

ત્યારપછીની ખાલી જગ્યાઓમાં નોન-ગુજરાતીને પ્રવેશ આપવો. જેમાં તામિલ, કન્નડ, બંગાળી, મરાઠી વગરેને પ્રવેશ આપીને સરદાર પટેલના નામે આ સંસ્થા ચલાવવી જેથી દરેક બાળકો હળેમળે અને ભારત એક છે એવી ભાવના ઊભી થાય. આમ, પ્રથમ મિટિંગમાં અમારા કાર્યક્ષેત્રનું ચિત્ર ઠીક-ઠીક સ્પષ્ટ થઈ ગયું.

ત્યારપછી સંસ્થાના તૈયાર થતાં નવાં મકાનમાં શ્રી એચ. એમ. પટેલ, અમને લઈ ગયા. વિશાળ મકાનની રચના થઈ રહી હતી. શ્રી પટેલ સાહેબે શ્રી રઘુભાઈને કહ્યું કે, 'તમારે આ નવા બંધાતાં મકાનમાં હાઈસ્કૂલની દૃષ્ટિએ જે કાંઈ નવા ફેરફારો કરાવવા હોય તો તમે કરાવી શકો છો. રઘુભાઈએ પોતાની વિશિષ્ટ શૈલીમાં પ્રફૂલ્લિત થઈને જવાબ

આપ્યો કે, 'હું હજી અહીંનો આચાર્ય બન્યો નથી અને મને હજી અપોઈન્ટમેન્ટ પણ મળી નથી એટલે મારું સજેશન હાલ શા કામનું ? શ્રી એચ. એમ. પટેલ અને મૂળશંકરભાઈ ભટ્ટે એક જ અભિપ્રાય આપ્યો કે, અમારે મન તો તમે આજથી જ આચાર્ય છો. વિધિસર તો જે થવાનું હશે તે થશે. આસપાસના બીજા સભ્યો હસી પડ્યા.

મનથી સંમતિ અપાઈ ચૂકી હતી. સરદાર પટેલ વિદ્યાલયમાં ૧૯૫૮માં કામ શરૂ કર્યું તે અઢાર વર્ષ પછી છૂટા થયા ત્યાં સુધી રઘુભાઈએ અપોઈન્ટમેન્ટ લેટર માગ્યો ન હતો અને શું પગાર આપશે એવી કોઈ સ્પષ્ટતા પણ કરી ન હતી. આજે વિચારું છું ત્યારે મને લાગે છે કે તે દિવસે પણ રઘુભાઈની ભાવનામાં અને કાર્ય કરવાની વિચારસરણીમાં સરસ્વતીના યજ્ઞને ભારતની રાજધાની લઈ જવાની એક પ્રજ્વલિત ઝંખના જાગી ઊઠી હતી. ગુરુદેવની એ ગુરુ દક્ષિણાને દિલ્હીમાં લઈ આવવાનો એમનો પ્રયત્ન એક કસોટીએ ચઢાવી રહ્યો હતો. તે દિવસે રાત્રે શ્રી દલપતભાઈએ કહ્યું, એક શાંતિનિકેતનનો જન્મ દિલ્હીમાં થઈ રહ્યો છે.'

દિલ્હીની આ મુલાકાત બાદ અમે અમદાવાદ પરત આવ્યા. થોડા સમયમાં દિલ્હી પાછા જવાનું થશે જ એમ હતું. અમદાવાદ આવ્યા ત્યારે શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી હિંમતભાઈ વગેરેના મલકતા મોં અમને આવકારતા હતાં.

## પ્રેમ આંધળો છે

અમારા નિવાસ સ્થાનની ઓરડીના સામેના બાંકડા જે જૂના માલિક તરફથી વારસામાં મળેલા હતા ને ઘટાદાર લીમડા નીચે ગોઠવાયેલા હતા. એ બાંકડા ઉપર જ બેસીને અમે ચા પી રહ્યા હતાં. અમે બંને તદ્દન મૌન હતા કારણ કે મનમાં સરસ્વતી છોડવાનો વિષાદ અને બીજી બાજુથી દિલ્હીમાં શિક્ષણયજ્ઞ શરૂ કરવાની ચૅલેન્જથી મન ઘેરાયેલું હતું. એટલામાં સામેથી શ્રી ગોપલાની સાહેબ અને શ્રી હિંમતભાઈ આવ્યા. વાતાવરણ આનંદમય બન્યું. સામેના બાંકડામાં બંને બેઠા. હાકુમાએ તેમને ચા આપી. હિંમતભાઈએ પૂછ્યું, 'રઘુભાઈ તમારે ક્યારે અમદાવાદ છોડવું પડશે ? ગોપલાની સાહેબ બોલ્યા, હું પણ એ જ પ્રશ્ન પૂછવા માગુ છું. રઘુભાઈ કહે 'આપણે સૌ સાથે બેસીને નિર્ણય લઈએ તો ?' એટલામાં તો વિઠ્ઠલભાઈ આવ્યા. તેમનો પણ આ જ પ્રશ્ન હતો. 'રઘુભાઈ ક્યારે જવાના છો ?' થોડુંક વિષાદનું વાતાવરણ ફરીથી છવાઈ ગયું.

એટલીવારમાં ઊંચાં પડછંદ શ્વેત વસ્ત્રમાં શ્રી હરભાઈએ માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો. તેમના હાથમાં એક કાગળ હતો. જેમાં શ્રી એચ. એમ. પટેલ સાહેબે વિનંતી કરી હતી કે થોડા સમય માટે અમારે દિલ્હી જવું તેની વાત હતી. આમ દિલ્હી જવા માટેની વાત ઉપર સૌ વિચારે ચડેલા અને પ્રશ્નો પૂછતા હતા. દસેક મિનિટ પછી નાનાભાઈએ રઘુભાઈને પૂછ્યુ, 'ક્યારે જવા માંગો છો ? દિલ્હી જવાનો નિર્ણય લગભગ લેવાઈ ગયો હોય તો પછી ક્યારે જવાનો વિચાર કર્યો છે ? નિર્ણય લીધા વિના અને તારીખ નક્કી કર્યા વિના ચાલે એમ નથી' રઘુભાઈ થોડીવાર શાંત રહ્યા પછી તેમના મોં ઉપર હાસ્ય દેખાયું. તેઓ બોલ્યા, 'હરભાઈ, વિઠ્ઠલભાઈ, ગોપલાની સાહેબ, આજે અમારાં બંનેનાં મનમાં ચાલતી એક વાત કહી દઉં, કે... પ્રેમ આંધળો છે... કેમ ખરું ને ? અને સૌ હસી પડ્યા. સરસ્વતી તરફના પ્રેમને લીધે જ દિલ્હી જવાનું નક્કી હોવા છતાં દિવસ નક્કી કરી શકતા નથી.' નાનાભાઈએ મને ધબ્બો માર્યો, 'બેટા, રઘુભાઈની વાત કેટલી સાચી છે ! તમે જાઓ છો એના આનંદ સાથે થોડું દુઃખ છે. તારી બા અમદાવાદ તો આવી શકતી હતી પણ હવે તેને દિલ્હી ખૂબ દૂર લાગશે. ફરીથી રઘુભાઈ કહે, 'હરભાઈ, પ્રેમને કોઈ દૂર શું અને પાસે શું ? આપણી વચ્ચેનો પ્રેમ પણ દિલ્હીને અમદાવાદ જેટલું જ પાસે લઈ આવશે. રઘુભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયા અને હું જઈને તેમની પાસે બેસી ગઈ. મેં કહ્યું, 'હા, નાનાભાઈ પ્રેમને વળી દૂર શું કે નજીક શું ? આ બંને સંસ્થાઓ આપણને વારંવાર ભેગા કરશે પ્રેમ ભલે આંધળો હોય પણ એક લાગણીનો તેજસ્વી પ્રકાશમય શસ્ત્ર છે. આપણે સૌ જરૂર વારંવાર મળીશું.

અમારા દિલ્હી જવા માટેનો નિર્ણય થયો. આમ, સરદાર પટેલ વિદ્યાલયની જવાબદારી લેવાનું નિશ્ચિત બન્યું.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# આધુનિકતા તરફ શાળાની ગતિ

**અમીતાબહેન પાલખીવાલા**
પૂર્વ શિક્ષક,
અસારવા વિદ્યાલય,
અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૮.



ઈ.સ.૧૯૩૦ રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન ગુરુકુળમાંથી સ્નાતક થઈને પૂનાની રાષ્ટ્રીય આદર્શોને વરેલી એક સંસ્થામાં શિક્ષક તરીકે રઘુભાઈ ઉત્સાહભેર જોડાયા ત્યાં ભારતના ભાવિ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના શિક્ષક તરીકે રહીને પંડિત જવાહરલાલ નહેરુના સંપર્કમાં આવ્યા અને ઈ.સ.૧૯૩૫માં જર્મનીમાંથી (ફ્યુબર્ગ યુનિ.) પી.એચડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી અનેક દેશોની મુલાકાત લીધી. એ દરમિયાન સુભાષચંદ્ર બોઝ અને સયાજીરાવ ગાયકવાડ સાથે મુલાકાત પછી વડોદરા રાજ્ય તરફથી શિષ્યવૃત્તિ મળતા ઈંગ્લૅંડમાં વધુ અભ્યાસ માટે ગયા. પરંતુ બીજું વિશ્વયુદ્ધ ફાટી નિકળતા સ્વદેશ પરત આવ્યા. અઢળક સાહ્યબી, ઊંચાં હોદ્દાઓ અને અનેક આર્થિક લાભો નકારીને અમદાવાદના અતિ પછાત એવા પૂર્વના વિસ્તાર સરસપુરમાં નવેમ્બર ૧૯૪૪માં સરસ્વતી વિદ્યાલયની સ્થાપના કરી. આમ મીટરગેજ રેલવે સ્ટેશનની સામે એક જર્જરિત માધુભાઈ મિલના ગોડાઉનથી શરૂઆત થઈ એક શિક્ષણની શ્રમયાત્રાની. આની અસર છેક દિલ્હી સુધી થઈ. કેળવણીના અનોખા ચાહક અને રાષ્ટ્રના સર્વશક્તિ સ્વરૂપ વહીવટીકર્તા શ્રી એચ.એમ. પટેલ તે વખતે નવી દિલ્હીમાં સરદાર પટેલ વિદ્યાલય નામની નવી શરૂ થતી સંસ્થા માટે તેના પ્રથમ આચાર્ય તરીકે રઘુભાઈ અને સહઆચાર્યા તરીકે જશીબહેનને આમંત્રણ આપ્યું. જે આમંત્રણ તેઓએ સ્વીકાર્યું પણ ખરું, પરંતુ તે જ અરસામાં કેન્દ્ર સરકારે કાલુપુર રેલવે સ્ટેશનના વિકાસ માટે માધુભાઈ મિલ કમ્પાઉન્ડ લેવાનો નિર્ણય કર્યો. ત્યારે પુનઃ જીવન પામેલી સંસ્થા સરસ્વતી વિદ્યાલય બંધ પડી જાય તેવો ભય ઊભો થયો. આ કટોકટીના સમયે ગરીબ લત્તાના આવા વિકાસમાં શિક્ષણ જ્યોત ઝાંખી ન પડે અને પૂરતી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે માણેકલાલ હરિલાલ મિલના શેઠશ્રી નવનીતલાલ રણછોડલાલે સરસ્વતી વિદ્યામંડળની નવી શાળાના મકાન માટે સરસપુર દરવાજા બહાર આવેલ ૯૦૦ ચોરસ મીટર જમીનનું દાન કર્યું. જો કે શ્રી એચ.એમ.પટેલે તેના કાયદાકીય પ્રશ્નોનું નિરાકરણ કરીને રઘુભાઈની મુશ્કેલીઓ દૂર કરી અને હા, ગુજરાતમાં પ્રગટાવેલી સંસ્કાર જ્યોત જરાય ઝાંખી ન પડે તેવી કાળજી રાખઈ. આ દંપતી સાથે તેમણે પોતાની સેવાઓ અધ્યક્ષ તરીકે જીવનાન્ત આપી.

ત્યારબાદ ગુજરાત રાજ્યના મુખ્ય ઈજનેર શ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટ, રઘુભાઈ અને અન્ય એક સેવાભાવી સ્થપતિની ત્રિપુટીએ સરસ્વતી વિદ્યાલય માટેના નવા મકાનની અત્યંત આધુનિક સુવિધાઓ ધરાવતી ડિઝાઈન તૈયાર કરી. જમીન મળી, ઈમારતની ડિઝાઈન તૈયાર થઈ. પણ આવડા મોટા ખર્ચને પહોંચી વળવા પાછું સંકટ. પણ સૌએ ખભેખભા મિલાવી, લત્તાના શિક્ષણ પ્રેમીઓના સહિયારા પુરુષાર્થે દાનની ઝોળી છલકાવી દીધી. ૭ માસમાં શાળાનું નવું મકાન તૈયાર થઈ ગયુ અને મજૂર વિસ્તારના બાળકોને ભવ્ય અને આલિશાન મકાનમાં ભણવાનું સદ્નસીબ પ્રાપ્ત થયું. આ દિવસે સંસ્થાના સંચાલકો, વાલીઓ, દાતાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓના હૈયામાં આનંદનો મહાસાગર લહેરાયો.

આ ૭૫ વર્ષની યાત્રામાં કોદાળીથી કમ્પ્યૂટર સુધી અને ગુરુકુળ શિક્ષણ પદ્ધતિથી આધુનિક શિક્ષણ પદ્ધતિ સુધી મંડળે સાધેલી પ્રગતિ અવર્ણનીય છે. વ્યાવસાયિક માળખું બનવાને બદલે માનવતાની મહેકથી મહેકતી અને લાગણીસભર સંબંધોના તાણાવાણાથી જોડાયેલ વિશાળ પરિવાર, શિક્ષણની નવી તાજગી અનુભવતા શિક્ષકો, ઉત્તમ શૈક્ષણિક કાર્યશૈલી, ઘર અને શાળા વચ્ચેના ઉષ્માભર્યા પારિવારિક સંબંધો, અગણિત સારસ્વતોનો અથાગ પરિશ્રમ, કર્મઠ સેવક ભાઈ-બહેનો, સંનિષ્ઠ આચાર્યો અને વહીવટી વિભાગનું સંકલન તેમજ ટ્રસ્ટી મંડળની સીધી દેખરેખ અને હૂંફ ભર્યા સચોટ માર્ગદર્શનથી આ સંસ્થા સમયના વહેણની સાથે કબીરવડ બનીને લહેરાય છે. આ વડલા સમી શૈક્ષણિક સંસ્થાઓમાંથી આશરે

૮૦,૦૦૦ સારસ્વતો શિક્ષા-દીક્ષાના સંસ્કાર પામી ઘડાયા છે. આ સારસ્વતો રાજકીય, સામાજિક, વ્યાપારિક, ટેક્નોલૉજી, કાયદો વ્યવસ્થા, ન્યાય, સંરક્ષણ, તબીબી, સચિવાલય, જંગલખાતું, બાંધકામ વગેરે ક્ષેત્રોમાં જિલ્લા શહેર કે રાજ્ય કક્ષાએ કે દેશ-વિદેશમાં પોતાના સંસ્કાર અને કાર્ય દ્વારા અશક્યની આરાધના કરી રહ્યાં છે.

રઘુભાઈ અને જશીબહેન એટલે સરસ્વતીનો સરવાળો તેઓના શ્વાસોચ્છ્વાસમાં સરસ્વતી હંમેશાં ધબકે. સરસ્વતી જ એમનો પ્રાણ, એમનો આનંદ, એમની ચિંતા અને એમનું ગૌરવપ્રદાન હંમેશાં રહ્યું. આ દંપતી "યોગઃ કર્મસુ કૌશલમ્"નો પાઠ કર્યા વિના પણ કર્મયોગી બન્યું છે. તેમના શિક્ષણ-સેવાના કાર્યોથી સમગ્ર શિક્ષણજગતને નવી દિશાઓ મળી અને આથી જ આ દંપતી સંયુક્ત રીતે અનેક માનઅકમો, સન્માનપત્રો અને પારિતોષિકોથી પુરસ્કૃત થયા. આ દંપતીને શિક્ષક થવાનું ગમ્યું હતું. શિક્ષક તરીકે ઓળખાવવામાં તેઓ ગૌરવ અનુભવતા. તેમની વ્યવસાયપ્રિયતા અને વ્યવસાય માટેનું ગૌરવ જ તેમના કામમાં દિવ્યતા લાવ્યું. આથી જ રઘુભાઈ એક સામાન્ય શિક્ષકથી ગુજરાતના પ્રથમ કેળવણીકાર તરીકે ચાહના પ્રાપ્ત કરીને ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'પદ્મશ્રી'ના ખિતાબથી સન્માનિત થયા.

યુગો યુગો સુધી આવા ગુરુ લોક  દયમાં જીવતા રહેશે. શિક્ષણ સરિતાને ઘાટે ઘાટે એ સાચા મોતીથી પોંખાતા રહેશે. જેની હવામાં કેળવણી શ્વાસ લે છે અને જેના વાતાવરણમાં શિક્ષણ ધબકે છે એ સરસ્વતી વિદ્યામંડળ સમગ્ર શિક્ષણજગતની ધરોહર છે. શિક્ષણક્ષેત્રે તેણે કંડારેલી કેટલીય કેડીઓ આજે તો રાજમાર્ગ થઈ ગઈ છે, પણ હજુ કેટલીય કેડીઓ વચ્ચે આવતા અંતરાયો ઓળંગી જઈ આગળ વધતાં રહેવાનું કાર્ય સારસ્વત શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે તથા શ્રી સજુભા ઝાલા કરી રહ્યાં છે.

શ્રી સજુભા એટલે સરસ્વતીનું સર્જન. સારસ્વત હોવાની સાથે શિક્ષક પણ ખરા. શિક્ષક તરીકે આખાય વર્ગને એક કરી નાખવાની ક્ષમતા પણ ખરી અને સમય જતાં સંસ્થાના સહમંત્રી પદે રહી જ્યોતીન્દ્રભાઈના સહયાત્રી પણ બન્યા. આમ છતાં પણ સંસ્થાના કાર્યક્રમોને નિર્ણાયક દિશા આપવામાં તેમનો અમૂલ્ય ફાળો રહેતો. જિંદગીની ક્ષણે ક્ષણ સમગ્રતાપૂર્વક શિક્ષણને સમર્પિત કરી તથા સરસ્વતી વિદ્યામંડળના કણેકણમાં  દયથી જોડાઈને સંસ્થાના આદર્શોને તેઓએ હંમેશાં મૂર્તિમંત કર્યા છે.

**શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે :** લાંબાગાળાની ઊંચા હોદ્દાની બૅન્કિંગ સેવાની નિવૃત્તિના છેલ્લા દિવસે પોતાની બ્રીફકેસમાંથી બૅન્ક અગત્યના ડૉક્યુમેન્ટ્સ કાઢીને સરસ્વતી વિદ્યામંડળના ડૉક્યુમેન્ટ્સ મૂકી સરસપુર તરફ પ્રયાણ કરી જનાર સંસ્થાના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવે આજે તો સંસ્થાના ધબકાર છે. વિદ્યાર્થી અવસ્થામાં ઝીલેલા સરસ્વતીના સંસ્કારોનું આજદિન સુધી જતન કરી, સરસ્વતી વિકાસપથના તેઓ યાત્રી બની રહ્યા છે. આજના સ્પર્ધાત્મક સમયમાં રઘુભાઈની ૨૧મી સદીની સ્વપ્નની શાળાની કલ્પનાને મૂર્તિમંત કરવા, સંસ્થાને ઉચ્ચસ્થાને જાળવી રાખવા અને પરિવર્તનશીલ સમયને અનુસરીને શિક્ષણ દ્વારા સંસ્કૃતિ અને વ્યક્તિ ઘડતર કરી સારા નાગરિકો ઘડવાનું કાર્ય કરે છે. અત્યારના ચારેબાજુ ભય અને આતંકના સમયમાં, શિક્ષણના વ્યાપારીકરણના સમયમાં, લાંચ, રુશ્વત, અન્યાય, અત્યાચાર અને ભ્રષ્ટાચાર વચ્ચે પણ સંસ્થાનો, વિદ્યાર્થી, વાલી, સમાજ, સરકાર અને સમગ્ર શિક્ષણજગતમાં પોતાનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ ટકાવી એક આગવી ઓળખ બનાવી રાખવામાં સંસ્થાના મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે અને સહમંત્રી શ્રી સજુભા ઝાલા સફળ રહ્યા છે અને રઘુભાઈની અનુપસ્થિતિમાં તેમણે પ્રગટાવેલી શિક્ષણજ્યોત મુ.શ્રી જશીબહેન નાયકના માર્ગદર્શન હેઠળ સમગ્ર સરસ્વતી પરિવાર પ્રજ્વલિત રાખવામાં સતત પ્રયત્નશીલ છે.

આથી જ વટવૃક્ષ સમાન બનેલું આપણું સરસ્વતી વિદ્યામંડળ આજે ના માત્ર તાલુકાની, જિલ્લાની કે રાજ્યની પરંતુ દેશની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થાઓની હરોળમાં આવીને ઊભી છે અને 'એક દીપ સે જલે દૂસરા, ઐસે અગણિત દીપ જલે' એમ અખંડ દીપમાલિકાઓ જલતી

રાખી, સર્વત્ર એક જ પ્રકાશ-જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો છે.

૨૧મી સદીમાં શિક્ષણની ઝડપી ગતિથી બદલાઈ રહેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અને વિકસતા વિજ્ઞાનયુગની સાથે કદમ મિલાવવા સંસ્થાએ પોતાની શાળાઓના ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ યુગ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી અને કમ્પ્યૂટરનો છે ત્યારે શાળા તેમાંથી કેવી રીતે બાકાત રહી શકે ? શિક્ષણને પ્રભાવી અને ગુણવત્તાયુક્ત બનાવવા શાળાઓમાં કમ્પ્યૂટર લેબને પ્રાધાન્ય આપ્યું છે. આજના વિજ્ઞાન અને ટેક્નોલૉજીના યુગમાં શાળામાં ભણતું પ્રત્યેક બાળક કમ્પ્યૂટર અને તેના ઉપયોગથી માહિતગાર બને તેવા ધ્યેય સાથે કમ્પ્યૂટર વિષયના અભ્યાસક્રમના પરિરૂપને અનુસરે તેવી કમ્પ્યૂટર લેબ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ મુજબનું શિક્ષણ આપવામાં આવે છે. આજે સરસ્વતી વિદ્યામંડળની તમામ સંસ્થાઓમાં કુલ મળીને ૧૨૫ જેટલા કમ્પ્યૂટરની સવલતો વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવી છે.

સંસ્થાની શાળાઓમાં શિક્ષણમાં પરિવર્તન સાથે ઑડિયો-વિઝ્યૂઅલ સેન્ટર, શિક્ષણના અભ્યાસક્રમના ઑડિયો, વીડિયો સૉફ્ટવેર, વિદ્યાર્થીઓને રસ ઉત્પન્ન થાય તેવા ઑડિયો ઈલૅક્ટ્રોનિક ઉપકરણો, વિદ્યાર્થીઓનું ત્વરિત મૂલ્યાંકન કરતું ઈસેન્સનું સૉફ્ટવેર, શિક્ષકોને કમ્પ્યૂટર ટ્રેઈનિંગ વગેરે સવલતોએ વિદ્યામંડળની શાળાઓને શિક્ષણમાં પ્રથમ હરોળમાં સ્થાન આપ્યું છે. આ નવીનીકરણની પ્રક્રિયાએ વિદ્યાર્થીઓને પણ અભ્યાસમાં પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

વિજ્ઞાન પ્રયોગશાળા પણ શાળાનું મહત્ત્વનું અંગ છે. સંપૂર્ણ સુવિધાવાળી અને જરૂરી પ્રાયોગિક કાર્ય માટેના સાધનોથી સુસજ્જ પ્રયોગશાળા બાળકોને વિજ્ઞાન વિષયમાં રસ લેતા કરવા પર્યાપ્ત બની રહે છે. એ ન્યાયે વિજ્ઞાન પ્રયોગશાળાઓનું નવીનીકરણ કરી આધુનિક સાધનોથી સજ્જ કરવામાં આવી છે.

શાળાનું ગ્રંથાલય વિદ્યાર્થીઓને માટે જ્ઞાનનો ભંડાર ગણાય છે. અભ્યાસક્રમને સુસંગત સંદર્ભગ્રંથો અને પૂરક વાચનથી બાળકોમાં જ્ઞાનનો વધારો થાય છે. વિદ્યાર્થીઓના વિચાર, પરીક્ષણ અને સર્જનશક્તિ વિકસે તેવા પુસ્તકો ગ્રંથાલયમાં વસાવવામાં આવ્યા છે. આમ તો 'વાંચે ગુજરાત'ના શંખનાદના કેટલાય દાયકાઓ પહેલાંથી મંડળની શાળાઓના પુસ્તકાલય સમૃદ્ધ છે અને હવેના ચરણમાં તેના ઑટોમેશનની પ્રક્રિયાની કામગીરી ચાલુ છે. આમ શાળાનું આધુનિકરણ એ આવનારા સમયના વિકાસની ગરવી ગાથા છે.

આ સંઘર્ષકથામાં સંસ્થાઓ ટહૂકો છે. આ સેવાયજ્ઞ કરતાં કરતાં સંઘર્ષોમાંથી બેશક પસાર થવું પડ્યું, પરંતુ એ સંઘર્ષોની વચ્ચે નૌકા હંકારીને કિનારા સુધી પહોંચ્યા છીએ તેનો આનંદ છે.

સંસ્થાની ૭૫ વર્ષની વણથંભી વિકાસયાત્રાના વાચનમાં અંતરની ઊર્મિઓનો ધબકાર છે, દયના ભાવોની મંગલ ઋચાઓ છે, એમાં રહેલા વિચારો એ પથદર્શક છે. એના અનુભવો એ કાર્યસિદ્ધિની સાક્ષી પૂરે છે, જેનું એક દસ્તાવેજ રૂપે મૂલ્ય રહેશે.

સાંપ્રત પ્રવાહોમાં સંસ્થાએ ધારેલા આદર્શો અને પરંપરાને પાર પાડવા હજૂ પણ અવિરતપણે સંઘર્ષ ચાલુ છે. અને તેનો સામનો કરવા સરસ્વતી વિદ્યામંડળ પરિવાર કટિબદ્ધ છે.

શિક્ષણ અને સમાજની આશાઓને ફળીભૂત કરવા તથા આ ઋષિ દંપતીએ સેવેલા સ્વપ્નોને પૂરા કરવા માટે જગતનિયંતાની કૃપા, મા સરસ્વતીનો વરદ્ હસ્ત, અનેક શુભેચ્છકોની શુભેચ્છાઓ, વિદ્યાર્થીઓનો પ્રેમ તથા સમાજનો સહકાર મળતો રહે તેવી આશા સેવીએ છીએ. સરસ્વતીની આ વિકાસકૂચમાં પોતાનો મૂલ્યવાન ફાળો આપનાર અગણિત સૈનિકો પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ અને આવનારા ઘણા વર્ષો સુધી કેળવણીના ક્ષેત્રે ધ્રુવપદ ધારણ કરનાર મુ.શ્રી રઘુભાઈ નાયક અને મુ.શ્રી જશીબહેન નાયકે ચીંધેલા માર્ગ પર ચાલવાના આશીર્વાદ અમોને પ્રાપ્ત થાઓ તેવી પરમેશ્વરને પ્રાર્થના કરીએ છીએ.

આ સાથે કૃર્યાત સદા મંગલમ્.

# ભણતરનો ભ્રમ

**ડૉ. ઊર્મિલાબહેન શાહ**



૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ પાસે, અમદાવાદ.
મો.: ૯૯૭૯૨૩૦૪૦૪

'અરે ! આ શાની ધમાલ છે ? કેમ આટલા બધાં છોકરાંઓ ભેગાં થઈ ગયાં છે ?'

'બહેન ! આ અંકિત ખૂબ રડે છે. સ્કૂલમાં આવ્યો છે ત્યારથી એવો રડે છે.....! એને બરડામાં ખૂબ દુઃખે છે, બહેને કહ્યું છે 'એના મમ્મીને ફોન કરીને બોલાવો, અહીં આવીને લઈ જાય.'

'પણ એમાં આટલા બધાં છોકરાંઓ આમ અહીં શાને માટે આવ્યાં છો ? અને આ શું ?'

'બહેન ! આ તો અંકિતનું દફતર છે એટલું વજનદાર છે કે એક છોકરાથી પકડાય તેવું નથી એટલે અમે આમ ભેગાં થઈ ઊંચક્યું છે.' બે છોકરાંઓ સામસામા હેન્ડલથી પકડી એ અહીં મારી ઑફિસ સુધી લઈ આવ્યાં હતાં....' એ જોઈ મને થયું.... 'આ શું ! ત્રીજા ધોરણમાં ભણતાં અંકિતનાં દફતરનો આ ભાર ! એક બાજુ આપણે 'ભાર વિનાના ભણતર' માટે આટલી બધી મથામણ કરીએ છીએ અને આવડા નાના અંકિતનું આ દફતર ! કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગનો, રાજ્યોને આદેશ છે કે ધોરણ ૧ થી ૨નાં વિદ્યાર્થીનાં દફતરનું વજન ૧.૫ કિલોથી વધુ ન હોવું જોઈએ. ધો. ૨ થી ૫ ને માટે ૨ થી ૩ કિલો, ધો. ૬ થી ૭ માટે ૪ કિલો, ધો. ૮ થી ૯ માટે ૪.૫ કિલો અને ધો. ૧૦ માટે ૫ કિલોથી વજન વધવું ન જોઈએ. શિક્ષણખાતું ભાર વિનાના ભણતર સાથે ભાર વિનાના દફતર માટે પણ એટલી જ ચિંતા કરે છે અને છતાંય અંકિત જેવી વ્યથા આજકાલ લગભગ મોટા ભાગનાં વિદ્યાર્થીઓ સહન કરતાં જોવા મળે છે, આપણે એનું કંઈ જ ન કરી શકીએ !!!

અંકિત બિચારો બરડામાં દુઃખાવાથી હેરાન થઈ રહ્યો હતો, એનું દફતર કાઢીને મેં જોવા માંડ્યું, તો અરે ! આ શું ? ચોપડીઓ અને નોટો તો પાર વિનાની જ હતી...

'કેમ ?' બહેન ! હું સવારે વહેલો નીકળી ટ્યૂશન પર જાઉં છું, એટલે ટ્યૂશનનાં સાહેબનાં લેસનના ચોપડા હોય, સ્કૂલનાં લેસનનાં ચોપડાં હોય અને પાછાં વર્ગકામ માટે ટીચર્સ જુદાં મંગાવે તે તો લઈ જવા જ પડે. ભલે ને ત્રીજા ધોરણમાં વિષય માત્ર ત્રણ જ હોય પણ એક એક વિષય પાછળ એની ચોપડી સાથે ત્રણ ચાર નોટો તો દફતરમાં લઈ જવી જ પડે, એમાં વળી નાસ્તાનાં ત્રણ ડબ્બા, ટ્યૂશનમાંથી સીધા સ્કૂલે જવું પડે, વાનવાળો ત્યાં જ લેવા આવે છે, ઘર તો સામે જ છે, ને પાસે છે, પણ જમવાનો ટાઈમ વચ્ચે રહેવો જોઈએ ને ! ટ્યૂશનનાં ટાઈમનું સેટિંગ પણ થવું જોઈએ ને ! અને હજી એ ત્રણ ડબ્બા ઓછાં હોય તે પાછું પાણીનું મોટું થરમોસ, અંકિત સ્કૂલમાં ભણવા જાય છે કે આખો દિવસ ક્યાંક પિકનિક કરવા જાય છે ! આટલા છોકરાને તે વળી ટ્યૂશન ! પણ શાનું રાખવું પડે ! અરે ! સરકારે તો પહેલાં બીજામાં ઘરકામ પણ આપવાની ના કહી છે, તો મમ્મીઓ ફરિયાદ કરતી આવી કે 'લેસન નથી આપતાં તો છોકરાં ઘેર આવીને ચોપડીને અડકતાં નથી ને પછી સ્કૂલમાંથી ફરીયાદ આવે છે કે લેસન પૂરું કરતો નથી, હવે કરવું શું ! થોડા દિવસ પહેલાં સ્મીતાબહેન આવ્યાં.... બહેન ! મારા અંશુલને પગે વાગ્યું છે, તો એનું દફતર રોજ એનાં ક્લાસમાં મૂકી આવવા માટે અને પાછું લઈ આવવાં માટે મને પરમિશન આપશો ? આટલું વજનદાર દફતર ઊંચકીને એ દુઃખતા પગે ક્લાસ સુધી કેવી રીતે જાય !' અને મને આશ્ચર્ય થયું, માંડ પહેલાં કે બીજામાં ભણતો અંશુલ... પગે વાગ્યું હોય અને દુઃખતું હોય તો સ્કૂલમાંથી રજા લઈને ઘરે આરામ લે તો જલ્દી સારો ન થઈ જાય ! પણ ના.... તો તો એને વર્ગમાં જે લખાવ્યું હોય તે બધું બાકી રહી ન જાય ! સ્કૂલ છૂટે અને

છોકરાં જાણે જેલમાંથી છૂટ્યાં હોય તેમ દોડતાં આવે, એમનાં મોં પર મમ્મીના વ્હાલની અપેક્ષા ભારોભાર વર્તાતી હોય પણ મમ્મી તો એને વ્હાલ કરવાને બદલે એનું દફ્તર ખેંચી લે અને ઝપાટાબંધ જોવા માંડે, 'કશુંક લખવાનું તો બાકી રહી નથી ગયું ને ! અને એમાંય જો કંઈક બાકી રહી ગયું હોય તો બિચારા નાનકડા નાદાન નિર્દોષ એ બાળકના ગાલ પર બે લપડાક પડી જ હોય....અને ત્યારે મને એ માને કહેવાનું મન થઈ જાય છે કે 'શું ટીચરે બોર્ડ પર જે લખ્યું હોય છે તે બધાં બ્રહ્મવાક્યો હોય છે ? કે એમાંથી કશુંક રહી જાય તો આભ તૂટી પડે !' એ કહેવાતી શિક્ષિત માને શું એ ન હોય તો ભણાવતાં ન ફાવે ! ચોપડીનું જ્ઞાન એ જ શું જ્ઞાન છે ? અરે ! દુનિયામાં ચારે બાજુ જ્ઞાનનાં અઢળક ભંડારો પડ્યાં છે, સવારે ઊઠો અને આંખ ખોલો તો પળેપળે તમારા જ્ઞાનમાં વધારો થતો જ રહે છે પણ તે માટે તમારામાં જિજ્ઞાસા હોવી જોઈએ, એની દૃષ્ટિ હોવી જોઈએ. સારાં ભણતર માત્ર લખાવ્યા કરવામાં નથી. એનાથી વિદ્યાર્થી સમક્ષ માહિતીનો ખડકલો આપણે ખડકી દઈએ છીએ પણ એ મગજમાં ઊતરવું પણ જોઈએ ને ! લખ્યાં કરીને, પછી ઘેર જઈને એ ગોખી ગોખીને એમ માનવામાં આવે કે એને બધું જ આવડી ગયું છે, ગોખેલું બધું પરીક્ષામાં તરત ને તરત લખી કાઢે ને ઢગલો માર્ક્સ્ લઈ આવે એટલે આપણે ફૂલ્યા ન સમાઈએ કે મારું સંતાન ખૂબ હોંશિયાર થઈ ગયું છે પણ એ જ્ઞાન જો પચે જ નહીં તો થોડા સમયમાં તો એ બધું જ ભૂલાઈ જશે. એ જ્ઞાન નથી માત્ર ગોખણપટ્ટી જ છે. સમજ વિનાની ગોખણપટ્ટી.

એસ.વાય.બી.એ.ના વર્ગમાં સોશિયલ સાયકોલૉજીનો પિરિયડ લેતાં લેતાં મેં 'ગ્રામમાતા' કાવ્યની બે ત્રણ પંક્તિઓ ટાંકી તો વિદ્યાર્થીઓ જાણે હું ગ્રીક કે લેટિન બોલતી હોઈ તેમ મારી સામે તાકીને જોતા લાગ્યાં, મેં કહ્યું, 'બારમા ધોરણ સુધીમાં તો તમે આ ભણ્યાં જ હોય', તો પ્રત્યુત્તર આવ્યો, 'બહેન ! પણ અમે કાવ્ય જ ક્યાં વાંચ્યું છે ! અમે તો ગાઈડમાંથી માત્ર પ્રશ્નો જ કર્યા હોય ને !અને મને આઘાત લાગ્યો, શું સ્કૂલમાં પણ આવું જ શિક્ષણ ! આપણું ગુજરાતી સાહિત્ય તો કેટલું ઉચ્ચ કોટિનું છે. એમનો રસાસ્વાદ આ વિદ્યાર્થીઓ કર્યા વિના જ માત્ર પરીક્ષાનાં માર્ક્સ્ માટે ભણે છે ! એ શું ભણતર છે ! અરે ! વિદ્યાર્થીમાં જિજ્ઞાસા જાગૃત ન કરી શકે, એને નવું નવું જાણવાની ઈચ્છા જાગૃત ન કરી શકે એ ભણતરને ભણતર કેવી રીતે કહી શકાય ! હજી ઉગીને ઊભો થતો એ વિદ્યાર્થી આમ ચોપડીમાંના ભાર નીચે જ દબાઈ જતો હોય તો એનું ભણતર કે ઘડતર ક્યાંથી થવાનું ! એનું બાળપણ તો છીનવાય છે ને આપણે ભણતરનાં ભ્રમમાં મહાલીએ છીએ.

## વસંત વધામણા

**દિલીપ દવે**

સરસપુર, અમદાવાદ.
મો.: ૭૩૫૯૬૫૦૫૫૮

*મહાસુદ પાંચમ વસંત પંચમીએ*
*વસંતઋતુ આગમને, વસંત વધાવીએ*
*ધરતીમાતા રૂપાળા લાગે, ફળ-ફૂલ રસાળાં*
*માનવજીવનની વસંત, યૌવન વસંત, જનજીવન વસંત*
*વસંત ખીલે ચારેકોર, જીવન દે, રસરંગ સૌરભ મજાની*
*વૃક્ષનું જતન, જળ, પર્યાવરણ, પૃથ્વી પર દેખાય વસંત*
*પશુપક્ષી ખીલે વસંતમાં, વધાવીએ આવી વસંતને*
*હોળી-ધૂળેટી, શિવરાત્રિના સંગમાં માનવ મહેરામણ ઉમટે*
*ધૂળેટીના રંગમાં જય રણછોડ ડાકોર પ્રયાણ થાય*
*બેટી બચાઓ, બાળ યૌવન, વૃદ્ધ ખીલે વસંતમાં*
*વન, ઉપવન, નદી, નાળા, સરોવર રણની વસંત*
*રૂમઝૂમ, રૂમઝૂમ વસંત આવી*
*સપ્તરંગી સૂરમાં, ઘંટનાદ ગુંજે મંદિરમાં*
*ઋતરાજ વસંતને વધાવીએ છે વસંતના વધામણાં.*

# કથળેલા સામાજિક સંબંધો

રણછોડ શાહ

મૅનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી સ્કૂલ, ભરૂચ.
સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧



*"સંબંધોય કારણ વગર હોય જાણે,*
*આ માણસ બીજાઓથી પર હોય જાણે.*
*ઉદાસી લઈને ફરે એમ પાગલ,*
*રહસ્યોની એને ખબર હોય જાણે."*

— આદિલ મન્સુરી

પરિવર્તન કુદરતનો નિયમ છે તેમ કહેવું અત્યંત સરળ છે પરંતુ તે વાસ્તવિકતામાં પરિવર્તિત થાય ત્યારે તેને પચાવવું ખૂબ કઠિન બને છે. કદાચ અત્યંત આકરું બને છે. માત્ર કલ્પના અને વિચારની સ્થિતિમાં હોઈએ ત્યાં સુધી ડહાપણ ભરેલી વાતો કરવાનું સરળ છે. પરંતુ સાચેસાચ વાસ્તવિક પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તેનો સામનો કરવાનું કાર્ય દુષ્કર બને છે. આદર્શ અને વાસ્તવિકતા એકબીજાની નજીક નથી. તેમની વચ્ચે તો હજારો કિલોમીટરનું અંતર હોય છે. કેવાં હોવું જોઈએ તે કહેવું સરળ છે. આદર્શ વર્તન કરવાની પરિસ્થિતિ જિંદગીમાં સામે આવીને ઊભી રહે ત્યારે જ મનુષ્યની સાચી કસોટી થાય છે.

લગભગ પાંચ દાયકા પહેલાં વેકેશન પડતાંની સાથે મામા-માસી કે કાકા-ફોઈને ત્યાં જવાની સ્થિતિ અત્યંત સામાન્ય હતી. પાડોશીને ત્યાં આવા સંબંધે કોઈ આવે તો તે સ્વાભાવિક ગણાતું. ખરેખર તો વેકેશનમાં મહેમાન કે સગાં ન આવ્યા હોય તો અજુગતું લાગતું. સગાં-સ્નેહી કે મિત્રો ન આવે તો લોકો તેને 'એકલપેટો' કહેતા. આવા લોકો સમાજમાં ચર્ચાસ્પદ બનતા.

ધીમે ધીમે પરિવર્તનનો પવન એટલો બધો ફૂંકાઈ ગયો કે સગાં ભાઈ-બહેન કે પોતાના સંતાનોથી પણ અલગ રહેવામાં કાંઈ અજુગતું નથી તેમ લોકો સમજવા લાગ્યા. અલગ રહેવાથી પ્રેમ વધે છે અથવા બંને પક્ષે સ્વતંત્રતા અને સન્માન જળવાય છે તેવી ડાહીડાહી વાતો કરવા લાગ્યા. આ નકરી વાસ્તવિકતાને સમાજે સ્વીકારી લીધી કે સ્વીકારવી પડી તે નક્કી કરવાનું કઠિન છે. સંતાનો વડીલોથી અલગ રહેતા હોય કે સ્વજનો-મિત્રો ઘરે ન આવતા હોય તો તેમાં કાંઈ અનુચિત ન લાગ્યું. ખાસ કરીને આપણા ભારતીય સમાજમાં આ તદ્દન અસ્વાભાવિક હોવા છતાં સૌએ મને કે કમને સ્વીકારી લીધું. પરંતુ આ પરિસ્થિતિ કેમ અને શા માટે ઉપસ્થિત થઈ તેની કોઈ ચર્ચા જ ન થઈ.

*"દુ:ખ વગર, દર્દ વગર, દુ:ખની કશી વાત વગર,*
*મન વલોવાય છે ક્યારેક વલોપાત વગર."*

— અમૃત 'ઘાયલ'

ઉપરોક્ત પરિસ્થિતિ માટે નીચેના જેવા કારણો જવાબદાર હોઈ શકે :

**(૧) પરદેશગમન :** છેલ્લા પાંચ દશકામાં ઉત્તરોત્તર પરદેશ તરફની દૃષ્ટિમાં ધરખમ વધારો થઈ ગયો. અગાઉ લોકો માત્ર વેપાર-ધંધા માટે અન્ય દેશની વાટ પકડતા. ખાસ કરીને સાહસિક વેપારીઓ દરિયાઈ માર્ગે બીજા દેશોમાં જઈ વેપારનો વિકાસ કરતા. પરંતુ તેમના મૂળિયાં તો સ્વદેશ સાથે જોડાઈને રહેતા હતા. ત્યારબાદ તેજસ્વી અને ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ ધરાવતા વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે પરદેશ જવા લાગ્યા. ઉત્તમ શૈક્ષણિક ઉપાધિઓ અને અનુભવનું ભાથું લઈ પરત ફરતા. પોતાની કાર્યદક્ષતાનો લાભ દેશ અને વિશેષ તો પોતાના સમાજના ભાઈઓ-બહેનોને વહેંચવામાં ગૌરવ અનુભવતા.

ધીમે ધીમે કેટલાક લોકો શિક્ષણ પ્રાપ્ત કરવા માટે જે દેશમાં ગયા ત્યાં જ સ્થાયી થવાનું વિચારવા

લાગ્યા. સ્વદેશમાં પૂરતી તક કે સુવિધા ન હોવાના કારણે (ક્યારેક બહાનું !) ત્યાં જ રહી જવું પડે છે તેમ અન્યોને સમજાવતા રહ્યા. દેશમાં આવે ત્યારે છૂટા હાથે નાણાંનો વિનમય કરી પોતાનો પ્રભાવ પાડવામાં સફળ રહેતા. યુવાનો આ પરિસ્થિતિ જોતાં તેમના મનમાં એક વાત ઘર કરી ગઈ કે પરદેશ જઈએ તો જ સંપત્તિવાન થવાય. લગભગ છેલ્લા દસ-વીસ વર્ષમાં તો ગમે તેમ કરીને 'ભારત છોડો'ની મનોવૃત્તિ ઘર કરી ગઈ. ભારત કરતાં અનેક વિષમ પરિસ્થિતિઓ હોય તો પણ પરદેશ જ જવું છે તેવું રટણ ચોવીસે કલાક અને સમાજના મોટાભાગના કુટુંબોમાં થતા અમેરિકા કે કૅનેડા જ નહીં ઑસ્ટ્રેલિઆ, ન્યૂઝિલૅન્ડ, ઝૅમ્બિઆ, ફિજિ, પોલૅન્ડ કે અન્ય વિકસિત કે અવિકસિત દેશમાં યુવાનો જવા લાગ્યા. આ લોકો ધનવાન હોવાની આભા ઊભી કરી શક્યા. તેઓએ કુટુંબથી જુદા પડ્યા માટે જ પૈસાદાર બન્યા તેવું અન્યોને સમજાવવા લાગ્યા.

*"શું કુબેરો ? શું સિકંદર ? ગર્વ સૌનો તૂટશે,*
*હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે;*
*કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી,*
*આજ તો ફૂટી છે પ્યાલી કાલ કૂજો ફૂટશે."*

— ખય્યામ (અનુ. શૂન્ય પાલનપુરી)

**(૨) પશ્ચિમનો પવન :** વિશ્વના મોટાભાગના દેશોની સંસ્કૃતિ આપણાથી અલગ છે. એકપત્નીત્વ, સંયુક્ત કુટુંબની રહેણીકરણી કે પ્રભુનો ભય અન્ય દેશોના પાયામાં જૂજ પ્રમાણમાં છે. આજે પણ મોટાભાગના લોકો નોકરી કે વ્યવસાયની રોજિંદી શરૂઆત કરતાં પહેલાં મંદિરે જાય છે. જેમને અનુકૂળતા નથી તે સૌ ઘરમાં પ્રાર્થના કરીને કે પ્રભુને વંદન કરીને રોજના કાર્યનો પ્રારંભ કરે છે. એકથી વધુ પત્ની કે પતિ હોય તેવી સંખ્યા નહિવત્ છે. બાળક અઢાર કે વીસ વર્ષનો થાય અને તે કુટુંબથી અલગ ન થાય તો પરદેશમાં નવાઈ ગણાય છે. બાળકને એક કરતાં વધુ પપ્પા કે મમ્મી હોય તો તેમાં કાંઈ અયોગ્ય નથી તેવી અનેક દેશોના નાગરિકોની માન્યતા છે. ભારતમાં રહેતા આજના યુવાનો - યુવતીઓ પણ પોતાના શહેરમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ હોવા છતાં મા-બાપથી અલગ થઈ હૉસ્ટેલમાં રહી શિક્ષણ પ્રાપ્ત કરવામાં ગર્વ અનુભવવા લાગ્યા. સ્વાવલંબી બનવા માટે અલગ રહેવું જરૂરી છે તેમ સમજવા અને સમજાવવા લાગ્યા. મમ્મી-પપ્પા પણ પોતે જે શહેરમાં રહે છે તે અથવા જે શહેરની નજીક રહે છે તેના કરતાં ખૂબ દૂરના મોટા શહેરમાં બાળકો ભણે તો વધારે વિકાસ થાય તેવી માન્યતા ધરાવવા લાગ્યા. અન્ય દેશોની યોગ્ય અને ઉપયોગી સંસ્કૃતિનું અનુકરણ કરવાને બદલે ત્યાંની વિકૃતિઓ આપણા દેશમાં આવી ગઈ. પરદેશની સ્વચ્છતા, ચોકસાઈ, વફાદારી, નિષ્ઠા કે સખત મહેનતનું અનુકરણ કરવાને બદલે સ્વચ્છંદી જીવન, વૈભવી રહેણીકરણી અને ઘાતક વ્યસનોનું સેવન કરવામાં ચઢિયાતાપણું અનુભવાયું.

**(૩) આર્થિક સ્વતંત્રતા :** છેલ્લા બે-ત્રણ દસકામાં ભારતમાં પણ નોકરી કે વ્યવસાયની તકો વિપુલ પ્રમાણમાં વિકસી. પાંચ-દસ વર્ષમાં લોકોની આવકમાં ખૂબ વધારો થયો. કુટુંબો નાના થતાં ગયા અને આવક વધતાં શું કરવું તેનું ડહાપણ ન હોય તો તેનું અયોગ્ય પરિણામ ન આવે તો જ નવાઈ. પતિ-પત્ની બંને વ્યવસાયે જોડાતાં આર્થિક સદ્ધરતા બેવડાઈ. આ સંજોગોમાં કેટલાકને એમ લાગવા માંડ્યું કે આપણે વડીલોની જરૂર જ નથી. જરૂર પડે કામવાળી કે આયાના ભરોસે બાળકને મોટા કરી શકાશે. આજુબાજુમાં 'ડે કૅર' સેન્ટરમાં મૂકીને વ્યવસાય તરફ ધ્યાન આપવાનું સરળ અને સહજ બન્યું. આ તમામ બાબતો આર્થિક સ્થિતિ

ઉપર નિર્ભર છે અને નાણાં તો પૂરતા છે પછી શા માટે સંયુક્ત કુટુંબની પળોજણમાં પડવું ? અહીંયા સાંજે ભેગા મળીને એકબીજાના અનુભવો વહેંચવામાં કે વડીલોના અનુભવનો લાભ લેવામાં ફાયદો છે તેવું સમજી શક્યા નહીં.

(૪) **વ્યક્તિવાદી વલણ :** ભારતીય સંસ્કૃતિ અને ભાવના-લાગણીને ઉજાગર કરતા તહેવારોની ઉજવણી અદશ્ય થઈ ગઈ. આર્થિક સદ્ધરતાને લીધે આ ઉજવણીમાં કૃત્રિમતા પ્રવેશી ગઈ. ભાઈબીજ કે રક્ષાબંધન નિમિત્તે એકબીજાને ત્યાં જમવા જવાને બદલે હૉટેલમાં મળવાનું ગોઠવાયું. જન્મદિવસ કે લગ્નદિવસની ઉજવણી ઘરે નહીં કોઈ ભવ્ય હોટેલ કે ફાર્મ હાઉસ પર થવા લાગી. ઉત્તરાયણ, હોળી-ધૂળેટી કે જન્માષ્ટમી જેવા તહેવારો નગણ્ય બન્યા. દિવાળી-નૂતનવર્ષનું હળવા મળવાનું નામશેષ થઈ ગયું. નવરાત્રિની ઉજવણીમાં કૃત્રિમતા વધી અને અત્યંત ખર્ચાળ બની. ક્રિસ્‌મસ અને ઈસુના નવા વર્ષની ઉજવણીમાં ભભકા વધ્યા પરંતુ ભાવના ઘટી.

કોઈપણ તહેવારની ઉજવણી કે ઘરના કોઈક સારા અથવા ખરાબ પ્રસંગે સ્વજનો કે મિત્રોની જરૂર પડશે જ નહીં તેવી માન્યતા ઘર કરી ગઈ. કૉન્ટ્રાક્ટ આપવાથી જમવાનું કે સંગીત સંધ્યા ગોઠવવાનું સરળ બની ગયું. ધીમે ધીમે 'ઈવેન્ટ મૅનેજમેન્ટ'નો જમાનો આવતાં આર્થિક શક્તિ હોય તો માનવશક્તિની જરૂર જ નથી તેમ સ્વીકારી લીધું. જો નાણાં હોય તો 'કોઈની જરૂર નથી'ની સમજ વિકસી અને વાસ્તવિકતામાં તબદીલ થઈ ગઈ. આ એક કમનસીબ પરિસ્થિતિ વ્યવહાર બની ગઈ.

*"ફૂલોનું શું થશે અને ફોરમનું શું થશે ?*
*ઓ પાનખર વિચાર કે મોમનું શું થશે ?*
*દરિયાદિલી છે દિલની કે પામે છે સૌ જગા,*
*જો દિલ નહીં રહે તો પછી ગમનું શું થશે ?"*

– શેખાદમ આબુવાલા

ઉપરના જેવા કારણોને લીધે એકબીજાને ત્યાં જવું-આવવું કે હળવું-મળવું નામશેષ થઈ ગયું. ફોન કર્યા વિના જઈએ તો અવિવેક ગણાવવા લાગ્યો. સંબંધો સહજ અને સરળમાંથી ઔપચારિક બની ગયા. અગાઉ પરદેશમાં સામાજિક જીવન નથી તેમ કહેવાતું, પરંતુ આજે તો સ્વદેશમાં પણ નથી. કદાચ પરદેશમાં સામાજિક જીવન ખૂબ ઊજળું બન્યું છે. પરદેશમાં સપ્તાહના અંતે ભેગા થઈ વિવિધ તહેવાર અને દિવસોની ઉજવણી મોટા પ્રમાણમાં અને આનંદપ્રદ માહોલમાં થવા લાગી. ભારતીય સંસ્કૃતિ આધારિત થવા લાગી. ત્યાં સંતાનો ભારતીય સંસ્કારો પ્રાપ્ત કરે તેવા સંનિષ્ઠ પ્રયત્નો થઈ રહ્યા છે. પરદેશમાં મિત્રો કે સ્વજનોની સંખ્યા ઓછી હશે એટલે અથવા એકબીજાની જરૂરિયાત વધુ છે માટે પણ સામાજિકતાનો આલેખ વધુ સારો રહ્યો હોય તેવું પણ હોઈ શકે.

ભારતમાં સગાંઓની હૂંફ, મિત્રોના વહાલ અને પરિચિતોના પ્રેમની અનહદ જરૂર છે. સામાજિક સંબંધો વધુ વિકસાવવા જરૂરી છે. ખાસ કરીને વરિષ્ઠ વડીલોને એકલતાની ગર્તામાં ધકેલી દેતાં સામાજિક સમસ્યાઓ વધશે. વરિષ્ઠો પણ યુવાનોને મદદરૂપ થવાના પ્રયત્નો કરે. અનુકૂલન સાધવા થોડીક બાંધછોડ કરે અને મોટું મન રાખીને સામાજિક જીવન વધારે રૂડું રૂપાળું બનાવે તે આજની તાતી આવશ્યકતા છે.

**આચમન:**

**"દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,**
**મને હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી,**
**ન ધરા સુધી, ન ગગન સુધી, નહિ ઉન્નતિ, ન પતન સુધી,**
**અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી."**

**– ગનિ દહીંવાલા**

# ચકીરાણીની ચિંતા


હરિત પંડ્યા



૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૬૯૯૮૫૪


એ, નદીના પ્રવાહની વચ્ચે આવીને ઊભો રહી ગયો. કેડ સમું પાણી એને ગલી પચી કરતું ધીમી ગતિએ વહી રહ્યું.

સામે ને કિનારે એક ચિતા સળગી રહી હતી. એની ફરતે બેઠેલ ડાઘુઓ ટોળટપ્પા મારી રહ્યા હતા. ગામ તરફના કિનારે આવેલા મંદિરમાં કોકની સરવણની વિધિ આરંભાઈ ચૂકી હતી. રેવા તટે વસેલ આ ગામ નાની કાશી તરીકે ઓળખાતું. જે દિવંગતોની અત્યંષ્ટિ વિધિ અહી કરવામાં આવતી એમને મોક્ષની પ્રાપ્તી થતી એમ મનાતું.

એને જોડે આવી બાબતોમાં લગીરે શ્રદ્ધા નો'તી. ખળ ખળ વહેતા પાણીના પ્રવાહમાં ત્રણ-ચાર ડૂબકીઓ મારીને પાણીની બહાર આવ્યો અને કપડાં બદલ્યાં. ત્યાં, એની નજક એક ચકલી પર પડી. ચકલીને જોતાં જ એ હરખાઈ ઊઠ્યો. ખોવાઈ ગયેલી કોઈ અમૂલ્ય ચીજ મળી આવે અને જેવો આનંદ થાય એવો આનંદ એ અનુભવી રહ્યો.

“ચકીરાણી ક્યાં અલોપ થઈ ગયાં હતાં ? હમણાંનાં બિલકૂલ દેખાતાં જ નથી.” એણે ચકલીને પૂછ્યું.

એનો પ્રશ્ન સાંભળીને અહીં-તહીં ઊડાઊડ કરવાનું પડતું મેલીને ચકી બોલી, “એક હતી ચકી અને એક હતો ચકો” વાર્તામાં બોલે છે એમ.

“ભાઈ, અદૃશ્ય ન થાઉં ત્યારે શું કરું ? પહેલાં તો તમારાં ઘરોને માથે નળિયાં કે પતરાં હોય તે એની નીચેની વળીઓનાં પોલાણોમાં અમે અમારા માળા રચતાં. નહીં તો પછી ટોડલા, ગોખલા કે છાજલીઓનાં સહારો લેતાં. હવે તો પતરાં, નળિયાંને ઠેકાણે ધાબાં આવી ગયાં છે. છાજલીઓને બારણાં લગાવી દેવાયાં છે અને ટોડલા, ગોખલા વિદાય થઈ ગયા છે. પહેલાં દીવાલો પર લટકતા ફોટાઓ પાછળની જગા પણ અમે માળા બાંધવાના કામમાં લેતાં, હવે તમે ફોટાઓને દીવાલો સાથે જડબેસલાક જડી દો છો. આમ, અમારા માળા બાંધવાની જગાઓ, એક પછી એક ઝૂંટવાતી ગઈ. છેવટે પંખાઓ પરના દાંડા પરની



પ્લાસ્ટિકની પ્યાલો ઓમાંય અમે માળા રચવા માંડ્યા. પણ, એમાં જાનનું જોખમ રહેતું. પંખો ચાલુ હોય અને અમારે માળામાં આવવું કે અંદરથી બહાર જવું હોય ત્યારે એમાં પાંખિયાંની હડફટમાં આવીને મરણને શરણ થવાનો પૂરો ભય રહેતો. હવેનાં મકાનોમાં તો વેન્ટિલેટરોય નથી રહ્યાં. અને બારીઓ પર મોસ્કિટો નેટ લાગી ગઈ છે. બારણાં તો સદા બંધ રહેવાનાં. હવે તો વૃક્ષોય તમે ક્યાં ઝાઝાં રહેવા દીધાં છે ! જે થોડાં છે એમાં માળા બાંધીએ તો કાગડો હેરાન કરે. આમેય તમારે હવે અમારા ચીં... ચીં...ના સૂરની ક્યાં જરૂર રહી છે, તમારી કારો એવા સૂર રેલાવતી થઈ ગઈ ગયા પછી ! ડોર બેલનું બટન દબાવો એટલેય એવો સૂર સાંભળવા મળવાનો તમને.”

“એ તો ઠીક, પણ અમારું શહેર છોડીને અહીં શા માટે આવ્યાં તમે ?” એણે ચકીરાણીને પૂછ્યું.

“જે કારણે તમે અહીં આવ્યા છો એ જ કારણે.” ચકીરાણીએ કહ્યું.

“હું તો મારા સ્વજનની ઉત્તરક્રિયાની વિધિ કરાવવા આવ્યો છું”

“ત્યારે હું ય અમારા કુળના અંતિમ સભ્યની અંત્યેષ્ટિ અર્થે અહીં આવી છું. મારી ઉત્તરક્રિયા કોણ કરશે એની મને ચિંતા રહે છે.” ચકીરાણીએ કહ્યું, પછી એમની નાનકડી, નાજૂક પાંખો ફફડાવતાં એ ઊડ્યાં અને પળવારમાં ક્યાંય અલોપ થઈ ગયાં. એ ચકી વિહોણા આભને જોતાં રહ્યો.



# ૬ દાયકા પહેલાં ભણેલ વિદ્યાર્થીનો અનુભવ કર્યો :

ઈ.સ. ૧૯૪૪માં સ્થપાયેલી સરસ્વતી વિદ્યામંડળ ૭૫ વર્ષની સફર પૂરી કરવા જઈ રહ્યું છે. ૭૫ વર્ષની સફરમાં સરસપુર અને અસારવા વિસ્તારમાં અનેક બાળકો શિક્ષણ લઈ ચૂક્યા છે. અમારા આદ્યસ્થાપક પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક તથા ૧૦૧ વર્ષની ઉંમરે મુ.શ્રી જશીબહેનનું માર્ગદર્શન અમને સૌને મળતું રહે છે.

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત જે.એન. બાલિકા વિદ્યાલયની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ સંગઠિત થઈ રીયૂનિઅન તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮, રવિવારના રોજ યોજ્યું હતું. જેમાં ઈ.સ.૧૯૬૪થી લઈને ૨૦૧૮ સુધીની આશરે ૪૦૦થી ૪૫૦ સારસ્વત બહેનો લગભગ ૩૫ વર્ષ પછી આ કેમ્પસમાં ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમ બપોરે ૨.૦૦ થી ૫.૩૦ સુધીનો તાસ પદ્ધતિ મુજબ રાખવામાં આવ્યો હતો. બપોરે ૨.૦૦ થી ૨.૩૦ સુધીમાં આવનાર દરેક સારસ્વત બહેનોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. શાળાની શરૂઆત જેવી રીતે થાય છે તેવી જ રીતે કાર્યક્રમની શરૂઆત ઘંટ વગાડી કરવામાં આવી હતી. સૌ સારસ્વતો બ્લેક ઍન્ડ વ્હાઈટ ડ્રેસ કોડમાં જ આવ્યા હતા.

રીયૂનિઅનમાં સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટી શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ, ભૂતપૂર્વ આચાર્યો શ્રી કલ્પનાબહેન, આશાબહેન તથા શિક્ષકોએ પણ હાજરી આપી હતી.

સરસ્વતી વિદ્યામંડળની પ્રણાલી પ્રમાણે જે.એન. બાલિકા વિદ્યાલયની સારસ્વત દૃષ્ટિ ભાવસારે પ્રાર્થના ગાઈ અને તેને તબલાં ઉપર નિધિ ભાવસારે સાથ આપ્યો હતો. પ્રાર્થના બાદ પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલ ભારતીય જવાનોને મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આપણી જ શાળાના સારસ્વત, શિક્ષક અને અત્યારે કુમારશાળાના આચાર્યા શ્રી મીતાબહેન મહેતાએ સૌ મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપ્યો હતો.

રીયૂનિઅન શા માટે ? એ અનુસંધાનમાં સારસ્વત તથા પૂર્વ શિક્ષક શ્રી કલ્પેશભાઈ પટેલે સરસ્વતી વિદ્યામંડળ દ્વારા ચલાવવામાં આવતી પૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન 'સરસ્વતી નાગરિક સમાજ'ની ખૂબ જ સુંદર રૂપરેખા તથા તેમાં થઈ ગયેલ કાર્યક્રમની વિસ્તૃતમાં સમજ આપી હતી.

રીયૂનિઅન ચલાવવા માટે પૂર્વ આચાર્યા શ્રી આશાબહેન વૈદ્ય દ્વારા 'આપનો સાથ, આપણો વિકાસ' અંતર્ગત સમાજ પાસેથી અમે ઘણું મેળવ્યું. હવે વારો છે આપણે સમાજને આપવાનો. સૌ એકત્ર થઈ સમાજને શું શું આપી શકાય ? તે વિચારી કમિટી બનાવવા ઇચ્છે છે જેમકે ગરીબ વિસ્તારની શાળાઓમાં જઈ યોગા શીખવવા, રસોઈ, ચિત્ર, સંગીત, હેલ્થ અવેરનેસ વગેરેના વર્ગો લેવા. આ ઉપરાંત સરકારી હૉસ્પિટલમાં જઈ ગામડેથી આવતાં અજ્ઞાન-અભણ પેશન્ટને ફૉર્મ ભરી આપવા, જરૂરી માહિતી પૂરી પાડવી, જે તે વોર્ડ સુધી પહોંચાડવા વગેરે કાર્ય કરવા છે. આ અંગે જુદી જુદી રસ રુચિ ધરાવતી બહેનો તેમાં જોડાઈ યોગદાન આપી શકે.

રીયૂનિઅનના મંગલાચરણમાં જે.એન.બાલિકાના આચાર્યા શ્રી હેતલબહેન શાસ્ત્રીએ રીયૂનિઅનના આગળ ધપાવવા કટિબદ્ધતા બતાવી.

'મને કેમ વિસરે રે...' અંતર્ગત શ્રી જશુબહેન પટેલ જેઓ ૧૯૬૪ના વિદ્યાર્થિની રહી ચૂક્યા છે. ત્યારબાદ સરસ્વતી વિદ્યામંડળની પ્રાથમિક શાળામાં શિક્ષક, આચાર્યા અને અત્યારે બાલવિહારના આચાર્યા તરીકે સેવા આપી રહ્યાં છે.

શ્રી ઈન્દિરાબહેન જેઓએ ૧૯૭૮ની સાલમાં જે.એન. બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરેલ હતો. જેઓ

# વિદ્યાર્થિનીઓએ માતૃશાળામાં ફરી જે. એન. બાલિકા રીયૂનિઅન

**મનીષ પટેલ**
એડમિનિસ્ટ્રેટીવ
સરસ્વતી નાગરિક સમાજ
મો. ૯૮૨૫૭૫૨૪૩૭



અત્યારે ગૃહિણી છે.

શ્રી હર્ષિદાબહેન મહેતા જેઓ ૧૯૮૯ની સાલમાં આપણી શાળામાં ભણેલા હતા. જેઓ અત્યારે બરોડા સ્થિત નવરચના એજ્યુકેશન ટ્રસ્ટમાં ડેપ્યુટી મેનેજરની ફરજ બજાવે છે.

શ્રી દિપ્તીબહેન શાહ જેઓ ૧૯૮૯ની વર્ષની વિદ્યાર્થિની છે. જેઓ અત્યારે કુકિંગ ફિલ્ડમાં ખૂબ જ નામના ધરાવે છે.

શ્રી એકતા ડોડિયા જે ૨૦૧૨ના વર્ષની પૂર્વ વિદ્યાર્થિની. જે અત્યારે પોન્ડિચેરીમાં કસ્ટમ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે.

દરેક સારસ્વતોએ પોતાના સમયના આચાર્યો, શિક્ષકો, શાળાના મિત્રોને યાદ કરીને વાતાવરણને હર્ષોલ્લાસ કર્યું હતું.

ટ્રસ્ટી મંડળના શ્રી ઉપેન્દ્રભાઈએ રીયૂનિઅન જેવા કાર્યક્રમો અવારનવાર થતા રહે તેવી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને ટ્રસ્ટી શ્રી જ્યોતીન્દ્રભાઈએ પણ પત્ર દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

શ્રી હેતલબહેન રામી જેઓ આપણી જ સ્કૂલના સારસ્વત છે. તેમણે કાર્યક્રમમાં ટ્રસ્ટીમંડળનો, જે.એન.બાલિકાનો, આમંત્રણને માન આપીને આવનાર તમામ આચાર્યો, શિક્ષકો, સારસ્વતો તથા મહેમાનો, સ્વયંસેવકો તથા આયોજન કમિટિના સભ્યોનો આભાર માન્યો છે.

અંતે સૌ સારસ્વતો, આચાર્યો, શિક્ષકોએ સંસ્થાગીત ગાઈને પ્રથમ પડાવ પૂર્ણ કર્યો હતો.

કાર્યક્રમના બીજા સત્રમાં સૌ સારસ્વતો સૂર, તાલ, લય, રાગ એમ કુલ ૪ વિભાગમાં રૂપાંતર કરી અંતાક્ષરી રમી હતી.

અંતાક્ષરી બાદ સૌ સારસ્વત બહેનો તથા શિક્ષકોએ ડિજેના તાલ ઉપર ગરબા ડાન્સ કર્યો હતો.

સૌ સારસ્વત બહેનો પોતાના વર્ગોમાં ગ્રૂપ સાથે જઈ ફોટો પડાવ્યા હતા. શાળા જીવનમાં જે ગણવેશ હતો તેના કટઆઉટમાં સૌ બહેનોએ ફોટોગ્રાફ પાડ્યા હતા. સૌ સારસ્વત બહેનોએ આચાર્યો, શિક્ષકો પાસે પોતાની યાદગીરીરૂપે તસ્વીરો પડાવી હતી. શાળા જીવનમાં જે નાસ્તો મળતો હતો તેની યાદગીરી રૂપે આયોજકો તરફથી ખાટી-મીઠી ગોળી, બીયા, આંબોળિયા, આમપાપડ જેવી ખાદ્ય વસ્તુઓ મૂકીને શાળાની યાદ તાજી કરાવી હતી.

જેમ શાળામાં રિસેસ પડે છે નાસ્તા માટે તેમ હાઈ-ટીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સૌએ ખૂબ જ મજા માણી હતી. સાંજે ૫.૩૦ કલાકે શાળા જેમ છૂટે છે તેમ લાંબો ઘંટ વગાડી સૌ સારસ્વતોને છોડી મૂકવામાં આવી હતી.

સારસ્વત બહેનો પોતાના બાળકોને શાળાની તથા તેમની બાળપણની સહેલીઓની મુલાકાત કરાવી હતી.

રીયૂનિઅન કરી હળવું-મળવું તો ખરું જ પરંતુ તેને જીવંત રાખવું તે મુખ્ય ધ્યેય સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિન પહેલા સંકલ્પ કરવા સૌને કટિબદ્ધ બનાવ્યા હતા. સમયાંતરે ફરી કમિટી ભેગી થઈ તેમનાં કાર્યનો અહેવાલ આપે અને ભવિષ્યની યોજના કે ફેરફાર જરૂરી જણાય તો કરશે.

રીયૂનિઅન કમિટિમાં સલાહકારમાં શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, શ્રી આશાબહેન વૈદ્ય, શ્રી કલ્પેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, મદદગારમાં શ્રી મીતાબહેન મહેતા, મૃણાલબહેન ઓઝા, ચેતનાબહેન રાવલ, સારસ્વત વિદ્યાર્થિનીઓ દિપ્તીબહેન શાહ, હેતલબહેન રામી, તેજલબહેન પાનસરા, નીતિકાબહેન પટેલ, ઉપાસનાબહેન ચૌહાણ, એડમિનિસ્ટ્રેટીવમાં શ્રી ઉર્વિલભાઈ અને મનીષભાઈ પટેલ.

કાર્યક્રમ ખૂબ જ સુંદર રહ્યો હતો. સૌએ આ કાર્યક્રમ માણ્યો હતો.

રીયૂનિઅન નવા અભિગમો તથા નવા પદ્ધતિસર કાર્યક્રમો સાથે ફરી મળશે.

# ગાંધીજીની દોઢ સદી - ૨૦૧૯
# જહોન રસ્કિન અને અર્થચિંતન

હીરજીભાઈ નાકરાણી

મો. ૯૧૦૬૦૭૭૦૭૬



(ગતાંકથી શરૂ)

'અન ટુ ધીસ લાસ્ટ'ના ચાર નિબંધો સને ૧૮૪૩ થી ૧૮૫૯ના ગાળામાં ચાર હપ્તે કોર્નિહિલ સામયિકમાં આ ક્રમે પ્રગટ થયા હતા.

૧. પ્રતિષ્ઠાનું મૂળ - ૧૮૪૩ - ૨૩ વર્ષની ઉંમરે

૨. સંપત્તિની ધોરીનસ - ૧૮૪૯ - ૨૭ વર્ષની ઉંમરે

૩. અદલ ન્યાય

૪. ખરું મૂલ્ય - ૧૮૫૯ - ૩૭ વર્ષની ઉંમરે

આ ચાર નિબંધોએ યુરોપના દેશોમાં ખળભળાટ મચાવી દીધો હતો પ્રચંડ વિરોધનો વા-વંટોળ જાગતા પાંચમા નિબંધનું પ્રકાશન અટકાવી દેવામાં આવ્યું હતું, જે વખતે તેમની ઉંમર માત્ર ૪૧ વર્ષની થઈ ચૂકી હતી. આ અરસામાં ઇંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાંતિ હરળફાળ ભરી રહી હતી. યુરોપમાં આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે બદલાવ આવતા રસ્કિને દેશના હિતચિંતકોના  દયમાં કાયમ માટે સ્થાન જમાવી દીધું હતું. આ સંદર્ભમાં તેઓ કહે છે કે મૂડીપતિઓમાં પ્રામાણિકતા અને ઉદારતાનો ઉદય થાય તો મજૂરી કે શ્રમિકોના સંગઠનના પ્રશ્નોનો ઉકેલ સરળ બની જાય પણ જો કાર્યવાહકોમાં પ્રામાણિકતાનો સદંતર અભાવ રહેશે તો શ્રમિકો મજૂરોના સંગઠનની સંભાવના પણ અશક્ય બની જશે.

ઇંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાંતિ ઝડપભેર વિસ્તરી અને વિકસી રહી હતી, જેને કારણે મૂડીપતિઓની મૂડીમાં સતત વધારો જ થતો ગયો અને મૂજરોનું સતત શોષણ વધતું ગયું. આમ મજૂરોના પસીના પર તાગડધીન્ના કરવાનું અર્થવિજ્ઞાન સતત વિકસતું રહ્યું. મારું મારા બાપનું અને તારું મારું સહિયારું એ વિચારના પાયામાં રચાયેલ અર્થ વિજ્ઞાને ગ્રામોદ્યોગોને ભાંગી નાખ્યા. બે ટંકનો રોટલો રળવા માટે ગામડાંના બેકાર લોકોએ શહેર તરફ દોટ મૂકી પરિણામ એવું આવ્યું કે શહેરનો ધનિક વધુ ધનિક બનતો ગયો અને ગરીબ વધુ ગરીબ બનતો ગયો. આ બે વચ્ચેની ખાઈ સતત પહોળી થતી ગઈ. જેનું પરિણામ આજે વિશ્વના દેશો અનુભવી રહ્યા છે. આ અભિગમને બદલવાની હિંમત યુરોપમાં સૌ પ્રથમ રસ્કિને કરી હતી. તેમણે સામાજિક ચિંતનમાં સામાજિક ન્યાયની સમતુલાના ભંગનો પ્રશ્ન સૌપ્રથમ ખડો કર્યો ને કહ્યું કે આજના અર્થ વિજ્ઞાનનો સંપત્તિ અંગેનો ખ્યાલ પાયામાંથી ભૂલ ભરેલો છે. તેથી શ્રમના વળતરમાં અદલ ન્યાયનો ખ્યાલ દાખલ કરીને રસ્કિને શ્રમિકોને મળતા નીચા વેતનને વ્યાજબી ઠરાવનાર વેતનના લોખંડી કાયદાના મૂળમાં જ સબળ તાર્કિક અને અસરકારક પ્રહાર કર્યો, પરિણામે રસ્કિનની ન્યાયભરી વિચારણાના પ્રભાવથી અંજાઈને ઇંગ્લૅન્ડમાં કલ્યાણકારી (વેલ્ફેર) રાજ્યનો પ્રારંભ થયો. પરિણામ એ આવ્યું કે જગતભરમાં મૂડીવાદી કલ્યાણલક્ષી આર્થિક વ્યવસ્થા બનવાને કારણે તે વધુ સરાહનીય બન્યો. આમ સંપત્તિના નિર્માણમાં માનવ પરિબળને પ્રસ્થાપિત કરવાનું કામ તેઓ કરી શક્યા.

ન્યાયના સંદર્ભમાં તેમણે કહ્યું કે ન્યાય થકી રોજી વધે છે, જેમ જેમ રોજીની તકો વધે છે તેમ તેમ સમાજની આવક વધુ સમાન રીતે વહેંચાય છે તેથી અસમાનતાનો પ્રભાવ અટકાવી શકાય છે. બિનકુશળ શ્રમિક મજૂર બની ગયેલ સમાજને જીવવા માટે કાયમી ગરીબી ભોગવવાનો વારો આવે ત્યારે નફા થકી સંપત્તિ કેમ એકઠી કરવી કે પછી સમાજના તમામ લોકોને નબળામાં નબળાને પણ ન્યાયપૂર્વક જીવન જીવવા મળવું જોઈએ.

તેઓ કહે છે કે સંપત્તિનું માપ તેના વપરાશ પરથી થવું જોઈએ. ખરેખર તો સંપત્તિનું અસલ માનવ સ્વયં છે. પૈસો એ તો તેના પડછાયા પાછળની દોડ છે અને જીવન કરતાં અધિક એવી કોઈ સંપત્તિ નથી. જીવન એ જ



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ખરી સંપત્તિ છે. એમ કહીને કહેવા તો એ માગે છે કે વપરાશ એ જ ઉત્પાદન કાર્યની કસોટી છે અને ઉત્પાદનનું લક્ષ વપરાશ છે અને વપરાશનું લક્ષ જીવન છે.

આજ સુધી માનવે પોતાની બુદ્ધિનો ઉપયોગ પોતાના ભાઈઓનો કેમ નાશ કરવો તેમાં કર્યો છે. લડાઈ, ઝઘડા, લૂંટફાટ વગેરેની નિપૂણતા તરફ તેણે અવશ્ય પ્રગતિ કરી છે. પણ માણસ તો આ પ્રકારની પશુવૃત્તિ કરતા કંઈક વિશેષ ઊંચેરો છે. રસ્કિન માનવ જાતિના આખા પ્રશ્નમાં પ્રેમ અને હિંમત રૂપે બે અંતરાયો જુએ છે. બીજાને ન્યાય મળે તેવો આગ્રહ તે, તેમ ઉપર સાચો પ્રેમ હોય તો જ સંભવી શકે અને પોતાના હાથે બીજાને અન્યાય ન થાય તે માટે ત્યાગપૂર્વક સ્વેચ્છાએ સારું જીવન જીવવાનું સ્વીકારવામાં ભારોભાર હિંમત જરૂરી છે.

માણસની આંખ આડે આવી ગયેલ સ્વાર્થના પડળ જામી ગયા છે. આ પડળો પોતાની જાતે જ ખસેડવાનો પ્રયત્ન માનવે કરવાનો છે. તે પછી જ શાંતિ માટેનું અર્થશાસ્ત્ર નિર્માણ થશે, જે ઉત્પાત અને ત્રાસમાંથી માનવને મુક્ત કરવા માટે હશે અને પછી જ કચડાયેલા, તજાયેલા છે તેનો આત્મા ત્યારે જ શાંતિ પામશે અને શાંતિનું વાતાવરણ પણ ત્યારે જ પેદા થશે.

કચડાયેલા, તજાયેલા ગરીબી ને અભાવોથી પીડાતા સામાન્ય વર્ગના ઉદયની વાત 'અન ટુ ધીસ લાસ્ટ'ની ભાવનામાં આવી છે. જ્યાં સુધી સમાજના આ વર્ગના કષ્ટો મટે નહીં ત્યાં સુધી આવનારા યુગ પર્યંત માનવતા પ્રતિન્યાયનું આ સત્ય તો સાર્વભૌમ સુસંગત રહેનારું છે.

રસ્કિને આ પુસ્તકના ચાર નિબંધોમાં બહુ વિસ્તારથી આ રીતે સમજાવ્યું છે

**૧. મજૂર, શ્રમિક અને કામદારના દૈનિક વેતનનું ધોરણ નક્કી કરવું :**

પ્રથમ તો બેકાર મજૂરોને કાર્યકુશળ બનાવવા સરકારી ખર્ચે સરકારી તાલીમ શાળાઓમાં તાલીમ આપવી. તે પછી જ તેના વેતનના ધોરણો નક્કી કરવા. જો કોઈ શ્રમિક બીમારીને કારણે શ્રમ કરવા ન આવી શકે તો તેની સારવાર કરી પૂરો સ્વસ્થ કરવામાં આવે.

કોઈ શ્રમિક કામમાં દિલ દગડાઈ કે આળસ કરે કે કામ ન કરે તો તેની પાસેથી સખત શિક્ષા કરીને પણ કામ લેવાવું જોઈએ. આવા શ્રમિકોને ખાણની મજૂરી જેવા જોખમી અને કષ્ટદાયક કામોમાં જોતરી દેવા જોઈએ અને તેમની સાથે કાળજીભર્યા કામદારનું ચુસ્ત પાલન કરાવી જોખમોને સંપૂર્ણ નાબૂદ કરવામાં આવે અને તેઓને ધોરણસરનું વેતન ચૂકવવું.

**૨. તેઓની શક્તિને સંગઠિત કરવી :**

પોતાની રોજી-રોટી ખોઈ બેસવાનો ભય ન હોય તેવા શ્રમિકો અનૈતિક, અપ્રમાણિક વ્યવહારના પ્રલોભનમાં ફસાય નહીં અને આ બાબત સ્વપ્નેય વિચાર ન કરે તેવા માણસો દુનિયામાં હજુય રહેલા છે. આવા માણસો જ રાષ્ટ્રના અસ્તિત્વને ટકાવી શકે પણ પ્રશ્ન એ છે કે તેવા માણસો વિશ્વમાં હોય કેટલા ?

**૩. નવજાત શિશુ માટે શિક્ષણ ફરજિયાત બનાવવું :**

બાળકો કે તેના માતા-પિતા પોતાના બાળકો શાળાએ મોકલવાની આનાકાની કરે, બેદરકારી સેવે કે બાળકને શાળાએ ન જ મોકલે તો તેના પર શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ.

**૪. નવયુવક, યુવતીને તાલીમ આપવી :**

જે તે વિષયના નિષ્ણાતોને રોકી તાલીમ આપવી. તે માટે તેમણે ત્રણ બાબતો અગત્યની ગણી છે.

૧. બાળકોની તંદુરસ્તી જળવાય રહે તે માટે અગત્યના નિયમો ઘડવા અને વ્યાયામ શાળાઓ પણ શરૂ કરવી.

૨. બાળકોને ચારિત્ર્યવાન નાગરિકો બનાવવા માટે અગત્યના નિયમો ઘડવા અને વ્યાયામ શાળાઓ શરૂ કરવી.

૩. ભવિષ્યના જીવન માટે પોતાની આજીવિકા પોતે મેળવી શકે તેવા વ્યવસાયનું શિક્ષણ આપવું.

રસ્કિને સરકાર માટે પણ એક અલગ પ્રકારની આચાર સંહિતાનો વિચાર કર્યો છે જે આ મુજબ છે :

તાલીમ શાળા સાથે જીવન જરૂરિયાતની તમામ ચીજ-વસ્તુઓના વેચાણ માટે વ્યવસ્થા ઊભી કરવી તે માટે

વર્કશૉપ યોજવા અને જરૂરી હુન્નર ઉદ્યોગો ચલાવવા, તે માટે ખાનગી માલિકો ઉપર કોઈ નિયંત્રણો કે અલગ કરવેરા નાખવા જેવા અંકુશો મૂકવાની જરૂર નથી.

ખાનગી અને સરકારી બંને ક્ષેત્રના ઉદ્યોગોની ગુણવત્તા ઉત્તમ જળવાય તે માટે તંદુરસ્ત સ્પર્ધા કે હરીફાઇ જવી જોઈએ. પછી ખાનગી ઉદ્યોગવાળા પોતાની શ્રેષ્ઠ શક્તિ બતાવવામાં ભલેને આગળ નીકળી જાય પણ બંને ક્ષેત્રમાં ચીજ-વસ્તુઓ સંપૂર્ણ શુદ્ધ, સારી, સાચી ને ભેળસેળ વગરની થાય તે માટેના ધોરણો ચુસ્તમાં ચુસ્ત રાખવા જેથી ગ્રાહકને ભેળસેળ વગરની શુદ્ધ વસ્તુ મળી રહે.

વૃદ્ધો કે અપંગોને ઘર જેવી સુવિધા મળે તેવો પ્રબંધ કરવો. તેમનું સ્વમાન ન ઘવાય કે તેમના સ્વમાનને કોઈ પ્રકારની ઊની આંચ ન આવે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જે રીતે દેશનો સૈનિક તલવાર, બંદૂક કે કલમ વગેરે કોઈપણ સાધન થકી કરીને જે સેવા બજાવે છે તેઓને નિવૃત સમયે પેન્શન મળે છે. પછી ભલેને અરધું કે આખું હોય પણ સમાજમાં તેની ગરિમા અકબંધ રહે છે. જરાય ઘટતી પણ નથી. આવી જ રીતે દેશના મજૂર, શ્રમિક કે કામદાર હાથમાં કોદાળી, પાવડો, ત્રિકમ, દાતરડું કે હળ ચલાવીને દેશના ઉત્પાદનમાં સતત વધારો કરતો રહે છે તેની આ સેવાના બદલામાં નિવૃત્તવયે નિર્વાહ માટે સ્વમાનભેર વેતન મેળવવાનો હકદાર છે. આવી અર્થવ્યવસ્થા ગોઠવવી જોઈએ.

અંતમાં સંપત્તિની સાચી વ્યાખ્યા આપતા કહે છે કે રાષ્ટ્રની સાચી સંપત્તિ અર્થ કે મૂડી નહી પણ પ્રામાણિકતા, હિંમત અને વ્યક્તિના હૈયામાં ધબકતો પ્રેમ જ ગણાય છે.

એક ચપટી દારુ મોટા મહેલ કે કિલ્લાને મૂળમાંથી ઉખેડીને ફેંકી છે. એમાં સપડાઈ ગયો તે મૂઓ. આ સૂત્રને પાયો માનનારા અર્થશાસ્ત્રીઓની મૂળભૂત મજબૂત ઈમારતને એવી તો રસ્કિને તોડી પાડી કે હવે એવી વાત કરવાની હિંમત કોઈ અર્થશાસ્ત્રી કરી શકતો નથી. 'અન ટુ ધીસ લાસ્ટ'ના અર્થ ચિંતનના પાયામાં તેમણે જે વાત મૂકી છે તે અદ્‌ભૂત અને અર્થશાસ્ત્રીઓ અને ધનપતિઓના હાજા ગગડાવી નાખે તેવી બે વાતો આ રીતે કરી છે.

**● મજૂરોને પૂરું વેતન મળવું જોઈએ.**

તેની બીમારીમાં સંભાળ લેવાવી જોઈએ.

તેની વૃદ્ધાવસ્થામાં નિભાવનાર વીમા યોજના હોવી જોઈએ.

તે ખરેખર ધનોત્પાદનનો ભાગીદાર ગણાવો જોઈએ.

તેની બેકારી માટે કારખાનેદાર જ જવાબદાર છે.

**● બાળ મજૂરી ન જ હોવી જોઈએ, ન હોઈ શકે.**

નબળાની પાંચ શેરી ભારે, તેવું તો હવે સ્વપ્નમાં પણ કોઈ મૂડીદાર કે અર્થશાસ્ત્રી બોલી શકતો નથી તેનું કારણ રસ્કિન અર્થ ચિંતનનો પ્રતાપ છે.

તે વખતે અર્થશાસ્ત્રીઓ નિઃસંકોચ અને નીડરતાથી એવું કહેતા હતા કે નીતિ સાથે અમારો શો સંબંધ? અમારે તેની સાથે કોઈ લેવા-દેવા નથી. અમારું કામ તો સંપત્તિ વધારવાનું છે. આવું કહેનારાને રસ્કિને પડકાર્યા અને જાહેરમાં ખુલ્લા પણ પાડ્યા. પોતે અર્થશાસ્ત્રી ન હોવા છતાં અર્થશાસ્ત્રીઓને પણ સાચા પરિપ્રેક્ષ્યમાં જોનારો તે મૂળગામી વિચારક અને ચિંતક છે. તેના પરિપ્રેક્ષ્યમાં સંપત્તિ છે જ નહીં, જીવન છે. તેજ એમનો સિદ્ધાંત છે. જીવનને અગત્યનું પરિબળ ગણી તેને સાચવી, સુધારીને આગળ લઈ જઈ વિસ્તારીને સંપત્તિનું ઉત્પાદન કરવાનું છે. આવી રસ્કિનની દૃઢ ઘોષણા પણ છે.

રસ્કિને આ સિદ્ધાંતને વર્તમાન પરિભાષામાં અર્થોત્પાદન માટે રજૂ કર્યો છે અને એ જ સિદ્ધાંત આજની ટેક્નોલૉજી, જિનેટિક ટેક્નોલૉજી, સંશોધન અને વિશ્વવ્યાપી ગ્લોબલ સંસ્થાઓને લાગુ પડે છે.

શ્રમિકો હિતને લક્ષમાં રાખીને ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત રસ્કિને 'અન ટુ ધીસ લાસ્ટ'માં રજૂ કર્યો છે. તેમનો આ વિચાર શ્રમિકોના શોષણમાંથી જન્મ પામ્યો છે. શ્રમિકોના હિતમાં ધનિકોને સમજાવવાની કોશિશ પણ તેમણે ખૂબ કરી છે છતાં તેઓને સમજાયો નહીં કે સમજવા માગતા નહોતા. એટલે જ તેમણે પોતાના જીવનમાં અપનાવીને યુરોપના ધનિકોને સંદેશો આપ્યો હતો. તેમને વારસામાં મળેલી અને પોતે કમાયેલ ધન-સંપત્તિનો ત્યાગ કરીને તે

માટે અલગ ટ્રસ્ટીમંડળ બનાવ્યું. તમામ સંપત્તિ તેમણે મંડળને સોંપી દીધી. આની અસર યુરોપના ધનપતિઓ પર થઈ. આખી વાત ધીમે ધીમે સમજાવા લાગી.

દુનિયાનો સૌથી ધનવાન માણસ કે ધનના ઢગલામાં આળોટી રહ્યો છે. તે બિલગેટ્સ ભારતમાં આવીને અબજો ડૉલરનું દાન કરી જાય અને બિહારની ઝૂંપડપટ્ટીમાં નીચે બેસીને ઝૂંપડાવાસીઓના દુઃખડાંને જાણવાની કોશિશ કરે એ નાની સૂની ઘટના તો ન જ ગણાય.

મોબાઈલ માસ્ટર ઝુકરબર્ગ જેવા વિશ્વધનિકની પુત્રીના જન્મ દિવસે અબજો રૂપિયાનું દાન કરીને ઉત્સવ ઉજવ્યો તે પણ ઘટના લક્ષમાં લેવા જેવી જ છે.

બ્રિટનની સ્કૉર બોર્ડર કંપનીના માલિક શ્રી અર્નેસ્ટ બોર્ડરે પોતાની કંપનીના કામદારોને કંપનીના ભાગીદાર બનાવ્યા અને વહીવટમાં પણ તેઓને સામેલ કર્યા. આ વાત જૂની અને જાણીતી છે. તે પછી ત્યાંની બીજી કંપનીઓએ તેનું અનુસરણ ચાલુ રાખ્યું છે. દર વરસે ત્યાંનું એકાદ એકમ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને અપનાવે છે. આજે લગભગ ૫૦૦ કંપનીઓમાં આ રીતનો વહીવટ થાય છે. જર્મની, ડેન્માર્ક વગેરે દેશોમાં પણ ટ્રસ્ટીશિપનો પ્રચાર વધી રહ્યો છે.

આપણા દેશમાં માનસમાં ધન અને સંપત્તિની લાલસા પણ ભરપુર પ્રમાણમાં અડ્ડો જમાવીને બેઠી હોવાથી એ સંપત્તિ સમાજની મિલ્કત છે અને આપણે તેના માલિક નહીં પણ ટ્રસ્ટી તરીકે જ જવાબદારી નિભાવવાની છે એવી દલિત ધનિકને ગળે ઊતરે ક્યાંથી ?

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને વિશ્વવ્યાપી માન્યતા મેળવવા ગાંધીજીએ ખૂબ પ્રયત્ન કર્યો ને માન્યતા મળી પણ ખરી. આ ઘટના ભારત માટે આનંદ અને ગૌરવ લેવા જેવી ગણાય. જે દેશે વિશ્વને ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત વ્યાપક અર્થમાં, માનવતાને કેન્દ્રમાં રાખીને આપ્યો હતો. આજે યુરોપ અને અમેરિકાના કેટલાંક ઉદ્યોગપતિઓને ગળે વાત ઊતરતા આંશિક રીતે પણ આ સિદ્ધાંત તરફ વળવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ત્યાં પૈસાની ઘેલછા સાથે બુદ્ધિપૂર્વકની સમજ અને લાગણીનો ઉદય થઈ રહ્યો છે.

ભવિષ્યમાં દેશ અને દેશના નાગરિકોએ સુખી થવું હોય, શાંતિપૂર્ણ અને આનંદસભર જીવન જીવવું હોય તો ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને રસ્તે આવ્યા વગર છૂટકો નથી. વિચારમાં કસ હોય, વિચારમાં બળ હોય તો વર્ષો પછી પણ તે જીવતો રહે છે.

આધુનક અર્થશાસ્ત્રના પિતા આદમ સ્મિથ ગણાય છે. તે આધુનિક અર્થશાસ્ત્રનો મજબૂત પાયો નાખતા જણાવે છે કે કામના વિભાજન થકી મજૂરો, શ્રમિકો પોતાની ઉત્પાદન ક્ષમતામાં પુષ્કળ વધારો કરી શકે છે. બજારો નિયંત્રિત હોય છે તે માટે કોઈ રાજયના હસ્તક્ષેપની જરૂર નથી. આ રીતે તેણે બજારોની સ્વાયતત્તાની તરફેણ કરી છે.

તેમની આ દલીલ તે વખતના ઊભરાતા મૂડીવાદીઓને બહુ જ માફક આવી ગઈ હતી. આદમ સ્મિથે એક બીજી પણ દલીલ કરી કે અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં કોઈએ એકબીજા પર પરોપકાર કરવાની જરૂર નથી. દરેક જણ પોતાનું સ્વહિત જાળવીને તેનું સંવર્ધન કરે તો તેનાથી આપોઆપ સામાજિક હિત જળવાઈ રહે છે અને સંવર્ધિત થાય છે. નૈતિકતાના ક્ષેત્રમાં આદમ સ્મિથનો વિચાર ક્રાંતિકારી હતો કેમ કે જગતના તમામ ધર્મોએ પરોપકાર દ્વારા સામાજિક હિત વધારવાની જ વાત કરી હતી જ્યારે આદમ સ્મિથે તેનાથી તદ્દન વિરુદ્ધ વાત કરતા કહ્યું કે તમારે તમારું હિત જ ઇચ્છવાનું છે જેથી સમાજનું હિત આપોઆપ થશે.

આ રીતે આધુનિક અર્થશાસ્ત્રીઓનો એવો ભ્રમ હતો કે માનવીય સંબંધો અને પરસ્પરના વ્યવહારમાં પ્રેમની કોઈ જરૂર નથી, તેનું કોઈ મૂલ્ય પણ નથી. તેથી તેને લક્ષમાં લીધા વગર આર્થિક વ્યવસ્થાના નિયમો નક્કી થઈ શકે એવું માનીને જ સમાજના હિતનો વિચાર કરે તેવી અર્થવ્યવસ્થા ગોઠવાણી છે, જેના પરિણામો આજે સમાજ ભોગવી રહ્યો છે.

આજનું અર્થશાસ્ત્ર પ્રાણ વગરના હાડપિંજર

આત્મતત્ત્વ ખોઈ બેઠેલું છે તેણે આત્માના અસ્તિત્વનો ઈન્કાર કરી દીધો છે એટલે શેઠ પોતાના નોકરને ખાવા-પીવા અને પહેરવા ઓઢવા જેટલું જ વળતર આપે છે. આથી ઓછું આપવા જાય તો નોકર કામ છોડીને જતો રહે એવું પણ બને. આમ એક રીતે જોઈએ તો શેઠ-માલિક સામાન્ય અર્થમાં જોઈએ તો કરારનો ભંગ પણ નથી કરતો છતાં પૂરા સમયની સેવા લેવા તે બંધાય છે અને શેઠ-માલિક પૂરેપૂરું કામ લે છે. શ્રમિકને નીચોવી નાખે એટલું કામ લે છે.

હવે નોકરને વધારું કામ બીજે ક્યાંય મળતું હોય તો તે ત્યાં જવા મુક્ત છે. માલિક તેને કહેશે કે હું તો તને બજારના દર મુજબ મજૂરી ચૂકવું છું છતાં તારે જ્યાં જવું હોય ત્યાં ભલે જા. તું મુક્ત છે, સ્વતંત્ર છે, આવી વિચારધારા થકી માલિક નોકર પાસેથી વધારેમાં વધારે કામ કઢાવી શકશે તેના પરિણામે સમાજને વધારે ફાયદો થશે અને સમાજના ફાયદામાં નોકરનો ફાયદો તો સમાઈ જાય છે તેવું માલિક માનતો હોય છે. નોકર જો એક જડ યંત્ર હોય તો તેનું ચાલક બળ પેટ્રોલ, વરાળ કે ચુંબકત્વ અને ગુરુત્વાકર્ષણ જેવું ભૌતિક બળ હોય તો તેને કોઈ યંત્ર થકી માપી શકાય પણ આ માનવરૂપી યંત્ર બળ આપનાર તત્ત્વ તો તેનામાં રહેલ આત્મતત્ત્વ છે.

આવા એક પ્રેરક તત્ત્વ થકી ચાલનારું આ માનવયંત્ર ખરેખર અનોખું અને અદ્‌ભુત યંત્ર છે. મોટામાં મોટા અને ખાસ મહત્ત્વના કામો તેની પાસેથી લેવા છે. તે માત્ર પૈસા આપવાથી કે કોઈ જાતના દબાણ નીચે તેને મૂકવાથી કે ચાહે તેવી ખાણના બળતણ લાવી તેમાં પૂરવાથી તેને ચાલુ કરી શકાય તેમ નથી. તેને ચલાવવા માટે તેની ચાલક મૂળભૂત શક્તિ સમાન તેની પોતાની ઈચ્છા-મરજી અને ઉત્સાહને બળવાન બનાવે તેવું બળતણ તેમાં પૂરવું પડશે અને એવું સાચું બળતણ છે પ્રેમતત્ત્વ.

જો માલિક હોશિયાર હોય, આવડતવાળો હોય, સમજદાર અને ડહાપણવાળો હોય તો તે શ્રમિક પાસેથી સારી રીતે વધારે કામ લઈ શકશે પણ માલિક આળસુ હોય, ગતાગમ વગરનો હોય અને શ્રમિકને સાચી દોરવણી આપવાની સૂઝનો અભાવ તેનામાં હોય તો નોકર પાસેથી નબળી ગુણવત્તા અને ઓછું કામ લઈ શકશે. આવા માલિક પ્રત્યે નોકરના માનસમાં તિરસ્કારનો ભાવ પેદા થતો હોય છે. ઘણી વખત આવું સહજ બનતું હોય છે.

માલિક અને નોકરના સંબંધો કૂતરા-બિલાડા જેવા હશે, તે નોકરને ઉતારી પાડતો હશે, તેની ઉપેક્ષા કરતો હશે છતાં તે નોકર પાસેથી વધુ કામ કઢાવી લેવાના પેંતરા કરતો હશે તો નોકર માલિકને વફાદાર ન રહી શકે પણ આથી ઊલટું માલિક એક સજ્જન વ્યક્તિ બની ભાઈચારો ઊભો કરી તેના હિતનો ખ્યાલ રાખી નરમાશથી કામ લેશે તો પરિણામ સારું અને ગુણવત્તા ભર્યું આવે છે.

આ બધી પિંજણમાં રસ્કિને પ્રેમ તત્ત્વનો ઉલ્લેખ કામના પ્રેરકબળના પ્રોત્સાહનના એક પરિબળ તરીકે કર્યો છે. અર્થશાસ્ત્રીઓના તારણો અને ગણતરીઓને ખોટાં પુરવાર કરી દેનારું આ પ્રેમ તત્ત્વ મહાશક્તિશાળી પરિબળ છે, અર્થશાસ્ત્રીઓએ આ તત્ત્વને પોતાની ગણતરીઓમાં ધારે કે ઈચ્છે તો પણ તેમ કરી શકે નહી કેમકે આ નવા તત્ત્વને પોતાના શાસ્ત્રમાં સ્થાન આપી તેની માવજત કરવાનું તેની શક્તિ બહાર છે. અર્થશાસ્ત્રમાં ગણાવેલ તમામ પ્રેરક બળોની પૂર્વ ધારણાઓને અર્થશાસ્ત્રીઓ ફગાવી નહીં દે ત્યાં સુધી પ્રેમ તત્ત્વમાં રહેલ પ્રેરક શક્તિને તેઓ પૂરેપુરું સમજી શકે તેમ નથી.

નોકર પણ સારો માણસ છે, તેનામાં સારાપણું પડેલું છે તેનો સ્વીકાર કરી તેને બહાર લાવવા માટે તેની સાથે પ્રેમપૂર્વક વર્તન-વ્યવહાર થાય તો અવશ્ય તેનો પડઘો જરૂર પડશે પણ તેની પાસેથી કોઈ આર્થિક લાભ લેવાનું નજરમાં રાખીને અથવા પ્રેમનો બદલો લેવાની અપેક્ષા રાખીને કે પછી તેના પ્રત્યે આભારની લાગણીના ભારથી પણ નહીં એવો નિર્દોષ, નિર્મળ, નિર્ભેળ અને નિખાલસ પ્રેમ ભર્યો વ્યવહાર થાય તો તેના બદલામાં તમામ આર્થિક લાભના દ્વાર આપોઆપ ખુલ્યા વગર નહીં રહે તેથી એવું કહેવામાં આવે છે કે જે પોતાની જાતને બચાવવાનો પ્રયત્ન કરે છે

તે બધું ખોઈ બેસે છે અને જે પોતાની જાતને ખોઈ નાખવા માટે કુરબાની આપવા તૈયાર થાય છે તેને બધું જ મળે છે. આ સત્ય કે નિયમ માલિક અને નોકરને પણ લાગુ પડે છે એવું રસ્કિનનું કહેવું છે.

સૈનિક સેનાપતિ માટે મરી ફીટશે જ્યારે કાયદેસર પૈસા બચાવવા માટે નીકળેલ મંડળ, કંપની કે માણસોમાં આવી એકતાનો ભાવ જોવા મળશે નહીં અને તેના કોઈ સભ્યમાં પોતાની જિંદગી હોડમાં મૂકવાનું ડહાપણ જોવા મળશે નહીં. સૈનિક અને સેનાપતિને એક નિશ્ચિત દરથી રોકવામાં આવે છે. જ્યારે કારીગર કે મજૂરનો દર મજૂરોના જથ્થા કે ઉપર આધાર રાખે છે. કેમકે અહીં ધંધાની સ્થિતિ, નફા નુકસાન પર આધાર રાખે છે. આવી સ્થિતિમાં પ્રેમતત્ત્વનું બળ પેદા થઈ શકે નહીં અને કામ પણ લાગી શકે નહીં તેમાં તો માત્ર ધિક્કારરૂપી ધડાકાની સ્ફોટક પરિસ્થિતિ નિર્માણ થઈ શકે. આ બાબતમાં રસ્કિન બે મુદ્દા રજૂ કરે છે.

૧. શ્રમની માંગમાં વધઘટની અસર પામ્યા વગર તેનો વેતન દર કેવી રીતે નક્કી થઈ શકે ? ૨. સંખ્યામાં ઘટાડો કર્યા વગર એકસરખા દરથી કારીગર કે મજૂરને રોકવા અને તેને કામ પર ચાલુ રાખવાનું કેટલું શક્ય બને ?

તમામ માનવ પ્રવૃત્તિઓને આવરી લેનાર પાયાના મૂળ તરીકે ન્યાયનો સર્વત્ર સ્વીકાર થયેલ છે. છતાં ન્યાય અંગેની સમજ દરેકની ભિન્ન ભિન્ન હોય છે. મૂડીવાદમાં સરળ ન્યાય તોળનાર અને કુશળ લવાદ તરીકે મુક્ત બજારનું ખાસ મહત્ત્વ ગણાય છે. તેનું ધ્યેય કહે છે કે દરેકને પોતપોતાની ક્ષમતા મુજબ વળતર મળવું જોઈએ અને નબળા-દુબળાનું તો પછી જે થવાનું હોય તે થાય. આ સંદર્ભમાં રસ્કિન અને ગાંધીજી કાર્યક્ષમતાનું મહત્ત્વ સંપત્તિ પ્રાપ્ત કરવાનું સ્વીકારે છે પણ તેનો ઉપયોગ કરવામાં નથી સ્વીકારતા. તે માટે તો દરેક વ્યક્તિની જરૂરિયાત મુજબ વળતરનો સિદ્ધાંત લાગુ પાડવો જોઈએ એમ બંને માને છે. આવા કારણો થકી જ રસ્કિને ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો વિચાર કર્યો અને ગાંધીજીએ તે સિદ્ધાંતને પૂર્ણરૂપ આપ્યું હતું.

બીજી બાજુ જોઈએ તે સામ્યવાદને ઉત્પાદનના સાધનોની સામાજિક માલિકી થકી ખાનગી માલિકીની પ્રથાનો અંત લાવવાની જરૂરિયાત લાગી. આમ અસમાનતાને ઊગતી જ ડામી દેવામાં માને છે. જ્યારે રસ્કિને સામ્યવાદ અને મૂડીવાદ બંનેની વચ્ચેનો મધ્યમમાર્ગ અપનાવીને આંશિક રીતે સ્વીકાર કર્યો. જ્યારે ગાંધીજીએ તો સર્વાંશે અસ્વીકાર કર્યો. તેમની દૃષ્ટિએ મૂડીવાદ અનૈતિક કેમકે એક જગાએ મૂડી ભેગી થતા ગુમડાંની જેમ તે ઊપસી આવે છે અને સામ્યવાદમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય હણાઈ જાય છે તે પરવશ બની જાય છે એટલે વ્યક્તિની આંતરિક શક્તિઓનું દમન થાય છે તેની સર્જનાત્મક ખતમ થઈ જાય છે. તે રચનાત્મક કાર્ય માટેનો ઉમંગ, ઉત્સાહ ખોઈ બેસે છે. સામ્યવાદનો અર્થ અમલદારશાહી મારફત રાજકીય પક્ષની સરમુખત્યારી જેવો જ થાય. સામ્યવાદનું પતન થયા પછી ધન લાલચુ મૂડીવાદે આક્રમક બની સર્વોપરી સ્થાન મેળવ્યું છે.

આ સંદર્ભમાં રસ્કિન અને ગાંધીજીના વિચારો વધુ સુસંગત બની શકે કેમકે તેમના વિચારોમાં વ્યક્તિની સર્જનાત્મક, રચનાત્મક શક્તિઓ માટે વિકાસની પૂરી સંભાવનાઓ રહેલી છે તેથી સમૃદ્ધિ અવશ્ય મેળવી શકાય પણ તેનો વપરાશ સામાજિક રહે એવું અભિપ્રેત છે. તેઓ કહે છે કે ઉપભોક્તાવાદનો પ્રભાવ સર્વત્ર વિકસી રહ્યો છે તેની અસર નીચે રહેલા મૂલ્યોનો ઈન્કાર એકદમ કે એકાએક કરવો તો શક્ય નથી. આ બાબત ગાંધીજીનું કહેવું છે કે "હું પૂરો સભાન છું તેમ છતાં સત્ય, અહિંસા અને અપરિગ્રહના આદર્શને કેમ જતા કરી શકાય ? સંસ્કૃતિની સ્વસ્થતા અને અસ્તિત્વના એ અતિ મૂલ્યવાન સિદ્ધાંતો છે. તેને કદી પણ અળગા કે દૂર કરી શકાય નહીં.

રસ્કિન કહે છે કે ધનિક લોકોએ અને શાણા લોકોએ પોતાની ધન-સંપત્તિ અને શાણપણનો ઉપયોગ સૌના ભલા માટે કરવો જોઈએ તેથી ભાર દઈને આગળ કહે છે, "સમાનતા શક્ય નથી."

સમાનતા અને અસમાનતા અંગે ગાંધીજીનું વિધાન

ગૂંચવાડો ઊભો કરે એવું છે તેઓ ધનિક માટે સલાહ આપતા કહે છે કે તમે તમારી ક્ષમતાથી મેળવેલ કરોડોની સંપત્તિ વાસ્તવમાં તમારી નથી તે લોકોની છે તમે તો તેમને લૂંટીને ભેગી કરી છે.

ગાંધીજીએ આ સંપત્તિનો સુસંગત ઉપયોગ કરવા અંગે ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત રજૂ કરીને કહે છે કે કોઈપણ વ્યક્તિએ વધુમાં વધુ કેટલી સંપત્તિ મેળવવી તેની મર્યાદા નક્કી કરવી જોઈએ. ઓછામાં ઓછી આવક અને વધુમાં વધુ આવક વચ્ચેનો તફાવત વ્યાજબી અને સમાનતા લક્ષી રહેવો જોઈએ એટલે એ સમાનતા સાચવનારો અને વખતોવખત તેમાં ફેરફાર થઈ શકે તેવો હોવો જોઈએ. તેમજ બંને વચ્ચેનો તફાવત ઘટતો જાય એટલું જ નહીં પણ એનું વલણ એવું હોવું જોઈએ કે એ તફાવત સંપૂર્ણપણે નાબૂદ થવો જોઈએ.

આર્થિક સમાનતા વિશે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં ખાસ આગળ પડતો ઉલ્લેખ જોવા મળે છે. તેથી નોંધવું જોઈએ કે જ્યાં લગી અંતર ચાલુ રહે ત્યાં લગી અહિંસાના પાયા પર ચાલતો રાજકીય વહીવટ સંભવિત નથી. સ્વતંત્ર હિન્દુસ્તાનમાં દેશની સૌથી તવંગર માણસો જેટલી સત્તા ભોગવતા હશે તેમાં નવી દિલ્હીમાં મહેલો અને તેમની પડખે જ આવેલા ગરીબ-મજૂર વસ્તીના કંગાળ ધોલકાંઓ વચ્ચે જે ફારમો તફાવત આજે દેખાય છે તે એક દિવસભર પણ નહીં નભે.

એક માણસ બીજા કરતા વધુ ધનિક કેમ છે ? આ પ્રશ્નનો રસ્કિન જવાબ આપે છે : “કેમ કે એ વધુ ઉદ્યમી, વધુ ખંતીલો અને વિચારશીલ છે, કેટલીક વ્યક્તિઓ શાશ્વતપણે નિત્ય ઉચ્ચ કક્ષાની હોય છે એમ બતાવવાનો નિરંતર મારો આશય રહેલો છે એવી વ્યક્તિ કે વ્યક્તિઓને માર્ગદર્શક તરીકે નેતૃત્વ પૂરું પાડી દોરનાર તરીકે અને પ્રસંગ આવ્યે જરૂર જણાય ત્યારે પોતાના ઉમદા જ્ઞાન અને સમજ અનુસાર આદેશ-આજ્ઞા આપીને ફરજ પણ પાડે તે માટે નિયુક્ત કરવાનું તદ્દન યોગ્ય ગણાય છે એમ મેં હંમેશ કહ્યું છે.”

વફાદારી, ફરજપાલન, આજ્ઞાંકિતતા અને નમ્રતા બાબત ગરીબને અને કામદારને શિખામણ આપતા રસ્કિન કહે છે, “ભોજનમાં તમારો ભાગ માગવાના તમે પૂર્ણ અધિકારી છો, પણ તે માટે તમે છેક કૂતરાની જેમ ડાઉં ડાઉં કરી, પૂંછડી પટપટાવીને જરાય માગશો નહીં પણ એક જ કુટુંબના સૌ બાળકોની જેમ જ તમે પણ તમારો હક્ક માંગો. કુટુંબના ફરજંદની જેમ જ તમે પણ માગવાના હક્કદાર છો જ પણ તે સાથે પવિત્ર, સર્વાંગ સંપૂર્ણ અને સ્વચ્છ જીવન જીવવા માટેના તમારા દાવાને પણ આગ્રહપૂર્વક બુલંદ અવાજમાં રજૂ કરો.”

યંગ ઇન્ડિયા મે-૩-૮૮ના અંકમાં ગાંધીજી લખે છે, મિલ માલિકોએ પણ બીજા ધંધા, વ્યાપાર કરનારની જેમ પોતે મહાજન તરીકે મજૂરોના હિતનો ખ્યાલ રાખવો જોઈએ. આજ સુધી કામગાર સાથે શેઠ-નોકર જેવો સંબંધ હતો તે પિતા અને સંતાન જેવો હોવો જોઈએ.”

રસ્કિન એવું માને છે, “કારખાનાના માલિકો પાસે ધન સંપત્તિની અને સંગઠનની શક્તિ હોવાથી ગરીબ, શ્રમિક મજૂરને માર્ગદર્શન આપવાની તેમની જવાબદારી છે. ઈંગ્લૅન્ડના ધનિકોને તો તેમણે તાકિદ કરી હતી કે તેમણે પોતાની શક્તિ વડે માનવ સમુદાયના કાર્યોને દિશા આપવાનો, તેમની શક્તિઓના પ્રવાહને યોગ્ય માર્ગે વાળવાનો અને જે અજ્ઞાન છે તેમને સાચી સમજ અને માહિતી આપવાના કાર્યો કરવાં જોઈએ.”

આ બંને મહાનુભાવો ઇચ્છતા હતા કે ધનિક વર્ગ પોતાની સંપત્તિ અને કૌશલ્યનો ઉપયોગ સૌના હિત માટે એક ટ્રસ્ટી તરીકે કરે. રસ્કિન કામગાર, શ્રમિકને માટે ન્યાય યુક્ત વેતન પર ભાર મૂકે છે. પોતે વેતનમાં ન્યાય કોને કહે છે તે અંગે સ્પષ્ટીકરણ કરતા કહે છે, “ટ્રસ્ટના આચરણ સંબંધી ગાંધી વધુ ચુસ્ત હતા. ટ્રસ્ટી સંપત્તિનો કબજો પોતાની પાસે રાખવામાં તેમજ વપરાશ કરવામાં પોતાના સ્વાર્થને સંતોષવાનો પ્રયત્ન કરે છે કે સામાજિક હિત પ્રતિ દૂર્લક્ષ ન સેવે તે માટે રાજ્યના નિયંત્રણને ગાંધીજીએ નકાર્યું હતું.

# કસ્તુરબા ગાંધી

જન્મ : ૧૧ એપ્રિલ ૧૮૬૯ ● નિધન : ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) 'રાષ્ટ્રપિતા'નું બિરૂદ પામ્યા તેમ 'રાષ્ટ્રમાતા' તરીકે જેમની ગણના થઈ છે એવાં કસ્તુરબા ગાંધીની એપ્રિલ મહિનામાં ૧૫૦મી જન્મજયંતીનો અવસર આવે છે. ચાલુ માસે કસ્તુરબાની સુવર્ણ શતાબ્દી પ્રસંગે તેમનું આછેરું જીવનકવન પ્રાસંગિક અને પ્રેરક બની રહેશે.

**દામ્પત્યમાં સુંદર અનુકૂલન**

ગાંધીજી મહાન બન્યા અને 'મહાત્મા' પણ કહેવાયા તેમાં બાનો ફાળો પણ નાનોસૂનો નથી. ખુદ ગાંધીજીએપણ આ વાતનો ખેલદિલ સ્વીકાર કર્યો છે. છતાં બા તો કહેતાં કે બાપુનાં પગલે ચાલવા સિવાય બીજું કંઈ જ મને આવડતું નથી. પરંતુ ગાંધીબાપુનાં પગલે ચાલવું એ પણ જેવી તેવી વાત ન હતી. એ કઠિન સિદ્ધિ બાએ મેળવી હતી.

એ પણ યોગાનુયોગ છે કે કસ્તુરબા અને ગાંધીજી બંનેનો જન્મ એકસરખા વર્ષમાં અને એક જ સ્થળે થયો હતો ! પોરબંદરના વૈષ્ણવ વણિક પરિવારમાં પિતા ગોકુલદાસ મકનજી કાપડિયા અને માતા વ્રજકુંવરબાને ત્યાં મોટી દીકરી તરીકે કસ્તુરબાનો જન્મ ૧૧મી એપ્રિલ, ૧૮૬૯ના થયો હતો.

કસ્તૂરબાના પિતા અને ગાંધીજીના પિતા સારા મિત્રો હતા. ઉંમરમાં ગાંધીજીથી છ મહિના મોટાં કસ્તુરબાની સાત વર્ષને વયે સાડા છ વર્ષના મોહનદાસ સાથે સગાઈ અને તેરમા વર્ષે લગ્ન (૧૮૮૩) થયેલાં. પતિની દરેક પ્રવૃત્તિઓમાં તેઓ સાચા અર્થમાં સહધર્મિણી અને સહકર્મિણી બન્યાં હતાં.

**દક્ષિણ આફ્રિકાની ધરતી પર**

પતિ તરીકે બાપુએ એમની આકરી પરીક્ષા પણ કરી છે. આવા પ્રસંગોએ ખૂબ સ્વસ્થતા ધરી એમણે ગાંધીજી સાથે સુંદર અનુકૂલન સાધી લીધું હતું. ભણેલાં બહુ ઓછું, પરંતુ એમની આંતરિક સમજ ઘણી મોટી. બાપુ જેમ જેમ ઉચ્ચ જીવન પ્રતિ ડગ માંડતા ગયા તેમ તેમ બા પણ તાલ મિલાવતા ગયા.

૧૮૯૭માં તેઓ પહેલીવાર ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકા ગયાં. ત્યાં ૧૯૦૪માં ગાંધીજીના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. રાષ્ટ્રની સેવા અને ધર્મની સાધનાર્થે ૧૯૦૬માં બાપુએ બ્રહ્મચર્ય વ્રત અપનાવ્યું. આવી બધી આકરી પરિસ્થિતિઓમાં પણ કસ્તુરબાએ તો અખૂટ ધૈર્ય, સહનશીલતા અને હિંમતનાં દર્શન કરાવ્યાં.

દક્ષિણ આફ્રિકામાં ભારતીય પદ્ધતિથી કરેલાં લગ્નને અમાન્ય ગણતા ત્યાંના અન્યાયી કાયદાના પ્રતિકારરૂપે ગાંધીજીએ સત્યાગ્રહની લડત ઉપાડી ત્યારે કસ્તુરબાએ પણ સપ્ટેમ્બર, ૧૯૧૩માં ટ્રાન્સવાલ સરહદે મહિલા ટુકડીની આગેવાની લીધી હતી અને ત્રણ મહિના જેલવાસ વેઠેલો. ત્યાં એમને 'દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની માતા'નું બિરુદ મળેલું.

**આશ્રમનાં સાચાં સૌજન્યમૂર્તિ**

૧૯૧૫માં સ્વદેશ પાછા ફર્યા બાદ કસ્તુરબા ગાંધીજીની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિયતાથી સંકળાયાં હતાં. ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી નદીકિનારે સ્થાપેલા ' દયકુંજ' આશ્રમની પ્રવૃત્તિઓનું તેઓ સંચાલન કરતાં. આશ્રમવાસીઓ માટે તેઓ એક આદર્શમૂર્તિ (ધ મધર ફિગર) હતાં.

બા એક સાચાં કર્મયોગી પણ હતાં. એક ક્ષણ પણ કશા કામ વિના બેસી રહેવું એ તેમના માટે 'અસ્વાભાવિક' થઈ પડતું. આશ્રમમાં બાપુની કડકાઈ રહેતી તેમ બાનો વાત્સલ્યપ્રેમ પણ વર્તાતો. હરિજનબાળા લક્ષ્મીને તેમણે પોતાની દીકરી ગણી હતી.

બાપુના જેલવાસ અને ઉપવાસ દરમિયાન થાક કે તાપનો વિચાર કર્યા વિના ગામડાંઓ ખૂંદી વળતાં,

સભાઓ ભરતાં અને સ્ત્રીઓને લડતમાં જોડાવા સમજાવતાં. ખેડા, બોરસદ, રાજકોટ, બારડોલીના સત્યાગ્રહો અને દાંડીકૂચ, અસહકાર, ભારત છોડો, સ્વદેશી જેવાં આંદોલનોમાં પણ જોડાયાં.

**વિવિધ રાષ્ટ્રીય લડતોમાં**

નવેમ્બર, ૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ વેળા તેઓ સામાજિક સેવાર્થે ઘૂમી વળેલાં. ૧૯૨૧માં અસહકાર આંદોલન વેગવાન બનતાં ગાંધીજીને પકડી લેવામાં આવ્યા ત્યારે કસ્તુરબાએ ગામેગામ ફરી લોકોને સ્વદેશી વસ્તુ અપનાવવા અને ખાદી પહેરવા પ્રેરિત કર્યાં હતાં. પરિણામે દેશમાં ઠેકઠેકાણે વિદેશી કાપડની હોળી થઈ.

૧૯૨૨માં બળવાના આરોપસર ગાંધીજીને છ વર્ષ કેદની સજા થતાં હિંમત હાર્યા વિના તેમણે સંમેલન યોજી લોકોનો જુસ્સો ટકાવી રાખ્યો. નોઆખલીમાં ફાટી નીકળેલાં કોમી તોફાનો ઠારવા સપ્ટેમ્બર, ૧૯૨૪માં ગાંધીજીના ૨૧ દિવસીય ઉપવાસ સમયે કસ્તુરબાએ અપૂર્વ મક્કમતા સાથે કટોકટીનો સામનો કરેલો.

માર્ચ, ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ (દાંડીકૂચ) વખતે કસ્તુરબાએ ઉતરાણ (જિ. સુરત)માં બહેનોની ટુકડી સાચવી પિકેટિંગમાં મોખરે રહેલાં. એપ્રિલ, ૧૯૩૦માં આશ્રમની સ્વયંસેવિકાઓની ટુકડી સાથે કસ્તુરબા અને જીવનભર બાના સાચાં સાથી બનેલાં મીઠુંબહેન પીટીટ (૧૮૯૨-૧૯૭૩) વગેરે વિદેશી દારૂનાં પીઠાં પર મોરચો લઈ ગયેલાં. આ સબબ ૧૯૩૨-૩૩માં તેમણે કારાવાસ ભોગવ્યો. તે પછી એક દાયકો (૧૯૩૩-૪૩) બા સેવાગ્રામ (વર્ધા) રહ્યાં હતાં. ૧૯૩૮ના 'રાજકોટ સત્યાગ્રહ' વખતે તેમને એકાંતવાસની સજા થયેલી.

**આખરી અગ્નિ પરીક્ષા**

૧૯૪૨માં છેલ્લી કસોટી પણ આવી. 'કરેંગે યા મરેંગે'ના નિશ્ચય સાથે અંગ્રેજો સામે છેડાયેલી 'ભારત છોડો'ની લડતમાં ૧૯મી ઑગસ્ટે ગાંધીજી અને અન્ય પ્રમુખ નેતાઓ સાથે કસ્તુરબા પણ પૂનાના 'આગાખાન મહેલ'માં કેદ થયા પછી ક્યારેય પાછા બહાર આવી શક્યા નહિ. એક અઠવાડિયા બાદ ૧૫મી ઑગસ્ટે મહાદેવભાઈ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨)નું જેલમાં અવસાન થતાં કસ્તુરબાના માનસિક પરિતાપમાં વધારો થયો.

માર્ચથી ડિસેમ્બર, ૧૯૪૩ વચ્ચે તેમને દયરોગના અનેક હુમલા આવ્યા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૪ના રોજ તેમની તબિયત વધુ લથડી અને અંતે ૨૨મી ફેબ્રુઆરી (મહાશિવરાત્રિ)ની સાંજે બાએ બાપુના ખોળામાં છેલ્લો શ્વાસ છોડ્યો. એમના અગ્નિસંસ્કાર ત્યાં જ કરવામાં આવેલા. આજે પણ એ સ્થળે કારુણ્યમૂર્તિ કસ્તુરબા અને કર્તવ્યનિષ્ઠ મહાદેવભાઈની સમાધિઓ જોવા મળે છે.

શરૂઆતમાં આશ્રમવાસીઓ જ કસ્તુરબાને પ્રેમથી 'બા' કહીને બોલાવતા, પરંતુ તે પછી તો તેઓ આખા દેશનાં 'બા' બની ગયાં. બા અને બાપુનો સંબંધ નિર્વિકારી હતો. ભાઈબહેન, પિતાપુત્રી, પતિપત્નીના સંબંધોનો સરવાળો કરી ખુદ બાપુ પણ તેમને 'બા' જ કહેતા ! ખુદ ગાંધીજીએ કસ્તુરબાનું કેવું મૂલ્યાંકન કર્યું છે ? : ''હું અહિંસાના પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો છું. ત્રીસ વર્ષો સુધી તેમણે મારી માતાનું સ્થાન પૂર્યું છે. જો બાનો સાથ ન હોત તો હું આટલો ઊંચે ચડી શક્યો જ ન હોત.''

**સંવેદનશીલ સન્નારીની સ્મૃતિઓ**

બાની કાયમી સ્મૃતિમાં ગાંધીજીએ ૧૯૪૫માં 'કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી, જેનું મુખ્યમથક કસ્તુરબાગ્રામ - ઈન્દોર (મધ્યપ્રદેશ)માં આવેલું છે. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં બાની પુણ્ય સ્મૃતિ સાચવતાં બે સ્થાનો ઊભાં છે. તેમાં મીઠુબહેન પીટીટે મરોલીમાં 'કસ્તુરબા આશ્રમ' અને સરકારે ઉભરાટમાં 'કસ્તુરબા વિશ્રામ' સ્થાપેલો છે. કસ્તુરબા આશ્રમ સ્વરાજયની લડતમાં સૈનિકોનું આશ્રયસ્થાન બન્યો હતો.

રાજકોટ જિલ્લામાં રાજકોટ-ભાવનગર રોડ પર રાજકોટથી ૧૫ કિલોમીટરના અંતરે સરધાર ગામથી પહેલાં ત્રંબા નામે નાનકડું ગામ આવે છે. અહીં એમને 'રાજકોટ સત્યાગ્રહ' ની સજા રૂપે ૧૧મી ફેબ્રુઆરીથી દસ્રી

માર્ચ, ૧૯૩૯ સુધી નજરકેદ હેઠળ રખાયાં હતાં. આ સ્થળે પાછળથી બાની સ્મૃતિમાં કસ્તુરબા આશ્રમ સ્થપાયો હતો, જે 'કસ્તુરબાધામ' તરીકે જાણીતો હતો. વર્ષો પહેલાં અહીંથી 'આશ્રમબંધુ' નામે માસિક પણ બહાર પડતું હતું.

૨૦૦૩ની કસ્તુરબાની જન્મજયંતીનો દિવસ ૧૧ મી એપ્રિલ દેશભરમાં 'રાષ્ટ્રીય સલામત માતૃત્વ (જનની સુરક્ષા) દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

**ખાસ ટપાલટિકિટો પર સ્થાન**

અત્યાર સુધી કસ્તુરબા ગાંધીને સમયાંતરે ચાર વખત ટપાલટિકિટો પર સ્થાન મળ્યું છે. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૪ના તેમની ૨૦મી પુણ્યતિથિના અવસર પર આછા બદામી (ખનીજ લાલ) રંગમાં અને ઊભા આકારમાં ૧૫ પૈસા મૂલ્યની ખાસ સ્મૃતિ ટપાલટિકિટ બહાર પાડવામાં આવી હતી, જેના પર ગાંધીજીના તસવીરકાર કનુ ગાંધી (૧૯૧૭-૮૬) એ દોરેલી કસ્તુરબાની તસવીર આપવામાં આવી છે.

'ગાંધી શતાબ્દી' પ્રસંગે ટપાલ વિભાગ દ્વારા બીજી ઑક્ટોબર, ૧૯૬૯ના રોજ ૨૦ પૈસા, ૭૫ પૈસા, ૧ રૂપિયો અને ૫ રૂપિયા મૂલ્યોની ચાર ખાસ ટિકિટોના સેટ પ્રસિદ્ધ કરવામાં આવેલો. તેમાં ૨૦ પૈસા મૂલ્યની ભૂખરા રંગની આડા આકારની ટિકિટ પર બા અને બાપુ બંનેની તસવીર દર્શાવવામાં આવી છે.

૧૯૯૫માં કસ્તુરબા ટ્રસ્ટની સુવર્ણ જયંતી અવસરે બાની પુણ્યતિથિના દિવસ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના એક રૂપિયા મૂલ્યની ખાસ ટિકિટ પ્રગટ કરવામાં આવેલી. આછા લીલા, લાલ અને રાખોડી રંગોમાં મુદ્રિત આ ઊભા આકારની સ્ટેમ્પ પર ઉપર બા અને નીચે કસ્તુરબાગ્રામનું ચિત્ર આલેખાયું છે.

તે પછી છેલ્લે ચંપારણ સત્યાગ્રહ શતાબ્દી પ્રસંગે ૧૩મી મે, ૨૦૧૭ના ૫, ૧૦ અને ૨૫ રૂપિયા મૂલ્યોની ઘેરા આસમાની રંગની ત્રણ ટિકિટોનો સંપુટ બહાર પાડવામાં આવેલો. તેમાં દસ રૂપિયાની ચોરસ આકારની ટિકિટ પર બાની તસવીર સાથે નારીશિક્ષણનું ચિત્ર અને કસ્તુરબાગ્રામનું ચિત્ર આલેખાયું છે.

## શિક્ષણ પદ્ધતિ બદલો

બાળકો અને દેશનું ભવિષ્ય આપોઆપ બદલાશે.

- NCC તાલીમ ફરજિયાત કરો,
- રોજ એક પિરિયડ ફીટનેસ,
- એક પિરિયડ નર્સિંગ તાલીમ,
- એક પિરિયડ રસોઈ તાલીમ,
- એક વિષય ટેક્નિકલ તાલીમનો જેમકે સુથારીકામ, માટીકામ, પ્લમ્બિંગ, ઈલેક્ટ્રીશિયન, ખેતી/ કીચન ફાર્મિંગ, ઘરકામ.

બધા ચોપડીની ગોખણપટ્ટીનું શિક્ષણ આપી આપણે શુ મેળવીએ છીએ?

લાંબા વાળવાળા માયકાંગલા છોકરાઓ ને ટૂંકાવાળ વાળી અદોદળી છોકરીઓ...

જે પોતાને સંભાળી ન શકે એ પોતાના મા બાપને કેમ સંભાળશે ?

**શિક્ષા જ એવી આપો કે**

- બધા રાંધતા શીખે
- બધા સફાઈ શીખે
- બધા નૃત્ય શીખે
- બધા ગાતા શીખે
- બધા ખેતી શીખે
- બધા ખડતલ પણ હોય
- બધાને કારીગરી પણ આવડે
- જરૂર પડે હાથપગ તોડે પણ અને પાટાપિંડી ય કરી શકે

**જો આમ કરીશું તો**

- પોતાનું કામ જાતે કરવાનું શીખી લેશે
- અન્ન-પાણીનો બગાડ નહીં કરવાનું જાતે શીખી લેશે
- આપ કમાઈથી જીવવાનું જાતે શીખી લેશે.

આવડતનો આત્મવિશ્વાસ અને અનુભવનું શાણપણ ધરાવનાર બાળક કદી નિરાશ અને હતાશ નહી થાય.

અંગ્રેજો ને કાઢ્યા હવે ગુલામોનું ઉત્પાદન કરનારા કારખાના ય કાઢો.

તાલીમ બદલો ● ભારત બદલો

# ડો. આંબેડકર : સંઘર્ષમય અને કઠોર પરિશ્રમ દ્વારા માનવમૂલ્યોની કેળવણી

પ્રવીણ કે. મકવાણા
મુખ્યશિક્ષક શ્રી, આંગણકા પ્રાથમિક શાળા,
તા. મહુવા, જિ. ભાવનગર.



"શિક્ષિત બનો, સંગઠિત બનો, અને સંઘર્ષ કરો" આ સૂત્ર આપનાર સમગ્ર વિશ્વના મહામાનવ એટલે ડૉ. ભીમરાવ બાબા સાહેબ આંબેડકર. તેમણે તા. ૧૧-૦૯-૧૯૩૮ રવિવારે પૂણે ખાતે યોજાયેલા વિદ્યાર્થી સંમેલનમાં આપેલ પ્રવચન આપણને સૌને કેળવણી વિષયક તેમના વિચારોથી પ્રેરણા આપે છે.

"મારું જીવન તો હાલમાં ગામડાંમાં વસતા અભણ અને જુલમ-અત્યાચારથી ત્રસ્ત થયેલા લોકોની ફરિયાદો સાંભળીને તેમનું સુખદ નિવારણ કરવાની ચિંતામાં પસાર થઈ રહ્યું છે. તેના કારણે વિદ્યાર્થી વર્ગ તરફ જોઈએ તેટલું ધ્યાન આપવાનો મને અવસર મળતો નથી. તેથી હું વિદ્યાર્થીઓ તરફ દુર્લક્ષ સેવી રહ્યો છું એવી વાત કેટલાક લોકો ફેલાવી રહ્યાં છે. મારે મન સદાય વિદ્યાર્થીઓનું હિત સમાયેલું છે."

**પુસ્તકો મારે મને વ્યસન.**

કોઈપણ એક કાર્ય વ્યવસ્થિત રીતે પાર ના પાડવું અને બીજા અનેક કામોમાં હાથ નાખવો યોગ્ય નથી. હું રાજકારણ-સમાજ કાર્યમાં પરોવાયો છું. છતાં આજીવન વિદ્યાર્થી જ છું. તેથી વિદ્યાર્થી જ વિદ્યાર્થીનો વિરોધી કેવી રીતે રહી શકે ? મારે જરૂરી અભ્યાસ માટે વારે ઘડીયે પુસ્તકો ખરીદવાનું દેવું છે. મારી શાખને કારણે મુંબઈની કોઈપણ પુસ્તકની દુકાનમાંથી હું પુસ્તક ઉધાર લાવી શકું છું. આંબેડકર પોતે જ લખે છે કે મારા તરફ અસ્પૃશ્યતા એટલી હતી કે મારી સાથે કોઈ વાત કરવા પણ તૈયાર ન હતું મને સારી કંપની જોઈતી હતી છેવટે મેં પુસ્તકોને મારા મિત્ર બનાવી દીધા.

I used to leave the inn at about ten a.m. for the office, and return late at about eight in the evening, contriving to while away outside the inn as much time in the company of friends as I could. The idea of returning to the inn to spend the night therein was most terrifying to me, and I used to return to the inn only because I had no other place under the sky to go for rest. In this big hall on the first floor of the inn there were no fellow human beings to talk to. I was quite alone. The whole hall was enveloped in complete darkness. There were no electric lights, nor even oil lamps to relieve the darkness. The caretaker used to bring up for my use a small hurricane lamp. Its light could not extend beyond a few inches. આ દર્દ બાબાસાહેબનું હતું. મારા જ્ઞાન પ્રાપ્તિના કાર્યમાં કદી પણ વિક્ષેપ પડવા દેતો નથી. મારે મન વિદ્યાની ઉપાસના એ મારું બહુ મોટું વ્યસન બની ગયું છે. વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી અવસ્થામાં કેમ વર્તવું તે બાબતમાં હું મારા સ્વાનુભવના આધારે કંઈક તો કહીશ. જે સમાજમાં છેલ્લા હજારો વરસો સુધી કોઈપણ જાતનું શિક્ષણ ન હતું. તે સમાજના પુષ્કળ લોકો હમણાં હમણાં યુનિવર્સિટીની પદવી લઈને બહાર આવતા જોઈને કોને સંતોષ ના થાય ? પહેલા તો આપણા સમાજમાંથી બી.એ.ની પદવી મેળવનાર નામ મળતા જ ન હતા. થોડાંક વર્ષ પહેલાં કૃષ્ણા જિલ્લામાં આપણા સમાજની એક વ્યક્તિ પ્રથમ બી.એ. પાસ થઈ હતી. તેના કારણે તે માણસ એટલી બધી પ્રસિદ્ધિ પામ્યો કે તેનું નામ માત્ર લખીને કાગળ લખી બી.એ. લખો એટલે ટપાલી તેને પત્ર પહોંચાડી

દેતો. એટલું બી.એ. લખવાથી સમાજમાં તે જાણીતો બની જતો, પણ જો રમૂજમાં કહેવું હોય તો એમ કહી શકાય કે અત્યારે અહીં હાજર રહેલા લોકો વચ્ચે જે કાંકરી ફેંકવામાં આવે તો બી.એ. પાસ થયેલાને જ વાગશે.

**શ્રેષ્ઠ બનવાનો પ્રયત્ન કરો.**

આજના જીવનસંઘર્ષની લડાઈમાં આગળ વધેલા લોકો કરતાં આપણે જો પાછા પડીશું તો આપણી સુરક્ષા નહીં રહે કારણ કે આજે વિવિધ સ્થાન પર આગળ પડતા લોકો જ બેઠા છે. માત્ર બી.એ. પાસ થવાથી તમને નોકરી મળશે નહીં. માત્ર બુદ્ધિનો પ્રભાવ પાડી સફળ થવાશે નહિ. તમે જે શિક્ષણ મેળવ્યું છે તેના મૂલ્યોથી નવ નિર્માણ કરવું પડશે. અભણ મા-બાપના પેટે જન્મ લઈને જો બી.એ. થાવ તો અભિમાન રાખશો નહિ. આપણી ફરજનું ભાન રાખીને ધગશથી ભણો. હું સૌ પ્રથમ બેરિસ્ટર થઈને આવ્યો ત્યારે મહારડા બેરિસ્ટર એવું કહીને મને હીન ગણતા હતા. મેં મારી યોગ્યતા સાબિત કરીને તેમના મોઢા બંધ કરી દીધા હતા. જ્યારે આપણે સોનાના મૂલ્ય જેટલું કાર્ય કરીશું, ત્યારે ઈતર વર્ગના લોકો તે કાર્યને કથિરના મૂલ્ય જેટલું આંકશે. આપણે કોઈ પણ કાર્ય જ્યારે તેમના કરતા સો ઘણું સારું અને સાચું કરીશું ત્યારે તેમની બરાબરીમાં આપણી ગણતરી થશે. આ બધું કરવા સારું આપણામાં ભરપૂર આત્મવિશ્વાસ નિર્માણ કરવાની જરૂર છે.

**આત્મવિશ્વાસની શક્તિ**

આપણે આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર કામ કરવું જોઈએ. જેમ કુસ્તી રમવા માટે અખાડામાં ઊતરેલો પહેલવાન જો સામાવાળા પહેલવાનની જાંઘ પર થાપ મારીને કરાતા હોંકારા પડકારાથી ગભરાઈ જાય તો તેનાથી કાંઈ જ ન થઈ શકે. હું જે કરીશ તે થઈને જ રહેવાનું છે. અર્થાત્ કે હું બધું આત્મવિશ્વાસથી કહેતો હોઉં છું. મારું આવું કહેવાથી કેટલાંક લોકો મને અહંકારી કહી મારી નિંદા કરતા હશે, પણ આ હું મારા આત્મવિશ્વાસને આધારે કહું છું. હું પણ તમારી જેમ એક મહારબાઈના પેટે જન્મ્યો છું. ગરીબીની દૃષ્ટિએ વિચારીએ તો આજના ગરીબોમાં યે ગરીબ વિદ્યાર્થી કરતા તે વખતે મને કોઈ સારી સગવડ અથવા ઈતર અનુકૂળતા નહોતી. મુંબઈના ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની ચાલીમાં દસ ફૂટ લંબાઈ અને દસ ફૂટ પહોળાઈની એ ખોલીમાં મા-બાપ ભાઈઓ સાથે રહીને એક પૈસાનું ઘાસતેલ વાપરીને અભ્યાસ કર્યો છે. એટલું જ નહીં પણ અનેક અસગવડો અને સંકટોનો સામનો કરીને જો હું આટલું કરી શક્યો હોય તો તમને આજે ઘણી સાધન સામગ્રી મળી છે. તમે તેનો ઉપયોગ કરી અશક્યને શક્ય બનાવો. કોઈપણ માણસ સતત કઠોર પરિશ્રમ અને મહેનતથી પરાક્રમી અને બુદ્ધિશાળી બની શકે છે. હું જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં ઈંગ્લેન્ડ હતો ત્યારે જે અભ્યાસક્રમ આઠ વરસે પૂરો થતો હતો તે અભ્યાસ મેં બે વર્ષ અને ત્રણ મહિનામાં સફળતાથી પૂરો કર્યો હતો. તેના માટે મારે રોજના ચોવીસ કલાકમાંથી અઢાર કલાક અભ્યાસ કરવો પડ્યો હતો. આજે પણ મારે ખુરશી પર રોજના વીસ કલાક કામ કરવું પડે છે. આજના યુવાનોને વ્યસનમાં ડૂબેલા જોઉં છું ત્યારે નારાજ થાવું છું. મને તો આ પાછલી ઉંમરે પણ કોઈ વ્યસન અભ્યાસ માટે કરવું જરૂરી લાગતું નથી. આત્મવિશ્વાસ એ એક દૈવી શક્તિ છે.

**કઠોર પરિશ્રમથી જ યશ મળે.**

માત્ર નવી પદવી મેળવવાથી જ્ઞાન કે અનુભવ મળતો નથી. પદવી એ કોઈ જ્ઞાન નથી. વિશ્વ વિદ્યાલયોની પદવીઓ અને બુદ્ધિમતાની વચ્ચે કોઈ સંબંધ નથી. જેમ કે પંચમ જ્યોર્જ જ્યારે ૧૯૧૧ની સાલમાં હિન્દુસ્તાન વિશ્વવિદ્યાલયોને લાખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી અને નિષ્ણાત પ્રોફેસરોને બોલાવીને કામ સોંપવામાં આવ્યું. જે લોકોએ એમ.એ. પાસ કર્યું હોય તેઓ જ આ વર્ગમાં હાજર રહી શકે. રામાનુજ નામનો ક્લાર્ક માત્ર મેટ્રિક પાસ હતો. તે મહિને વીસ રૂપિયા પગારથી નોકરી કરતો હતો. તેની પ્રબળ ઇચ્છા હોવાથી ગણિત નિષ્ણાત દ્વારા વ્યાખ્યાન માટે પરવાનગી આપવામાં આવી હતી. રામાનુજે તે પ્રોફેસરના પાંચ-છ વ્યાખ્યાન સાંભળી પોતાની નોટમાં કંઈક લખતો હતો. આ જોઈ ગણિતના પ્રોફેસર

ગુસ્સે થયા. કડક શબ્દોમાં ઠપકો આપ્યો. રામાનુજે સ્વસ્થતાથી કહ્યું, મહાશય આપ જે પ્રમેયો ભણાવી રહ્યા છો તે મેં મારી વિદ્યાર્થી અવસ્થામાં જ ઉકેલી નાખ્યા છે. મેં મારી નોટબુકમાં ઉકેલી નાખ્યા છે. જ્યારે આ મહાશય નોટબુક જુએ છે ત્યારે અચરજમાં પડી જાય છે. આ મહાશય ખુદ ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા વિભાગને પત્ર લખી જણાવે છે કે તમે આવા પારંગત વ્યક્તિને મહિના ૨૦ (વીસ) રૂપિયા પગાર આપી કારકૂન રાખો છો તે મોટું દુઃખ છે. ગણિતના આ પ્રોફેસર આગળ જતાં રામાનુજને વિલાયત લઈ ગયા. રામાનુજના અપ્રતિમ ગણિતના જ્ઞાનનો લાભ લેવા ભારે પગાર આપી વિદેશ લઈ ગયા અને પોતે આજીવન રામાનુજના વિદ્યાર્થી બની ગયા. આમ વિદ્યાર્થીએ સમજી લેવું જોઈએ કે આપણે બી.એ. પાસ થઈ ગયા એટલે આગળ ભણવાનું કશું બાકી રહેતું નથી એમ માનવું નહિ. સતત જ્ઞાન મેળવતા રહેવું જોઈએ.

**ચારિત્ર્યનું મહત્વ**

માનવીમાં જો ચારિત્ર્ય, નૈતિકતા ન હોય તો પ્રાપ્ત કરેલી તમામ વિદ્યા ફોગટ જાય છે. વિદ્યા તલવારની ધાર જેવી છે પણ એનો સઘળો આધાર તેને ધારણ કરવાવાળા પર અવલંબિત છે કારણ કે અભણ માણસ કોઈને છેતરતો નથી. કોઈને કેમ છેતરવા એની તેને સમજ પડતી નથી. આપણે ભણેલા-ગણેલા લોકો પાસે બીજાને છેતરવાની ચતુરાઈ કે યુક્તિ-પ્રયુક્તિ હોય છે. આમ ભણેલા વ્યક્તિમાં જો શીલતા સદાચાર હોય તો તે બીજા માણસ સાથે લબડાઈ કે છેતરામણી કરી શકે નહિ. આમ માણસમાં નૈતિકતાનું મૂલ્ય શિક્ષણ ખૂબ જ મહત્વનું છે. ભણેલા-ગણેલા નૈતિક્તાથી જીવન જીવે તે ખૂબ જ જરૂરી છે. વિદ્યાના શસ્ત્ર માટે શીલતા અને નૈતિકતા ખરો આધાર છે.

**વિદ્યાર્થીજીવન અને રાજકારણ**

વિદ્યાર્થીઓએ વિદ્યાનો ઉપયોગ માત્ર પોતાના પેટ ભરવા પૂરતો ન કરવો જોઈએ. સ્પૃશ્ય સમાજની સરખામણીએ તમારી મુશ્કેલીઓ ઘણી વધારે છે. તમારે ભણી-ગણીને પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. બધી રીતે તમારો માર્ગ કાંટાળો છે. કયા ઉપાયથી આ માર્ગ સહેલો બનાવી શકાય તે તમારે વિચારવું પડશે. આપણે બધાએ સંગઠન કરી એકતા ઊભી કરવી પડશે. સમાજમાં આ ભેદભાવની નગરીના કિલ્લામાં ક્યાંક તો તિરાડ પડ્યા વગર રહેવાની જ નથી. વિદ્યાર્થીઓએ વ્યક્તિગત સ્વાર્થ છોડી સંગઠન ઊભું કરવું પડશે. વ્યક્તિગત સ્વાર્થ છોડી સમાજના હિતને ધ્યાને લેવું જોઈએ. જો આપણે એક થઈ કંઈક કરીશું તો આપણા સમાજ પર હજારો વર્ષોથી થતા જુલમ અત્યાચારોનું નિવારણ થઈ શકશે. આપણે આપણા શીલ, શિસ્ત, સંગઠન દ્વારા સમાજની ઉન્નતિ કરવી જોઈએ.

ડૉ. આંબેડકરનું જીવન સમગ્ર ભારતમાં જ નહિ પણ વિશ્વના કરોડો દલિતો, પીડિતો, વંચિતો, શોષિતો માટે દીપક સમાન છે. તેમના વિચારો સમાજને વિકાસના માર્ગે લઈ જાય છે. કેળવણીની કેડીએ આંબેડકરજીનું જીવન અને વિચારો શ્રેષ્ઠતમ માનવમૂલ્યોને ઉજાગર કરે છે.

ડૉ. આંબેડકરના જીવન અને કવન માટે કવિ કુતુબ 'આઝાદ' ની કાવ્યપંક્તિઓ અર્પણ હજો.....

*ઉકેલે છે ઘણાં મહેનત કરી અઘરી સમસ્યાઓ,*
*ઘણાં જોતા રહે છે જિંદગીભર હસ્તરેખાઓ.*
*નથી પુરુષાર્થ કંઈ કરતાં, નથી કરતાં પ્રયાસો કંઈ,*
*કરી શકતાં નથી સાકાર તેઓ કોઈ સ્વપ્નાઓ.*
*હશે જો ધ્યેય લોખંડી તો મંઝિલ પણ મળી જશે,*
*ભલેને માર્ગમાં કોઈ કરે કંટક પથારાઓ.*
*કસોટીનાં સમય ટાણે પરાયા કામ નહિ આવે,*
*બધા છે સ્વાર્થનાં સાથી અમારાને તમારાઓ.*
*પ્રભુને જ્યાંને ત્યાં શોધો નહીં દિલમાં વસે છે એ,*
*ધૂતારાઓ લઈ બેઠા છે ઈશ્વરનાં ઈજારાઓ.*
*કદી તૂફાનમાં મરશું તો સ્વાગત ભવ્ય થવાનું,*
*કિનારે લાશને મૂકી જાશે આવીને મોજાઓ.*
*પ્રવાહોને સમયનાં ઓળખી 'આઝાદ' જે ચાલે,*
*ગમે તે ક્ષેત્રમાં જઈને બને છે એ વિજેતાઓ.*

# ભણતરમાં ભાર

**ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા**
એસોસિએટ પ્રોફેસર, એમ.બી.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભવિદ્યાનગર.
૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦. તા.જિ. આણંદ.

'ભાર' એટલે વજન, તકલીફ પડવી, જવાબદારી વધવી એવા કેટલાંક અર્થના સંદર્ભે ભણતરમાં ભાર અંગે વિચારી શકાય. વિદ્યાર્થીઓના સંદર્ભે ભણતરનો ભાર એટલે શારીરિક ભાર (દફતરનો ભાર) અને માનસિક ભાર (ગૃહકાર્ય, સ્વાધ્યાયકાર્ય, પરીક્ષા, પ્રવૃત્તિલક્ષીકાર્ય વગેરેનો) વિચાર થઈ શકે.

વર્તમાન સમયે વિદ્યાર્થીઓના દફતરનો ભાર (વજન) તેના વજનથી વધુ જોવા મળે છે. શક્તિ કરતાં વધારે ઉંચકવું પડે એટલે ભાર લાગે. પ્રથમ દફતરના ભાર અંગે વિચારીએ.

**કારણો અને ઉપાયો :**

**બધાં જ વિષયોનાં પાઠ્યપુસ્તકો, નોટબૂકો, ગાઈડો, અપેક્ષીતો, બીજી માર્ગદર્શિકાઓ વિદ્યાર્થીઓના દફતરમાં જોવા મળે છે.**

● શાળામાં બધાં જ વિષયોના પાઠ્યપુસ્તકો લઈ જવાની ખરેખર જરૂર હોતી નથી. ભાષાના વિષયો સિવાય બીજા વિષયો ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, વ્યાયામ જેવા વિષયોના પાઠ્યપુસ્તકો લઈ જવાના ન હોય. ભાષાના શિક્ષણકાર્ય દરમિયાન વાચન-પઠન કે ગાન થતું હોય ત્યારે જ પુસ્તક ખુલ્લું રાખવાનું હોય ત્યારબાદ શિક્ષકે અને વિદ્યાર્થીએ પુસ્તક બંધ કરીને શિક્ષણકાર્ય કરવાનું હોય. ભાષા સિવાયના વિષયોનું શિક્ષણકાર્ય પાઠ્યપુસ્તક સિવાય જ વર્ગમાં થવું જોઈએ. તે વિષયોના પાઠ્યપુસ્તકો ઘરે અભ્યાસ કરવા, ગૃહકાર્ય કરવા, સ્વાધ્યાયકાર્ય માટે ઉપયોગમાં લેવાના હોય. આમ પાઠ્યપુસ્તકો ઓછા લાવવાના થાય તો ભાર ઘટે.

● જે વિદ્યાર્થીઓ શાળાની નજીકથી આવતા હોય - ગામડાંમાં તો ખાસ મોટી રીશેષમાં ઘરે જઈ શકે તેવી વ્યવસ્થા રાખવી જોઈએ. જેથી રીશેષ પહેલાંના તાસના પુસ્તકો-નોટબુકો-સામગ્રી સવારે લઈને આવે અને રીશેષ પછીના તાસના પુસ્તકો-નોટબુકો-સામગ્રી રીશેષમાં ઘરે જઈને લઈ આવે તો દફતરનો ભાર ઘટે.

● ગાઈડો, અપેક્ષિતો, બીજી માર્ગદર્શિકા સામગ્રીઓ વિદ્યાર્થીને વાપરવી ન પડે તે અંગે શાળા-આચાર્ય-શિક્ષકોએ વિચારવું જોઈએ. સરકારે તે પર પ્રતિબંધ મૂકવો જોઈએ. શિક્ષકના શિક્ષણ કાર્ય પર અવિશ્વાસ એટલે ગાઈડો - અપેક્ષિતો - અન્ય તૈયાર સામગ્રીનો ઉપયોગ. આ માટે શિક્ષકોએ ચીલાચાલુ ટોક અને ચોકનું શિક્ષણ બંધ કરવું પડે. તેના બદલે વર્ગકાર્યમાં વધુને વધુ સાંકળી શકાય તે માટે વિવિધ પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ, સાધનો, પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને શિક્ષણ કાર્ય કરવું જોઈએ. એકમના મુદ્દાઓ વિદ્યાર્થીઓ સમજી શકે. વર્ગમાં સ્પષ્ટ થાય, તેવું શિક્ષણ અનિવાર્ય છે. વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી કરવી પડે તેવું શિક્ષણ ગાઈડો તરફ દોરી જાય છે. શાળામાં વિદ્યાર્થીઓ ગાઈડો લાવે તે કેટલું યોગ્ય ? તે અંગે શાળાઓએ વિચારવું જોઈએ.

**વિદ્યાર્થીઓના દફતરમાં ટ્યૂશનની નોટબૂકો-સામગ્રી પણ જોવા મળે છે. કેટલાંક વિદ્યાર્થી ટ્યૂશનમાંથી સીધા શાળાએ આવતા હોય અથવા શાળાએથી સીધા ટ્યૂશનમાં જતા હોય તેમ પણ બનતું હોય છે. બીજી બાબત ટ્યૂશનનું ગૃહકાર્ય કરવા શાળામાં નોટબુકો લઈ આવે. જે શિક્ષકના શિક્ષણકાર્યમાં રસ ન પડે, જે શિક્ષક વર્ગમાં ધ્યાન ન રાખતાં હોય તેના શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓ ટ્યૂશનનું ગૃહકાર્ય કરતાં હોય છે.**

● ટ્યૂશનમાં વિદ્યાર્થીએ જવું પડે એટલે શાળામાં અપાતું શિક્ષણની અયોગ્યતા - અવિશ્વાસ, શાળાના શિક્ષણકાર્યમાં દેખાતી ઊણપો ટ્યૂશન તરફ દોરી જાય છે. વિદ્યાર્થીઓને સ્વશિક્ષણ જાતે શીખતા કરવાની પ્રયુક્તિનો અભાવ; વિષયવસ્તુના સ્પષ્ટીકરણનો અભાવ, એકમના મુખ્ય વિચારની

સમજનો અભાવ, ટ્યૂશન તરફ દોરે છે. વાસ્તવમાં ટ્યૂશન ક્લાસીસોમાં પણ તેનો અભાવ છે જ. ત્યાં પરિણામલક્ષી શિક્ષણ અપાય છે. પરીક્ષામાં વધુ ગુણ એ જ સફળતા એમ મનાય છે. બીજી બાબત દેખા-દેખી પણ ટ્યૂશન તરફ બાળકોને દોરે છે. આ માટે ટ્યુશન ક્લાસીસો બંધ કરાવવા જરૂરી છે. શિક્ષકો સારું શિક્ષણકાર્ય કરે તે અનિવાર્ય છે.

● ટ્યૂશન તરફ જવામાં મા-બાપનો પણ મોટો ફાળો છે તેઓ તેમના બાળકો સાથે શિક્ષણ સંદર્ભે જોડાઈ શકતા નથી. જે અભણ છે તેઓ માટે આમ થવું શક્ય છે. પણ જે શિક્ષિત છે તેઓ આમ કરે તે યોગ્ય નથી. મા-બાપે પોતાના બાળકના શિક્ષણકાર્યમાં રસ લઈ તેની સાથે વાચન, લેખન પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ. બાળકો વાંચે તે માટે તેઓ સાથે વાચવામાં આવે તો તેમાં વધુ સારી પ્રગતિ થશે. જ્યાં બાળકોને સમજ ન પડે ત્યાં તેઓ સમજાવવા માટેની તૈયારી મા-બાપે રાખવી જોઈએ.

**વિદ્યાર્થીઓના દફતરમાં અન્ય સામગ્રીઓ કંપાસ, રંગપેટી, નાસ્તા, પાણીનો ભાર પણ હોય છે.**

● કંપાસ પેટી, રંગપેટીની જરૂર હોય ત્યારે જ તે શાળામાં લઈ આવે તેવું શિક્ષકે સૂચના આપવી. માર્ગદર્શન આપવું. કંપાસપેટી ભૂમિતિના શિક્ષણકાર્યમાં ઉપયોગી બને છે. જ્યારે રંગપેટી ચિત્રના શિક્ષણકાર્યમાં ઉપયોગી બને છે. જ્યારે આ વિષયોના તાસ હોય ત્યારે જ તે લઈ આવે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. શાળામાં દરરોજના સાધનોમાં પેન, પેન્સિલ, રબર અને ફૂટપટ્ટી જ જરૂરી હોય. બાકીની વસ્તુ ન લાવે તો ચાલે.

● નાસ્તા-પાણીનો ભાર. નાસ્તા માટે મોટી રીશેષમાં નજીકમાં રહેતા વિદ્યાર્થીઓને ઘરે જવાની છૂટ આપવી જોઈએ. ગામડામાં ખાસ આ વ્યવસ્થા કરવી જોઈએ. જ્યાં મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા હોય ત્યાં નાસ્તો ન લાવે તેવી સૂચના આપવી જોઈએ. જો વાલીઓ સંમત થાય તો શાળા નાસ્તો આપે તેવી વ્યવસ્થા પણ કરી શકાય. શાળામાં સ્વચ્છ પાણી વિદ્યાર્થીઓને મળી રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. જેથી પાણીની બોટલ લાવવાની વિદ્યાર્થીઓને જરૂર ન પડે.

**માનસિક ભાર :** માનસિક ભારમાં સમજ-સ્પષ્ટતા ન થવી, ગૃહકાર્ય વધુ આપવું. સ્વાધ્યાય કાર્ય કે પ્રોજેક્ટકાર્ય ઘરે કરવા આપવા વગેરે ગણાવી શકાય.

**સમજ-સ્પષ્ટતા ન થવી**

● શિક્ષકો પોતાના વિષયમાં વિદ્યાર્થીઓ સરળતાથી, સહજતાથી રસપૂર્વક ભાગીદાર બને તે માટે પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, શૈક્ષણિક સાધનો, પ્રવૃત્તિઓનો ઉપયોગ કરે છે ખરા ? કથન પદ્ધતિ કેટલે અંશે શિક્ષણને સરળ બનાવે ? શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓનો ભૌતિક અને બૌદ્ધિક સહયોગ લેવા માટે શિક્ષકો શું કરે છે ? આ બધાં પ્રશ્નો વિષયવસ્તુની સમજ-સ્પષ્ટતા માટે વિચારવા જરૂરી છે. વિદ્યાર્થીઓ શિક્ષણમાં ધ્યાન કેન્દ્રિત થાય, વિચાર-તર્ક કરે, સહભાગી બને, ધીરે ધીરે જાતે શીખતા થાય. આમ કરવામાં આવે તો વિષય વસ્તુની સમજ-સ્પષ્ટતાના ભારના લાગે. વાર્તા શીખ્યા પછી તેને નાટક સ્વરૂપે ભજવી શકે. એક વાર્તા શીખ્યા પછી બીજી વાર્તા જાતે શીખે. એક દાખલો ગણાવ્યા પછી બીજો દાખલો જાતે ગણે. પ્રયોગકાર્ય સૂચના પ્રમાણે કરતાં થાય વગેરે કાર્ય માનસિક ભાર ઘટાડશે જ.

**ગૃહકાર્યનો ભાર લાગે છે :**

● શાળામાં જેટલો તાસ તેટલા વિષયોનું ગૃહકાર્ય વિદ્યાર્થીએ કરવાનું હોય. ગૃહકાર્ય એટલે જે શીખ્યા તેનું દૃઢીકરણ થાય તે માટેનું કાર્ય. આ ભાર વિષયવસ્તુની સ્પષ્ટતા ન થાય, સમજ ન પડે ત્યારે વિશેષ લાગે છે. માટે શિક્ષકો એ આ સંદર્ભે વિચારી - ચિંતન કરી શિક્ષણકાર્ય કરવું જોઈએ. બીજું વધારે પડતું ગૃહકાર્ય ન આપવું જોઈએ. મારા મતે શાળાના સમય કરતાં ઓછા સમયમાં અડધા સમયમાં વધારેમાં વધારે ૨ કલાકમાં ગૃહકાર્ય કરી શકે તેટલું ગૃહકાર્ય આપવું જોઈએ.

● ટ્યૂશન ક્લાસીસો અને શાળા બંનેના ગૃહકાર્ય કરવાના થાય તો પણ ગૃહકાર્યનો ભાર વધે છે. માટે જ ટ્યૂશન ક્લાસીસોમાં વિદ્યાર્થીઓને ન મૂકવા જોઈએ.

● શિક્ષણમાં પુનરાવર્તન જરૂરી છે. થોર્નડાઈક કહે છે કે વારંવાર પુનરાવર્તનથી વિશેષ અને ઝડપથી શીખી શકાય છે. મહાવરો જ સારું શીખવે છે. આ માટે શાળામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓએ એકાદ કલાક રમ્યા બાદ કે બીજી કોઈ

રસ હોય તેવી પ્રવૃત્તિ કર્યા બાદ ગૃહકાર્યમાં જોડાવું જોઈએ. મા-બાપે પણ બાળકો સાથે વાચન-લેખન કરવું જોઈએ. જેથી બાળકોને ગૃહકાર્યનો ભાર લાગશે નહિ.

**સ્વાધ્યાય કાર્ય - પ્રોજેક્ટકાર્યનો ભાર લાગે છે :**

● શાળામાં સ્વાધ્યાયપદ્ધતિ કે પ્રોજેક્ટ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવું જોઈએ પણ તે સંદર્ભે વિદ્યાર્થીએ ઘેર વિશેષ કાર્યો ન કરવા પડે તે અંગે વિચારવું જોઈએ. જો તે સંદર્ભે કાર્ય અપાય તો તે ગૃહકાર્ય સંદર્ભે જ આપવું જોઈએ.

શિક્ષણનો ભારમાં મા-બાપની મહત્ત્વાકાંક્ષાઓ, સ્વાર્થ અપેક્ષાઓ પણ ભાગ ભજવે છે. મારું સંતાન આગળ રહે. સારા ટકા લાવે, પૈસા કમાઈ શકે તેવા વ્યવસાયમાં જાય, પરદેશ જાય આવી અપેક્ષાઓ પણ ભણતરનો ભાર વધારે છે. શિક્ષકો અને મા-બાપે વિચારવું જોઈએ કે વિદ્યાર્થીની ઉંમર પ્રમાણે, તેની શક્તિ-કૌશલ્યો પ્રમાણે તે જે કાર્યો કરી શકે તે કાર્યોમાં તેને આગળ લઈ જવા પ્રયાસો કરવા જોઈએ. તે સાથે તેને આનંદ મળે તે માટે પણ સમય ફાળવવો જોઈએ.



આપ સૌ તૈયાર થયાં છો.આ બધા પર સિરમોર ચારિત્ર્યની છે. If you lost money nothing you lost, If you lost wealth you can gain if but If you lost character, everything you lost.

ચારિત્ર્ય ઘડતરમાં કૃતજ્ઞતા, નમ્રતા, તેજસ્વીતા, ભાવમયતા અને અસ્મિતા આવે નહીં. સામાન્યઃ વિદ્યાર્થી અહમ અસારવા વિદ્યાલયસ્ય છાત્રઃ નો ભાવ  દયમાં ધરી પરીક્ષા આપો. આપને ઈશ્વર જરૂર ઝળહળતી ફતેહ અપાવશે જ. શાળાકીય શૈક્ષણિક કાર્ય દરમિયાન શિક્ષકો દ્વારા, આચાર્યો દ્વારા ધમકાવ્યા હશે, કટુવચનો કદાચ કહ્યાં હશે તેને દિલમાં ના ધરી અહીં જ દફનાવી આગળ વધો એવી પ્રાર્થના સાથે મારી વાણીને વિરામ આપું છું. પુનઃ સર્વેનો આભાર ધન્યવાદ.

*સર્વે ભવન્તું સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ*
*સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત દુઃખમ્ આપ્નુયાત્ ॥*


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ?, આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે ?, આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ?, આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે. વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવા વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂા. : ૧૫૦/- ● આજીવન રૂા. : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# દીક્ષાન્ત પ્રવચન

**ચંદ્રવદન સનતકુમાર વ્યાસ**
સારસ્વત - અસારવા વિદ્યાલય
એમ.એ., બી.એડ., ઉપાધ્યક્ષ - વનિતા વિશ્રામ



દયસ્થ ડૉ. રઘુભાઈ સદૈવ સ્મરણીય અપ્રત્યક્ષ મુ.શ્રી. જશીબહેન, મંડળના મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ, ઉપમંત્રી શ્રી, પ્રત્યક્ષ કર્મયોગિની શ્રી તૃપ્તિબહેન, અધ્યાપકગણ, શાળા જીવન જીવી પૂર્ણતાના આરે પરીક્ષારૂપી વૈતરણી પાર કરવા તત્પર ધો.૧૨ ના વિનીત મિત્રો.

આજ આનંદની ઘડી છે અમે પણ ગળામાં રિબન વાળી ટાઈ સાથે, શાળાના સિમ્બોલ ચક્ર સાથે 'સંતને મારગ હાલ્યો જા તારે માથે રામના રખવાળા કહી' ગુરુવર્યોએ આશીર્વચન વૃષ્ટિ કરી વિદાય આપેલી. આપ શાળાકીય શૈક્ષણિક કારકિર્દી બનાવવા જઈ રહ્યા છો ત્યારે મને આપની સન્મુખ ઉપસ્થિત રાખી દીક્ષાન્ત શબ્દો દ્વારા વિદાય આપવા આમંત્ર્યો તે બદલ બધાનો ઋણી રહીશ.

વિનીત કેવો અદ્‌ભુત શબ્દ છે. સાર્થકોશ અનુસાર વિનીત એટલે વિવેકી, સૌમ્ય, નરમ અને હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરી જીવનલક્ષી શાખા તરફ મીટ માંડી આગળ ધપનાર વિદ્યાર્થી. પ્રાચ્યકાલિન વિનીત નગર કે ગ્રામમાં પ્રવેશે ત્યારે અશ્વારુઢ રાજા કે મુખી નીચે ઊતરી સન્માન આપતો કારણ કે અત્યંત કષ્ટો સહી તેણે વિદ્યા કમાઈ છે તેથી તે વિદ્યાર્થી છે. એ સમયે નગર બહાર જંગલમાં આશ્રમો હતા જ્યાં વિદ્યાર્થી ગુરુ સાથે અંતેવાસી બની સતત વિદ્યાર્જન સ્વાધ્યાય કરતો. કૃષ્ણ-સાંદિપનીને ત્યાં રહી, રામ-વિશ્વામિત્ર, આરુણી-ઉદ્દાલક, કર્ણ-પરશુરામ, દ્રોણનાં આશ્રમમાં રહી અર્જુન બાણાવળી બન્યો. આજે ટ્રેન્ડ બદલાયો છે. કુટુંબ-ઘર-શાળા-સમાજનાં પર્યાવરણમાં રહી અધ્યયન-અધ્યાપન થઈ રહ્યું છે. સામે ભૌતિક પ્રલોભનો પણ કેટલાં ? આવા વાતાવરણમાં સખત પરિશ્રમ, એકાગ્રતા જ ધાર્યું પરિણામ અપાવી શકે. આપણે પર્સન્ટેજ અને પર્સન્ટાઈલમાં વહેંચાઈ ગયા છીએ. આપને ઉત્તમ પ્રાપ્તાંક મળે, કારકિર્દી ઉજ્જવલ બને, આપના અને આપના વાલીગણના સપના સાકાર થાય એવી મનોગત કામના.

પ્રાચીન દીક્ષિત સમારોહમાં વિદ્યાર્થીને દીક્ષા આપતા કહેતાં કે "યે કે ત્વં અનુચ્ય અનુશાસ્તિ । સત્યંવદ્ ધર્મં ચર, સ્વાધ્યાયત્ મા પ્રમદઃ દેવ પિતૃકાર્યાભ્યાં મા પ્રમદિતવ્યમ્, કુશલાત ન પ્રમદિતવ્યમ્, યાનિ અનવદ્યાનિ કર્માણિ સેવિતવ્યાનિ નો ઈતરાણિ, યાનિ અસ્માકં સુચરિતાનિ ત્વયા ઉપાસ્યાનિ નો ઈતરાણિ જેવા શબ્દોથી તેના પર અભિષેક કરતાં, જેથી વિદ્યાનું વ્યવહારુ સ્વરૂપ, શાસ્ત્રીય જ્ઞાન, પ્રયોગાત્મજ્ઞાન, જીવન જીવવાની કલા એનો વિનિયોગી સર્વગુણ સંપન્ન બનાવતા. વિદ્યાર્થી તેનું આકલન કરતો. અભિભૂત થઈ જીવન ઘડતો.

વિદ્યારૂપી ધન દ્વારા સંપત્તિ-યશ અને મોભો મેળવતો. ધૂમકેતુએ યથાર્થ કહ્યું છે કે "વિદ્યા જીવનમાં સંસ્કાર પૂરવા માટે છે જે દિવસથી વિદ્યાનો બજારુ (Marketing) અર્થોપાર્જન માટે ઉપયોગ થશે તે દિનથી વિદ્યા વંધ્યા (વાંઝણી) બનશે. આજે વિદ્યાનો આવો જ ઉપયોગ થઈ રહ્યો છે. વિદ્યા શ્રવણ, મનન, આકલન અને નિદિધ્યાસન દ્વારા અર્જિત કરી શકાય. જે તમે કરી ચૂક્યા છો હવે તેને પરીક્ષારૂપી એરણ પર ચડાવવાની છે. સોનું ચાર રીતે પરખાય તાપઃ - તપાવવું, તાડનઃ ટીપવું, છેદન-કાપ મૂકવો, નિર્ઘષણ - ઘસવું એમ વિદ્યાપણ જ્ઞાનેન, ગુણેન, શીલેન પારખી શકાય. અભ્યાસક્રમ દ્વારા સાંપડેલું જ્ઞાન, વારંવાર પુનરાવર્તનથી દઢ થયેલા ગુણો અને શિક્ષકો દ્વારા થયેલું ચારિત્ર્ય ઘડતર જેમ કુંભાર અંદર અને બાહ્ય માવજત દ્વારા ટપલા મારી કુંભ કે ઘડો તૈયાર કરે છે એમ

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

- **ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા માટે ૧૮.૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે નોંધાયા :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષામાં ૧૮.૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીએ ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓ વધ્યા છે. ધો. ૧૦ના કુલ પરીક્ષાર્થીઓમાં ૪૫૪૨૯૭ વિદ્યાર્થિનીઓ અને ૭૦૫૪૬૫ વિદ્યાર્થીઓ છે. જ્યારે ધો. ૧૨ સાયન્સમાં આ વર્ષે ૧૪૭૩૦૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૫૩૩૬૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આમ આ વર્ષે માર્ચ ૨૦૧૯ની બોર્ડની પરીક્ષામાં ધો.૧૦, ધો. ૧૨ ના કુલ ૧૮૪૦૬૯૦ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીએ ૧,૨૫,૭૦૬ વિદ્યાર્થીઓ આ વર્ષે વધુ છે. માર્ચ ૨૦૧૮ની પરીક્ષામાં ૧૭૧૪૯૮૯ વિદ્યાર્થીઓ હતા.
- **બોર્ડ પરીક્ષામાં ૬૫૦થી વધુ સંવેદનશીલ - અતિસંવેદનશીલ કેન્દ્રો :** આ વર્ષે ધો.૧૦ અને ધો. ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૬૫૦થી વધુ સંવેદનશીલ અને અતિ સંવેદનીલ કેન્દ્રો બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવ્યા હતા. ગયા વર્ષના માસ કોપી કેસના કેટલાક કેન્દ્રોને આ વર્ષે બોર્ડે રદ કર્યા છે. જ્યારે જે કેન્દ્રો રદ નથી કરી શકાય તેને અતિસંવેદનશીલ કેટેગરીમાં મૂક્યા છે. બોર્ડ પરીક્ષામાં ગેરરીતિના કેસો રોકવા માટે સ્થળ સંચાલકથી માંડી વિદ્યાર્થીની સજાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. ગેરરીતિમાં સંડોવણી બદલ ઓછામાં ઓછી છ માસની સજા અને બે લાખ સુધીનો દંડ નક્કી કરાયો છે. કોપી કેસ રોકવા માટે અને વિદ્યાર્થી ગેરરીતિ કરતા અટકે તે માટે જરૂરી તમામ સૂચનાઓ અને નક્કી કરાયેલી સજાઓ પણ બોર્ડે વિદ્યાર્થીની રિસિપ્ટ પાછળ છાપી છે.
- **૧૧૫ કેદીઓ બોર્ડ પરીક્ષામાં નોંધાયા :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે ધો.૧૦ અને ૧૨ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષામાં વિવિધ મુખ્ય જેલમાં સજા કાપી રહેલા કેદીઓને પણ પરીક્ષા આપવાની તક અપાય છે. જે માટે બોર્ડ દ્વારા વ્યવસ્થા કરાય છે. અને તે માટે પરીક્ષા કેન્દ્ર ફાળવાય છે. આ વર્ષે ધો.૧૦માં ૮૯ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૬ જેટલા કેદીઓ પરીક્ષાર્થી તરીકે નોંધાયા છે. જેમાં અમદાવાદ મધ્યસ્થ જેલના સૌથી વધુ કેદી છે.
- **ગુજરાતી ભાષાની કમનસીબી એક થી દોઢ લાખ વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં નાપાસ થાય છે :** ધો.૧૦માં બોર્ડની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ગુજરાતી માધ્યમના ૧૦૬૬૭૮ વિદ્યાર્થીઓ ગયા વર્ષે નાપાસ થયા હતા. જ્યારે અગાઉના વર્ષે દોઢ લાખથી વધુ અને ૨૦૧૭માં બે લાખથી વધુ વિદ્યાર્થીઓ ગુજરાતીમાં નાપાસ થયા હતા. આમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ જ સૌથી વધુ નાપાસ થાય છે. બીજી બાજુ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ ગુજરાતીમાં ઓછા નાપાસ થાય છે.
- **ખાનગી પ્રાથમિક શાળામાં ૮૬૮૦ શિક્ષકો લાયકાત વિનાના :** રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૮૬૮૦ શિક્ષકો લાયકાત વિનાના છે. શિક્ષણ વિભાગે આવા બિનતાલીમી શિક્ષકોને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈ મુજબની તાલીમ મેળવવા સૂચના

આપવામાં આવી છે.

- **વિદ્યાર્થી સ્ટાફ રેકર્ડની જાળવણી હવે તમામ શાળાઓએ ફરજિયાત કરવી પડશે :** ગુજરાત શિક્ષણ બોર્ડના નિયમ મુજબ હાલ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓથી માંડી શિક્ષકો સહિતના સ્ટાફની તમામ પ્રકારની માહિતી નિશ્ચિત સમય સુધી જાળવવાની હોય છે તેનો રેકોર્ડ નિયમ મુજબ સાચવવાનો હોય છે. પરંતુ ખાનગી શાળાઓ માટે આવો કોઈ નિયમ ન હોવાથી બોર્ડની સામાન્ય સભાની બેઠકમાં બોર્ડ સમક્ષ તમામ શાળાઓ માટે ફરજિયાત રેકર્ડ જાળવણીનો નિયમ કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી જેને બોર્ડ સ્વીકારી લીધી છે. પ્રાથમિક અભ્યાસના અંતે, માધ્યમિક અભ્યાસના અંતે અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસના અંતે વિદ્યાર્થીઓનો રેકોર્ડ જાળવવો જરૂરી છે. આ ઉપરાંત શિક્ષકો સહિતના તમામ સ્ટાફની અને શાળાને લગતી અન્ય માહિતીનો શાળાએ રેકર્ડ રાખવાનો હોય છે. જેમાં વિદ્યાર્થીઓના એલસી સહિતનો રેકર્ડ દરેક શાળાએ આજીવન સાચવવાનો હોય છે. જ્યારે કેટલાક રેકર્ડ દસ વર્ષ માટે કે કેટલાક રેકોર્ડ ત્રણ વર્ષ માટે સાચવવાના હોય છે. હવે શાળા રેકર્ડની જાળવણી બાબતે ગ્રાન્ટેડ ખાનગી શાળાઓ માટે ઠરાવ કરવામાં આવશે.
- **એમસીઆઈ દ્વારા ગુજરાતમાં નવી મેડિકલ કૉલેજને મંજૂરી અપાઈ :** એમસીઆઈ દ્વારા ગુજરાતમાં નવી ખાનગી મેડિકલ કૉલેજને મંજૂરી આપવામાં આવી છે. જેને પગલે ગુજરાતમાં મેડિકલમાં એમબીબીએસની ૧૫૦ બેઠકો વધી છે. એમસીઆઈ દ્વારા વિસનગર, નડિયાદ, દાહોદ, પાલનપુર અને અમરેલીમાં નવી મેડિકલ કૉલેજમાં ઈન્સપેકશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત હિંમતનગર અને વડનગરની કૉલેજમાં રિન્યૂઅલ પરમિશન માટે ઈન્સપેકશન હાથ ધરાયુ હતું. જ્યારે સરકારી કૉલેજોમાં સૂરત, વડોદરા અને જામનગરની કૉલેજો દ્વારા બેઠક વધારાની અરજી કરાઈ હતી. તે માટે પણ ઈન્સપેકશન કર્યું હતું. ઈન્સપેકશનની પ્રક્રિયા બાદ એમસીઆઈ દ્વારા તાજેતરમાં દેશમાં ૪૦ જેટલી નવી કૉલેજોને મંજૂરી અપાઈ છે. ગુજરાતમાં હાલ વિસનગરમાં ૧૫૦ બેઠકો સાથેની એક ખાનગી નવી મેડિકલ કૉલેજને મંજૂરી અપાઈ છે.
- **અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સીસીટીવી કેમેરા, સ્માર્ટ ક્લાસ રૂમ બનશે :** અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓને આધુનિક બનાવવા માટે આ વર્ષે બજેટમાં ૪૫૪ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. દરેક તાલુકાની ૧૦ શાળાઓમાં સીસીટીવી કેમેરા મૂકવા તેમજ બાયોમેટ્રિક સિસ્ટમથી આંખની કીકી થકી શિક્ષકોની હાજરી પૂરવાની પણ સુવિધા ઊભી કરવામાં આવશે. સ્માર્ટ કલાસરૂમની સાથે બાળકોને ખુલ્લામાં ભોજન ન લેવું પડે તે માટે શેડ બનાવવામાં આવશે સાથે સાથે વિજ્ઞાન-સામાન્યજ્ઞાનના રૂપિયા એક લાખના પુસ્તકો ખરીદવામાં આવશે. આ રીતે જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓની કાયાપલટ કરવા તેમજ બાળકોની શિક્ષણ પ્રત્યેની રૂચિ વધે તે માટે સઘન પ્રયાસો હાથ ધરાશે.

**ટૂંકાવીને...**

- મેડિકલ અભ્યાસ માટે ગુજરાતમાં સતત વધતો ધસારો. ઈજનેરી માટે ઘટી રહેલ ક્રેઝ
- સીએસ પ્રોફેશનલ અને એક્ઝિક્યુટિવનું રિઝલ્ટ ઘટ્યું, અમદાવાદમાંથી ત્રણ વિદ્યાર્થીઓ દેશમાં રેન્કર. અમદાવાદ સેન્ટરનું એક્ઝિક્યુટિવનું માત્ર ૧.૯૨ ટકા પરિણામ અને પ્રોફેશનલનું પાંચ ટકા જ પરિણામ.
- બ્રિટિશર્સે બેન કરેલા ગાંધીજીના પુસ્તકનું વિકિસ્રોત ઉપર ડિજિટલાઈશેન થયું.
- સરકારે પ્રાથમિક શિક્ષકોની માંગણી સ્વીકારી. ફિક્સ પગારની નોકરી બઢતીમાં ગણાશે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

















આવકાર
મીતાબેન મહેતા


રીયૂનિઅન
શા માટે ?
કલ્પેશભાઈ પટેલ


આપનો સાથ
આપણો વિકાસ
આશાબેન વૈદ્ય


રિયૂનિઅનના
મંગલાચરણ
હેતલબેન શાસ્ત્રી


મને કેમ વિસરે રે
જસુબેન પટેલ


મને કેમ વિસરે રે
ઈન્દિરાબેન શાહ


મને કેમ વિસરે રે
હર્ષિદાબેન મહેતા


મને કેમ વિસરે રે
દિપ્તીબેન શાહ


મને કેમ વિસરે રે
એકતા ડોડિયા



આશીર્વચન
ઉપેન્દ્રભાઈ પટેલ


આભાર સૌનો
હેતલબેન દવે


ઉદ્‌ઘોષક
મૃણાલબેન ઓઝા

ઘરશાળા
એપ્રિલ - ૨૦૧૯
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# આમારા જીબન-ઈ આમાર બાની



ઉમાશંકર જોશી
(૧૯૧૧ ● ૧૯૮૮)

મારું જીવન તે મારી વાણી;
બીજું તે તો ઝાકળપાણી.
મારા શબ્દ ભલે નાશ પામો,
કાળઉદર માંહી વિરામો,
મારાં કૃત્ય બોલી રહે તોય
જગે કેવળ સત્યનો જય.
મારો એ જ ટકો આચાર,
જેમાં સત્યનો જયજયકાર.
સત્ય ટકો, છો જાય આ દાસ;
સત્ય એ જ હો છેલ્લો શ્વાસ.
એને રાખવાનું કોણ બાંધી ?
એને મળી રહેશે એનો ગાંધી.
જન્મી માપવો મુક્ત સ્વ-દેશ.
મારું જીવન એ જ સંદેશ.

સમગ્ર કવિતામાંથી સાભાર

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.